# ઓપિનિયન

**यो वै भूमा तत् सुखम्।**

**તંત્રી : વિપુલ કલ્યાણી**

**પુસ્તક : 18 • પ્રકરણ : 11 • સળંગ અંક : 215** | **26 ફેબ્રુઆરી 2013** | **ડિજિટલ અવતાર – પાંત્રીસ**


## શાનો વેપાર કરીશું ? શાસ્ત્રોનો કે શસ્ત્રોનો ?

**• આશા બૂચ**

‘ક્વેકર પીસ મૂવમેન્ટ’[Quaker Peace movement]ની ઉત્તર ઈંગ્લેન્ડમાં સ્થાપના થયાને આ વર્ષે ૧૦૦ વરસ પૂરાં થયાં. બીજા વિશ્વયુધ્ધના નગારાં વાગતાં હતાં, તે સમયે વિલિયમ પેન[William Penn]નું વિધાન : ‘PEACE can only be secured by JUSTICE; never by force of arms.’ મારા મનમાં વિચારોનો વંટોળ પેદા કરી ગયું. વળી ૧૯૩૨-’૩૪ દરમ્યાન, જીનિવામાં વિશ્વ નિ:શસ્ત્રીકરણ સંમેલન મળેલું જેમાં લીગ ઓફ નેશન્સના સભ્ય દેશોએ શસ્ત્રો બનાવવા/વેચવા પર પ્રતિબંધ લાવવાનો અને સંઘર્ષો નિવારવા વૈકલ્પિક માર્ગ લેવા માટે દુનિયાના સભ્ય દેશોને પ્રોત્સાહિત કરેલા. કરુણતા તો એ છે કે તેમ છતાં ય બે વિશ્વયુધ્ધો ખેલાયા અને હજુ હિંસાના ખપ્પરમાં લાખો નિર્દોષના જાન હોમાય છે, એવે સમયે ઉપરોક્ત પ્રશ્ન મનમાં ઉદ્ભવ્યો.



**આશા બૂચ**

આ પ્રશ્ન કોને પૂછવામાં આવે છે તેને આધારે જવાબ મળશે, ભાઈ. બુદ્ધિજીવીઓ, શિક્ષણ અને સમાજ ઘડતરના કાર્યક્ષેત્રમાં પડેલાઓ, યુવાપેઢીને અને આમ જનતાને પૂછશો તો કહેશે, શાસ્ત્રોનો જ વેપાર કરવો હોય ને ભલા, આ તે કઈ પૂછવાની બાબત છે?

સત્તાધારીઓ, રાજકારણીઓ, ભારે ઉદ્યોગોના માલિકો અને કેટલાક અંતિમવાદીઓને ભૂલેચૂકે પણ પૂછશો, તો જોરશોરથી કહેશે, શસ્ત્રોનો વેપાર કરીએ છીએ અને કરશું; અમને પૂછનાર તમે કોણ?

શાસ્ત્રોનો વેપાર ન હોય. એમાં સંચિત જ્ઞાનનું આદાન-પ્રદાન યુગોથી થતું આવ્યું છે. ઈજિપ્ત, મેસોપોટેમિયા, ચીન અને સિંધુ ખીણની સંસ્કૃતિઓ જ્યારે પૂર્ણ કળાએ ખીલી રહી હતી, ત્યારે બીજા દેશોમાંથી જ્ઞાન પિપાસુ વિદ્યાર્થીઓ અને અભ્યાસુઓ યોજનો દૂર શાત્રાભ્યાસ કરવા જતા.

ત્રણેક હજાર વર્ષ પહેલાં ભારતમાં તક્ષશિલા અને પાંચમી સદીમાં નાલંદા વિશ્વવિદ્યાલયમાં દેશ પરદેશથી આવતા વિદ્યાર્થીઓ વિવિધ વિષયોમાં નિપૂણતા પ્રાપ્ત કરતા. ૧૧મી અને ૧૩મી સદી દરમ્યાન બ્રિટનની ઓક્સફર્ડ અને કેમ્બ્રિજ યુનિવર્સિટી માટે જગત ભરમાં ભારે આકર્ષણ હતું. આજે હવે અમેરિકાની યેલ, કેલિફોર્નિયા કોલેજ ઓફ ટેકનોલોજી અને હાર્વર્ડમાં પ્રવેશ મેળવવા અને અભ્યાસ કરવા બહુ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તનતોડ મહેનત કરે છે.

શાસ્ત્રોના અધ્યયન અને અધ્યાપનથી અગણિત ફાયદાઓ થયા છે. જ્ઞાન વહેંચવાથી વૃદ્ધિ પામતું રહ્યું અને તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર, ભાષા વિજ્ઞાન અને આરોગ્ય વિજ્ઞાન જેવા ગહન શાસ્ત્રોથી માંડીને નાટ્યશાસ્ત્ર, સંગીત વિદ્યા તથા શિલ્પ, કળા અને સાહિત્ય જેવી જ્ઞાન શાખાઓ ભૌગોલિક સીમાઓ વટાવીને બહોળા માનવ સમુદાયને ઉપલબ્ધ થઈ અને તેને કારણે દુનિયાના એક ખૂણે પ્રગટેલા જ્ઞાનદીપ સર્વત્ર પ્રકાશ ફેલાવતા થયા.

એક હકીકત અહીં નોંધવા જેવી છે, આજની શિક્ષણ પદ્ધતિમાં શિક્ષણ આપવા જેવું ઉમદા કામ પણ હવે વ્યાપારી ધોરણે થવા લાગ્યું છે એટલે શાસ્ત્રોનો પણ વેપાર શરુ થયો છે એમ દુઃખ સાથે કહેવું પડે છે.

વેપાર કરવા માટે શાક-ભાજીથી માંડીને સોનું, હીરા, માણેક જેવી વસ્તુઓ પૂરતી નહોતી એટલે માણસે શસ્ત્રોનો વેપાર આદર્યો! પોતાના દેશની સુરક્ષા માટે દરેક દેશને સક્ષમ શસ્ત્રદલ રાખવું પડે એ જ માનવ જાતની બદનસીબી છે. પણ જેમ દરેક ગામ, શહેર અને દેશ પોતાના ખપ પૂરતું અનાજ અને કાપડ પેદા કરે છે અને વધારાની વસ્તુઓની નિકાસ કરે તેમ પોતાના દેશમાં ન પાકતી વસ્તુઓ આયાત કરે તે વ્યાજબી છે. તેવી જ રીતે દરેક દેશે પોતાની સુરક્ષા માટે જરૂરી શસ્ત્રો પણ પોતે જ બનાવવા જોઈએ, પણ જો પોતાની તાકાત ન હોય તો બીજા દેશોમાંથી આયાત ન કરવા જોઈએ એમ મારી સમજ કહે છે.

જરા વિચાર કરતાં જણાશે કે યુરોપ ખંડના મોટા ભાગના દેશોએ ૧૮મી સદી પછી દક્ષિણ ગોળાર્ધના દેશો પર રાજ્ય કર્યું. જ્યારે ગુલામ દેશોને સ્વતંત્ર કરવાની ફરજ પડી ત્યારે એવી વ્યવસ્થા કરી કે એ દેશો આંતરિક વિગ્રહ કે પડોશી દેશો સાથે જીવે ત્યાં સુધી લડતા રહે. મજાની વાત એ છે કે બીજા દેશો પર રાજ્ય કરવાથી મળતી સમ્પત્તિ હવે ન મળતી હોવાને કારણે એ દેશોનું શોષણ કરવાની બીજી કોઈ રીત યુરોપીયન દેશોએ શોધવી પડી. પહેલાં ગુલામ પ્રજાનું હીર ચૂસીને તગડા થયેલા ‘First World’ના સભ્ય ગણાતા દેશો હવે સ્વતંત્ર થયેલા દેશોને પોતાના દેશોમાં બનેલા શસ્ત્રો વેચીને મોતનો વેપાર કરીને પોતાની રૈયત માટે કમાણીનું સાધન ઊભું કરે છે. ઓગણીસમી અને વીસમી સદીમાં ગુલામ બનેલા દેશોએ પોતાના દેશની સંપત્તિ ધોળે દિવસે લૂટાતી જોઈ, અને હવે આંતરિક વિગ્રહમાં વિજય મેળવવા જે દેશોએ એમના પર રાજ્ય કર્યું તેમની જ પાસેથી શસ્ત્રો ખરીદીને ફરી એમના જ દેવાદાર બને છે ! આ તે કેવી કરુણતા?

યુનાઈટેડ નેશન્સની સ્થાપના ઇ. સ. ૧૯૪૫માં થઈ, ત્યારથી માંડીને આજ સુધી તેની મધ્યસ્થીને કારણે કેટલા યુધ્ધો અને આંતરિક સંઘર્ષો નિવારી શકાયા છે, તે જાણવું હોય તો જીનિવાના યુ.એન.ના મુખ્ય મથકની

### સૂચના

**દરેક વાચક, ગ્રાહક, ભાવક તેમ જ લેખકને જાણ છે, તેમ “ઓપિનિયન”ની વેબપેજ – http://opinionmagazine.co.uk/ – સજીવન થઈ ગઈ છે. ‘મારે તો એક ડગલું બસ થાય’, સમજી, જાણી, હળવે હળવે, તેના દરેક વિભાગ હવે કામ કરતા થઈ ગયા છે.**

**“ઓપિનિયન”ના ડિજિટલ અવતાર સ્વરૂપે આ સાથે, કુલે પાંત્રીસ આવૃત્તિ બહાર પડી છે. માર્ચ 2013નો અંક, તેનો આખરી અંક, ડિજિટલ સ્વરૂપે બહાર પડશે; અને પછી, તે અલોપ થઈ જશે. તેને સ્થાને આ વેબમથકે “ઓપિનિયન” ખાબકતું હશે ને ત્યાંથી પોતીકું ડિમડિમ ગાજતું, વગાડતું રાખશે.**

# ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું ઇન્ટરનેટી માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૯મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના વાંચક ગમે તે અંકથી થઈ શકાય છે. રસ ધરાવનારાઓએ સત્વરે પોતાનો 'ઇ.મૈલ આઈ.ડી.' મોકલવો જરૂરી બને છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

---------------

•


**સંપાદકીય પત્રવ્યવહાર**

**"ઓપિનિયન"**

'Holly Cottage',
13 Ferring Close,
HARROW, Middlesex HA2 0AR **[U.K.]**

**e.mail :**
**vipoolkalyani.opinion@btinternet.com**

•

**ભારત માટે સંપર્કનું ઠેકાણું**

**Villa Bellevue, 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004**

**e.mail : bharti_parekh@hotmail.com**
**સંપર્ક : ભારતીબહેન પારેખ**


---------------

**"ઓપિનિયન"નું આ ડિજિટલ અવતરણ છે. અને ગમતાનો ગુલાલ કરવાની દરેકને રજામજા જ હોય.**

# વાટ ઊંચી રાખજો અને દરવાજા ખુલ્લા

તમે તો કેવળ સંદેશો જ માંગ્યો છે; પણ હું થોડુંક દોઢ ડહાપણ ડહોળીને ભેગી થોડીક શિખામણ પણ મોકલું છું, ગમે તો ગળે ઉતારવાની; નહીંતર ઝાંપા સુધી લઈ જવાની જરૂરત નથી. એ હાથમાં આવે એવી જ તેને ગળાટૂંપો દઈ ફાવે ત્યાં ફેંકી દેવી.

સંદેશો તો એ જ દેવાનો હોય કે હું તમારી સફળતા ઇચ્છું છું. એ તો ઇચ્છું છું જ; પણ તમે ત્યાં અંગ્રેજી ભાષાની વિશાળ ઉદ્દાત ધરતી ઉપર ગુજરાતી ભાષાનું જે આમ્ર વૃક્ષ રોપ્યું છે અને હવે એના ઉપર થોડોક થોડોક મોર પણ લાગવા માંડ્યો છે, એ જોઈને તમારા અને તમારા સાથીદારોના વાંસા બબ્બે હાથે થાબડવાનું મન થાય છે. ક્યારેક ત્યાં આવવાનું થયું તો એ પણ કરીશ જ.



રહી શિખામણની વાત. તો એ શબ્દ ઉદ્ધત લાગતો હોય તો એને શિકાયત પણ ગણી શકો છો. કહેવાનું કેવળ એટલું જ કે તળ ગુજરાતમાં ગુજરાતી ભાષાના સમર્થકોએ અને ગુજરાતી સાહિત્યના સર્જકોએ જે મોટી ભૂલ કરી છે એવી ભૂલ તમે કરતા નહીં.

એમણે કરેલી ભૂલ એ છે કે તેમણે ગુજરાતી સાહિત્યનું મોં ચંદ્રની સૂરજમુખી બાજુની જેમ સતત પોતાના ઉજળિયાત વર્ગના ચંદ્રમુખો તરફ જ માંડેલું રાખ્યું છે.

ગુજરાતના ઉજળિયાત વર્ગ સિવાયના બાકીના અર્ધા કે એથીયે વધુ ગુજરાતી ભાષીઓ, ગુજરાતી સાહિત્ય પૂરતા, એ કારણે હજી લગી નર્યા અંધકારમાં જ પડેલા છે. એ બધા કેવી રીતે જીવે છે, શું કરે છે, શું વિચારે છે, શી એમની જીવન અનુભૂતિ છે અને શી એમની જીવન આકાંક્ષાઓ છે, એની તળ - ગુજરાતના ગુજરાતી સાહિત્યને હજી લગી ખબર પડી નથી.

ત્યાંનું ગુજરાતી સાહિત્ય એના કારણે સારા જેવું ઊણું રહી ગયું છે. એના કારણે જ ગુજરાતી ભાષા પોતે પણ હજી લગી એના નબળા મોર-પગ ઉપર જ ઊભેલી છે. જે ભાષા અને જે સાહિત્ય પોતાના અર્ધા જેટલા લોકો તરફ ઊંચી આંખ કરીને ન જુએ એને બીજી ભાષાઓ અને એમના સાહિત્ય તરફ નીચી આંખ રાખીને જ જોવાનું રહે છે.

તમે ધારો તો તળ - ગુજરાતની ત્રુટિને દૂર કરી શકો છો.

તમારે એ વાટે, તમે ત્યાં પેટાવેલી ગુજરાતી ભાષાના દીવાની વાટને એટલી ઊંચી રાખવી પડશે કે જેથી તમામ ગુજરાતી ભાષીઓ સુધી તેનું તેજ પહોંચી શકે અને ત્યાં સરજાતા ગુજરાતી સાહિત્યના તમામ દરવાજા એટલા બધા ખુલ્લા રાખવા પડશે કે બધા ગુજરાતીઓના શ્વાસોશ્વાસ એમાં પ્રવેશી શકે.

તમે જો એવું કર્યું તો વખત જતાં ગુજરાતી ભાષાના મોર-પગ સિંહ-પગ બની શકે છે અને તેનું સાહિત્ય સભર અને તત્ત્વવંતુ પણ બની શકે છે.

**– નૂર મોહમ્મદ જમાલ 'નૂર'**

તત્કાલીન તંત્રી : "વતન" દૈનિક ગુજરાતી,
કરાંચી

**(સૌજન્ય :"આહ્વાન", વર્ષ ૧ - અંક ૧; ગુજરાતી સાહિત્ય અકાદમીના દશાબ્દી મહોત્સવ વિશેષાંક; ઑગસ્ટ 1986)**

---

મુલાકાત લઈ, ત્યાંની તવારીખ નોંધવા જેવી છે. જો કે એ સંગઠનની ખરી બિનઅસરકારકતાનું માપ તો એની જ સામે બે વેંત ઊંચા આસને બેઠેલા રેડક્રોસના મુખ્ય મથકમાં પ્રદર્શિત એ સંગઠનની સ્થાપના(ઇ. સ. ૧૮૬૩)થી માંડીને આજ સુધી તેના દ્વારા થયેલ માનવતાભર્યા કાર્યોની યશોગાથાનો અભ્યાસ કરવાથી જ કાઢી શકાય.

બીજું વિશ્વ યુદ્ધ પૂરું થયાને પણ આજે છ દાયકાથી વધુ વર્ષોનાં વહાણાં વાઈ ગયાં, તો ય ક્યાં ય વિશ્વ શાંતિ તરફ ગતિ કર્યાનાં એંધાણ નથી કળાતા આથી સહેજે સવાલ થાય કે યુ.એન.ના પ્રયત્નો સાચી દિશામાં છે? એની યુક્તિઓ સફળ કેમ નથી થતી? કદાચ સંઘર્ષ ગ્રસ્ત દેશોમાં શાંતિ જાળવવા માટે સશસ્ત્ર દળો મોકલવાને બદલે બે દેશો વચ્ચે શસ્ત્ર વેપારની બંધી લાવવાનો સમય આવી ગયો છે.

જો ધનાઢ્ય દેશોની સરકારોએ પોતાની પ્રજાના પેટનો ખાડો પૂરવાની ફરજ પૂરી કરવી હોય અને તે પણ બીજા દેશોમાં પોતાનો તૈયાર કે કાચો માલ નિકાસ કરીને, તો ભલા શસ્ત્રો સિવાય લાખો અને કરોડો વસ્તુઓ એમની પાસે છે જ, જે મેળવવા વિકસતા અને અવિકસિત દેશોની આમ પ્રજા તલપાપડ થઈ રહી છે. જે દેશોમાં લોકશાહી રાજ્ય વ્યવસ્થા છે અને જે દેશો લોકશાહી સરકારો ઊભી કરવા જાન ફના કરી રહ્યા છે, તે બધા દેશોના નાગરિકોએ સાગમટે પોતાની સરકારોને પ્રજાએ ભરેલા આવક વેરા અને વેચાણ વેરામાંથી શસ્ત્રો બનાવીને બીજા દેશોમાં વેંચી કે ખરીદી હરગીઝ શકાય તેવી બાયેધરી આપવાની ફરજ પાડવી જોઈએ. હું જો વિનાકારણ બીજા દેશના નિર્દોષ નાગરિકનો જાન ન લઉં તો મારા કરવેરામાંથી એમને એકબીજાને કે બીજા દેશો સાથે લડાઈ કરવા માટે શા માટે જોગવાઈ કરી આપું? એ એક પ્રકારની આડકતરી હિંસા જ થઈને? લોકશાહી સરકારોને તેના નાગરિકોની થાપણનો આવો અમાનવીય ઉપયોગ કરવાની સત્તા બિલકુલ ન હોવી ઘટે.

ત્રીજા વિશ્વયુધ્ધના ભણકારા વાગી રહ્યા છે ત્યારે શસ્ત્ર વેચાણ બંધ કરીને શાસ્ત્રોનો વ્યાપાર વધારવાની ઝુંબેશ ચલાવવાની પ્રતિજ્ઞા ૨૦૧૩માં સહુ જાગૃત પ્રજાજનો લેશે, એવી પ્રાર્થના કરીએ.


e.mail : ten_men@hotmail.com

# ગુજરાતી કાવ્યમાં રાધા

• જવાહર બક્ષી

**પૂર્વ ભૂમિકા :**

**રાધા :** સંસ્કૃતનાં પ્રાચીનતમ ગ્રંથ વેદો અને પ્રાકૃત ભાષાના પ્રાચીન ગ્રંથોમાં રાધાનો ઉલ્લેખ નથી. શ્રીકૃષ્ણ વિષે યુગ પ્રવર્તક ગ્રંથ 'શ્રીમદ્ ભાગવત્'ની હસ્તપ્રત આઠમી સદીની પહેલાં મળતી નથી. વેદ જેવી 'અષ્ટ વિકૃતિવાળી કંઠ પરંપરા પણ પુરાણોની નહોતી. એટલે કે પુરાણોમાં સર્વશ્રેષ્ઠ ગણાતા એવા શ્રીમદ્ ભાગવતમાં રાધાનું સ્પષ્ટ નામરૂપ જોવા મળતું નથી. છતાં રાધા એ પહેલાં નહોતી એમ પણ ન કહી શકાય.



જવાહર બક્ષી

માત્ર હસ્તપ્રતોના ઇતિહાસને આધારે વિદ્વાનો એમ માને છે કે દક્ષિણ ભારતના અળવારો અને નાયનારો જે ભાગવત પહેલાં હજારેક વર્ષથી ભક્તિ કવિતા લખે છે, તેની અસર શ્રીમદ્ ભાગવતમાં જણાય છે.

આમ જુઓ તો વૈદિક આર્યોમાં સગુણ શરીરધારી બ્રહ્મના અવતારની કલ્પના નથી. દયાનંદ સરસ્વતીએ આર્યસમાજની રચના એ નિર્ગુણ બ્રહ્મની ઉપાસના પુનઃસ્થાપિત કરવા જ કરી હતી. એટલે દ્રાવિડ પ્રજાના 'સંગમ' કે અળવારોની રચનામાંથી 'કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્' એટલે કે બ્રહ્મ એ જ નારાયણ એ જ વિષ્ણુ અને એ જ કૃષ્ણ છે. એમ મહાભારતની રચના વખતે પ્રતિષ્ઠિત થયું છે અને તે પહેલાંના ગ્રંથોમાં નથી તેમ વિદ્વાનોએ ફલિત કર્યું છે. બ્રહ્મા–વિષ્ણુ–મહેશની ત્રિમૂર્તિ પણ ત્યારે જ પ્રસિદ્ધ થઈ.

અગિયારમી સદીમાં બિલ્વ મંગલ ઉર્ફે લીલાશુકની લાંબી રચના 'કૃષ્ણ કર્ણામૃત' પ્રખ્યાત થઈ. તે પછી અતિ પ્રિય અને ભાષા, લય, ભાવ અને વસ્તુ વિષયના અનેક સૌંદર્ય સાથે જયદેવની બારમી સદીમાં રચિત 'ગીત-ગોવિંદ' કાવ્ય, રસિકો, વિદ્વાનો અને લોકમાનસમાં ઝડપભેર સન્માનનીય થઈ.

**ગુજરાતી ભાષા :** તે જ વખતે સંસ્કૃત-પ્રાકૃત અને લોક બોલીઓના સમાગમથી ૨૭ અપભ્રંશો તે સમયના ભારતમાં પ્રચલિત થયા. જેમાં નાગર, ગૌર્જર અને લાટ અપભ્રંશોથી યુક્ત ગુજરાતી ભાષા જન્મી.

અગિયારમી સદીમાં શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના અદ્ભુત ગ્રંથ 'સિદ્ધહેમ વ્યાકરણ'માં ગુજરાતી ભાષાનાં મૂળ હશે, પણ તેરમી સદી સુધી તેનું આધુનિક પોત બંધાયું નહોતું. ચૌદ-પંદરમી સદીમાં જૈન અને જૈનેતરના વર્ણનાત્મક અને કથાત્મક કાવ્યો 'ફાગુ' અને રાસા'માં ઊર્મિસભર પદ રચના નહોતી. આ પરિસ્થિતિમાં નરસિંહ મહેતાના વૈદાંતિક જ્ઞાન અને આધ્યાત્મિક અનુભૂતિની ત્રીજા નેત્રની પ્રસાદીથી આ ખોટ પુરાઈ.

**નરસિંહ મહેતા :** નરસિંહના જીવનકાળ ૧૪૦૪-૧૪૧૪ વચ્ચે જન્મ અને ૧૪૬૯માં મૃત્યુ એમ સ્વીકાર્ય થયો છે. તેણે ગુજરાતી ભાષાની શબ્દ ચેતના, લય ચેતના, ભાવ ચેતના અને કાવ્ય ચેતના જગાડી એવી સરિતા વહાવી કે આજ એકવીસમી સદીમાં તે બન્ને કાંઠે લીલીછમ છે.

તેણે વાપરેલા બે પ્રમુખ લયના મૂળ ગીત ગોવિંદમાં મળે છે.

નરસિંહનાં કાવ્યોની મળેલી હસ્તપ્રતોના પદમાં જયદેવનું સ્મરણ છે. તેમ જ તેણે ટાંકેલી પંક્તિ ઝૂલણાં છંદમાં છે. **'સ્મર ગરલ ખંડનમ્, મમ શિરસિ મંડનમ્ દેહિ પદ પલ્લવમ્ ઉદારમ્'** મળે છે. ફરક એટલો જ કે તેણે દાલદાના ૭ આવર્તનો પછી ગુરુ લઈને ૩૭ માત્રાનો સાડત્રીસિયો ઝુલણા વાપર્યો છે જે આમ છે.

દાલદા દાલદા દાલદા દાલદા, દાલદા દાલદા દાલદા દાલદાદા.

જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું તેહને તે સમે તે જ પ્હોંચે. જાગીને જોઉં તો, અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, નિરખને ગગનમાં કે જાગને જાદવા જેવા અનેક પદોમાં આ ઝૂલણાં છે.

જયદેવના ગીતગોવિંદમાં ચરણાકુળને મળતો લય 'લલિત લવંગલતા પરિશિલન કોમલ મલય સમીરે' નરસિંહના વૈષ્ણવ જનનો તેને કહીએ કે નારાયણનું નામ જ લેતાં કે ભૂતલ ભક્તિ પદારથ મોટું વગેરેમાં છે.

**નરસિંહનાં કૃષ્ણ :** આદિકવિ તરીકે યથોચિત ગણાયેલ નરસિંહ જ્ઞાન, ભક્તિ અને શૃંગારની રચનામાં ખૂબ ખીલે છે. જ્ઞાન કવિતામાં : **'નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યા'**માં માંડુક્ય ઉપનિષદના ચાર સ્તરની કાવ્યમય રજૂઆત છે.

(૧) નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો – વૈશ્વાનર જાગૃત કે વિરાટ

(૨) ઝળહળ જ્યોત ઉદ્યોત રવિકોટમાં – તેજસ કે હિરણ્ય ગર્ભની કે સ્વપ્ન

(૩) હેમની કોર જ્યાં નિસરે મૂલે (તે મૂળમાં) – પ્રાજ્ઞ કે સુષુપ્ત આનંદમય કોશ સચ્ચિદાનંદ આનંદ ક્રીડા કરે.

(૪) બત્તી વિણ તેલ વિણ સૂત્ર વિણ જો વળી – તૂર્ય કે આભવ્ય અચળ ઝળકે સદા વિમળ દીવો

નેત્ર વિણ નિરખવો, રૂપવિણ પરખવો વણ જીહવાએ રસ સરસ પીવો.

આ બ્રહ્મ તે જ અખિલબ્રહ્માંડમાં એક તું શ્રી હરિ.

એટલે પૂર્ણ બ્રહ્મ તે જ કૃષ્ણ.

નરસિંહની રચનામાં બાલકૃષ્ણની જાગને જાદવાથી લઈ કિશોર અવસ્થાના 'જળ કમળ છાંડી જાને બાળા' જેવાં પદો છે.

પરંતુ તેના પ્રમુખ કાવ્યો રાસ પંચાધ્યાયીના નાયક બંસીધર, નટવર નાગર કૃષ્ણનાં છે. શિવલાલ જેસલપરાએ માન્ય રાખેલાં ૮૦૭ પદોમાંથી ૪ ઝારીનાં પદો, ૯ સુદામા ચરિતનાં પદો, ૬૫ જ્ઞાનનાં પદો, ૧૦૨ આત્મ ચરિતનાં પદો અને બાકીનાં ૬૨૭ પદો કૃષ્ણ લીલાંનાં છે. તેમાં દાણલીલા, વાંસળી, ચાંદલા વગેરે પદો સાથે રતિસુખ, રાસ, ઉપાલંભ, વિરહ વગેરેનાં અદ્ભુત પદો છે.

**નરસિંહની રાધા :** 'જે નિરખને ગગન'માંથી બ્રહ્માંડના મૂળમાં છે તે આકાશને નીલવર્ણ આપનાર શ્યામ એ કૃષ્ણ છે. અને તેની શક્તિ એ શ્યામા છે. તે જ રાધા છે. વૃષભાનની પુત્રી રાધા ગૌરી છે, પણ આધ્યાત્મિક સ્વરૂપે શ્યામા-શ્યામ છે. સંભોગ શૃંગારનાં પદોમાં બે અપવાદ સિવાય ક્યાં ય રાધાનું નામ નથી. તેથી રાધાને કૃષ્ણની આધ્યાત્મિક શક્તિ ગણે છે. જે પ્રેમાનંદ, પ્રેમસખી પ્રેમાનંદ કે દયારામ કરતાં અલગ છે.

આપણે બે પદો દ્વારા તેનો આનંદ લઈએ. ભાગવતમાં 'અન્યારાધતિ' શબ્દમાં કથા છે. અનેક ગોપીમાંથી એક પ્રમુખ ગોપી જે કૃષ્ણને અતિપ્રિય છે. તેને રાસલીલામાં એકાંતમાં લઈ જાય છે. તે પરથી ગોપીઓ તેનાં પગલાંને જોઈ અનુમાન કરે છે, તે પછીથી આ જ 'રાધા' છે તેમ પ્રચલિત થયું. એમ પણ બન્યું હોય કે રામાયણ પછી એક પત્નીવ્રતની દૃઢતા સમાજમાં સ્થપાઈ એટલે બ્રહ્મા-બ્રહ્માણી, શિવ પાર્વતી અને વિષ્ણુ-લક્ષ્મીની જોડ ઉત્પતી થઈ.

ઋગ્વેદમાં વિષ્ણુનાં માત્ર ૩ સુક્ત છે. એક સુક્ત 'પુષાન'નું છે. તેનું વર્ણન ગોપાલ, ભરવાડ-કૃષ્ણને મળતું આવે છે. એટલે આ જોડીઓ વેદકાલીન નથી. પદનું ૐની અ+ઉ+મ્ એ ત્રણ શક્તિ સત્વ, રજસ તમસ કે સર્જન શક્તિ, પાલક શક્તિ અને સંહારક શક્તિ એ સંપૂર્ણ સત્ય છે.

જેને આજે Electron, Neutron અને Proton એના કરતાં પણ જડબેસલાક પ્રત્યેક આણુમાં રહેલા શૂન્યાવકાશ (Ground State or Vacuum of Aton)માં જ્યારે પહેલી આણ્વિક ક્રિયા થાય છે, ત્યારે ત્રણ તત્ત્વોના સામૂહિક કાર્ય વિના કશું થઈ શકતું નથી. તે Creating Operator, Propagator અને Annihilator એ જ બ્રહ્મા–વિષ્ણુ–મહેશ છે, તેનું મૂળ બ્રહ્મ છે અને તે જ કૃષ્ણ છે, તો તેની શક્તિ રાધા છે એમ જનસમુદાય માને તે સ્વાભાવિક છે.

તો રાસલીલામાંથી એકાંતમાં જનારી રાધાનું પદ નરસિંહના લોકપ્રિય અને લોકપરંપરાથી પ્રાપ્ત છે

**નાગર નંદજીના લાલ .....**

રાધાને સમજવા માટે ગોકુળ અને વૃંદાવન સમજવું આવશ્યક છે. ગો એટલે ઇન્દ્રીય અને કુળ એટલે તેનું સંકુલ કે સમૂહ એટલે કે શરીર. ભગવદ્ ગીતામાં શરીરને ઇન્દ્રીય ગ્રામ કહ્યું છે. તે જ ભાગવતનું ગોકુળ સમજવાનું. ત્યાં બાલકૃષ્ણની વાત્સલ્ય લીલા છે. વૃંદાવનમાં ત્રણ ભાગ છે - કુંજ, નિકુંજ અને નિભૃત. વૃત્તિઓનું વન એટલે વૃંદાવન. એટલે કે મન અથવા આપણી ચેતના. કુંજમાં સર્વ સખીઓને પ્રવેશ છે અને એ private yet public garden party છે. તે જ્યાં થાય છે તે કુંજ એટલે જાગૃત મન. Conscience mind. યોગની ભાષામાં કહીએ તો અન્નમય કોશ અને પ્રાણામય કોશ. કુંજ એટલે મનોમય કોશ. નિકુંજમાં માત્ર અષ્ટ સખીઓને પ્રવેશ છે. તે વધુ ગહન સ્થળ છે. એ વિજ્ઞાનમય કોશ કે sub–conscious mind છે. સૂક્ષ્મ શરીર છે.

નિભૃત નિકુંજ – એટલે સંપૂર્ણ શાંત એકાંત સ્થળ એટલે કે આનંદમય કોશ કે કારણ શરીર છે. તે subconscious અને supra - consciousની વચ્ચેનો unconscious સેતુ છે. જ્યારે કૃષ્ણ અનેક ગોપીઓ વચ્ચેથી રાધાને નિભૃત નિકુંજમાં લઈ જાય છે, ત્યારે તેને અહમ્ થાય છે કે આટલામાંથી મને એકને જ પસંદ કરી છે, એટલે 'હું' કંઈક છું. આ 'હું' ભાવ 'I' ness છે. તે પરમાત્માના મિલનમાં બાધારૂપ થાય છે અને કૃષ્ણ તે જ વખતે અંર્તધાન (ગાયબ) થઈ જાય છે. પછી રાધા કલ્પાંત કરે છે અને મિલનમાં વિરહ અને પછી વિરહમાંથી મિલનની અદ્‌ભુત ગતિ રચાય છે.



લોકપરંપરામાંથી મળેલું નરસિંહનું પદ આ સંદર્ભમાં જોઈએ :

**નાગર નંદજીના લાલ, રાસ રમતાં મારી નથણી ખોવાણી, કાના જડી હોય તો આલ.**

અહંકારનું, ગર્વનું, પ્રતિક નાક છે અને નાકનો શણગાર નથણી છે. કૃષ્ણના અંર્તધાન થતાં તે નથણી ખોવાઈ જાય છે. કવિતા આગળ વધે છે :

**નાની અમથી નથણીને માહે ભરેલા મોતી**
**નથણી આપોને કાના, ગોતી ગોતી ગોતી.**
**નાની અમથી નથણી ને માંહે જડેલા હીરા**
**નથણી ગોતીને આપો સુભદ્રાના વીરા**

જયારે ભૌતિક પદાર્થનું સ્મરણ હોય ત્યારે 'હીરા', 'મોતી' વાળી ચેતનામાં એ ન જ મળે. હજી સમજવું ન હોય તો અદ્‌ભુત રૂપક આપે છે.

**નાનેરી પ્હેરું તો મારે નાકે ના સોહાય**
**મોટેરી પ્હેરું તો મારા મુખ પર ઝોલાં ખાયા**

અહંકાર એવી વિચિત્ર વસ્તુ છે કે સ્વયંને પ્રતિષ્ઠિત થવું જ છે. બહુ સૂક્ષ્મ હોય તો નજર ન ચડે અને બહુ મોટા હોય તો અળખામણો થઈ જાય.

કવિતા આગળ વધે છે. નથણી ક્યાં હશે ? પ્રકૃતિ પોતે જ બ્રહ્મનું સર્જન છે અને તે ભોગ (આનંદ) અને અપવર્ગ (મોક્ષ) માટે સર્જાયેલી છે તેથી જ સંકેત આપે છે.

**આંબે બોલે કોયલડી ને વનમાં બોલે મોર**
**રાધાજીની નથણીનો શામળિયો છે ચોર**

જે અહંકાર વિરહનું કારણ બન્યો છે તે પણ કૃષ્ણએ જ આપ્યો છે. આ લીલા અને સંપૂર્ણ સત્વ સંશુદ્ધિ માટેની આવશ્યકતા પૂરી થાય તો નથણી મળે. માટે માન છોડી ને માગ.

નરસિંહ બહુ મોટા ગજાનો કવિ છે. બે વતી બે ચાર ન કરે. છેલ્લે કહે છે

**નથણી આપોને પ્રભુ નંદના કુંવર**
**નરસૈયાના સ્વામી ઉપર જાઉં બલિહર**

નથણી આપવી જોઈએ કે નહીં ? આપી કે નહીં એ તમારી ઉપર છોડીને એ કૃષ્ણ પર વારી જાય છે. એટલે જ કહે છે બીજા કાવ્યમાં -

**'વારી જાઉં સુંદર શ્યામ તમારા લટાકને.'**

તો આ મારી સમજ પ્રમાણ નરસિંહની રાધા-કૃષ્ણ કવિતાનો આનંદ છે. રાધા એક રૂપક અને રાધાની કાવ્યમય વાસ્તવિકતા અતિ રમણીય છે.

બીજું કાવ્ય છે જેમાં નરસિંહ રાધાને આધ્યાત્મ અને રુક્મિણીને વહેવાર એમ બે ભાગ પાડે છે. બન્ને વાસ્તવમાં ક્યારે ય મળ્યા નથી. સુરદાસની એક કવિતામાં 'રુક્મિણી રાધા ઐસી ભેટી, જૈસે બહુત દિનનકી બીછરી હુસી એક બાપકી દોઉ બેટી' જેવી સુંદર વાત કરે છે.

અહીં મામલો જુદો છે રાધાજી રીસાયાં છે.

**આજ રે શામળિયે વ્હાલે અમ શો અંતર કીધો રે,**
**રાધિકાનો હાર હરિએ રુક્મિણીને દીધો રે.**

પરમાત્મા પ્રાપ્તિમાં સંસાર છોડીને આધ્યાત્મમાં પ્રવેશવાનું હોય છે. અહીં નરસિંહ ઊંધી રમત માંડે છે. આધ્યાત્મના કંઠમાંથી આભૂષણ લઈ સંસાર પક્ષને આપે છે. એટલું જ નહીં Plutonic કે આધ્યાત્મિક પ્રેમના પાત્રને નિતાંત સંસારી વાઘા પહેરાવે છે. આ હાર જવાનું દુઃખ અને ગુસ્સો જુઓ.

**શેરીયે શેરીયે સાદ પાડું, હીંડું ઘેર ઘેર જોતી રે,**
**રુક્મિણીને કોટે(કંઠમાં) મેં તો ઓળખ્યાં મારાં મોતી રે**

ચોરી પકડાઈ ગઈ અને ચોર પકડાઈ ગયો. કૃષ્ણ સિવાય આપે કોણ આ મોતીનો હાર અને તે પણ રુક્મિણીને ! ગુસ્સાની પરાકાષ્ઠા છે.

**ધમણ ધમાવું ને ગોળી ધપાવું, સાચા સમ ખવરાવું રે**
**આજ તો મારા હારને કાજે નારદને તેડાવું રે**

૧૦૦° નહીં પણ બસ્સો ડિગ્રી ઉકળતા પાણીની ગોળી પર હાથ રાખીને સોગંદ ખવરાવી સાચું બોલાવું. રામાયણમાં રામ સીતાની અગ્નિ પરીક્ષા કરે છે, ત્યારે નરસિંહ મહેતાની રાધા શ્રીકૃષ્ણની અગ્નિ પરીક્ષા લે છે. એટલું ઓછું હોય તો નારદજીને તેડાવું. આજની ભાષામાં આખું U.N.O.ને ભેગું કરું. એટલું જ નહીં સત્યાગ્રહ કરું. (ગાંધીજી પહેલાં પાંચસો વર્ષની રચના છે.)

**રાધાજી અતિ રોષે ભરાણાં, નેણે નીર ન માય રે**
**આપો રે હરિ હાર અમારો નહિ તો જીવડો જાય રે.**

હવે નિર્ણયાત્મક ઘડી આવી ગઈ છે. નટવર નાગર કૃષ્ણ શું ખુલાસો આપશે ? શું બહાનાં કાઢશે ? કેમ મનાવશે ?

ગુજરાતી સાહિત્યની અદ્‌ભુત પંક્તિઓમાંની એક છે.

**થાળ ભરી શગ મોતી મગાવ્યાં, આણવીંધ્યાં પરોવ્યાં રે**
**ભલે રે મળ્યો નરસૈનો સ્વામી, રુઠ્યાં રાધિકા મનાવ્યાં રે**

આ આણવીંધ્યાં મોતીની માળામાં અનેક અર્થ અને અર્થોને અતિક્રમનો ચમત્કાર છે. તમે એનો 'યોગ : ચિત્તવૃત્તિ નિરોધ' અક્ષત યોનિ, નિષ્કામ કર્મ જે કરો તે થઈ શકે. પરતું ફરી આધુનિક વિજ્ઞાનની વાત કરીએ તો UNIFIED QUANTUM FIELD એટલે કે પરબ્રહ્મ અખંડ અને અલખ છે જેને perfect symmetry છે. એ symmetry કે સંપૂર્ણ ત્રિગુણાતીત અવસ્થાની અક્ષુણ્યતા એ આણવીંધ્યાં મોતીની માળા છે. એટલે નરસિંહ સંકેતથી કૃષ્ણ પાસે કહેવડાવે છે કે તારી પાસે વીંધેલાં મોતીની માળા છે તે તારા ગૌરવને અનુરૂપ નથી. ભલે રુક્મિણીની શોભા વધારે. તારે માટે આ આણવીંધ્યાં મોતીની માળા (ઢગલો નહીં) જ યોગ્ય છે. કેવું અદ્‌ભુત.

આમ નરસિંહથી શરૂ થયેલી રાધાની યશોગાથા આજ સુધી ચાલી આવે છે. જે ગુજરાતી કાવ્ય પ્રેમીઓને સુવિદિત છે. થોડો ચિતાર જોઈએ. પહેલાં નરસિંહને માણીએ.

નરસિંહ મહેતાએ રાધાનાં નામ સાથે અને રાધા ભાવનાં અનેક કાવ્યોમાં પ્રેમના અનેક ચહેરાઓ ઉપસાવ્યા છે. જેમ કે શિવલાલ જેસલપરાની નરસિંહ મહેતાની કાવ્ય કૃતિઓમાં :

પૃ. ૧૬૮. **રાસ રમે, રાધાવર રૂડો શામલડાને સંગે રે**
**માન મૂકવા કારણ કામ, અનંગર થરતી સંગે રે**

પૃ. ૧૭૫. **અમને રાસ રમાડ વ્હાલા ....**
**એક હસે એક તાળી લે, બીજા તે કુંકુમ – રોળ**

**રાધા માધવ રાસ રમે તાંહી ઝામા ઝાકળઝોળ**

પૃ. ૧૮૮. **રાતીમોલ ધરો, મારા વ્હાલા, રાતી ઋતુ રૂડી રે**
**રાતે દાંતે હસે રાધાજી, રાતી કરમાં ચૂડી રે**
**રાતાં ફૂલ ખરે ખાખરનાં, રાતી તે રજ ઉડી રે**
**રાતી ચાંચ સોહે પંખીજન, સૂડોને વળી સૂડી રે**
**રાતા સાળુ સહુ સહિયરને, શિરે છૂટે જૂડી રે**
**નરસૈયાના સ્વામી સંગ રમતાં, રહીને રસમાં બૂડી રે**

પૃ.૨૦૧. **શૈં ન સરજી તારા વદનની વાંસળી અધર-અમૃત રસપાત કરતી**
**શોક્ય તાણું દુઃખ દોહ્યલું દેવા, વૈકુંઠ નાથનું મન હરતી**
**રાધિકા, રુક્મિણી, લક્ષ્મી, ચંદ્રાવલિ, સત્યભામા એણી પર બોલે**
**'સોળ સહસ્ત્ર ગોપી પરી તેહમાં નાવે કોઈ નાર એની તોલે**

પૃ.૨૬૬ **સજની ! શામળિયો વ્હાલો, રાધા ગોરી ને કાન કાળો**
**તમે નેણ ભરી નિહાળો, રસપૂરણ છે રઢિયાળો**

પૃ. ૩૩૦ **મારે આંગણ આવીને કોણે પંચમ ગાયો**
**ચાર પહોર રમતાં હજી ન ધરાયો**

------
**શંખ – ચક્ર – ગદાધર, ને ગરૂડ ગામી**
**સેજડીએ રાધાશું મળિયો નરસૈયાનો સ્વામી.**

પૃ. ૩૩૬. **રોજે રમતાં ખટકે કડલાં, રાધા – માધવ તેવતેવડાં**
**બાંહોડીનો લટકો મોડામોડ, રાધા – માધવ સરખી જોડ**

કે વળી બીજા પદમાં કહે છે

**વૃંદાવનમાં રાધા માધવ થનક થનક થૈ સારી રે**
**ચોપાસા દીપક ધરી ચોગમ, ઝલલ જ્યોત અભ્યારી રે**

આત્મ ચરિત્રના પદોમાં પણ જેમ કે મામેરાનાં પદ પૃ. ૩૪

**રાધિકા સુંદરી સકળ શિરામણી**

રાધાનો ઉલ્લેખ હોય જ.

અનેક પદો એવાં છે જેમાં રાધાનું નામ સ્પષ્ટ આવતું ન હોય પણ એ ભાવ ફલિત થાય.

એક બહુ સુંદર પદથી આ પ્રકરણ પૂરું કરીએ. વસંતઋતુમાં ફૂલો ખીલ્યાં છે. રાધાએ કૃષ્ણ સાથે મળવાનું સ્થળ અને કાળ નક્કી કર્યાં છે. એ સમયે પ્રિયતમને મળવા પણ એકલાં ન જવાય, સાથે સખી હોય. રાધા સોળે શણગાર સજી સખીને ત્યાં આવે છે, અને સખી હજી છાશ વલોવતી હોય છે. ત્યારે રાધાની ઉત્કટતાનો, અભિસારિકાની આતુરતાનો અદ્દભુત ભાવ લીધો છે.

**ચાલ રમીએ સહી, મેલ મથવું વહી વસંત આવ્યો વનવેલ ફૂલી**
**મહોરિયા અંબ, કોકિલા લવે કદંબ, કુસુમ, કુસુમ રહ્યા ભ્રમર ઝૂલી.**
**પ્હેર શણગારને હાર ગજગામિની ક્યારની કહું છું જે ચાલ, ઊઠી**
**રસિક મુખ ચુંબિયે, વળગીયે, ઝુંબીયે**
**આજ તો લાજની દુહાઈ છૂટી**
**હેતે હરિ વશ કરી, લાવો લે ઊર ધરી**
**કર ગ્રહી કૃષ્ણજી પ્રીતિ વળશે**
**નરસૈયો રંગમાં અંગ ઉન્મત્ત થયો**
**ખોયેલા દિવસનો ખંગ વળશે.**

તીવ્ર ભક્તિના ઉદ્રેકમાં મિલનઝંખના વાળો જીવ સંસારમાં રચી-મચી પડેલા જીવને જગાડી પરમાત્માની એકતાનો લ્હાવો લઈ ભવસાગર તરી કાલાતીત અવસ્થામાં ખોયેલા દિવસનો ખંગ વાળવાનો રંગ માણવા પ્રેરે છે.

નરસિંહ પછી પંદરમી સદીના ઉત્તરાર્ધમાં 'રઘુનાથ ભક્ત' ભાલણ આખ્યાન કવિ તો છે જ પણ દશમ સ્કંધના પદ રચનામાં રાધા અને રાધાભવનાં પદો મળે છે.

**દશસ્કંધ પદ ૨૦૭ :**
રાધા કહે : સુણો સુંદર વર તમને કહું હું વાત
અથવા – ૧૮
**મુરલી વાય છે રસાલ**

**લોકલાજ મેં પરહરી, સોંપું રે એહને શરીર**
**પરવશ થયો આત્મા, રાખ્યો ન રહે ધીર**
**એ મારે હઈડે વસો, રહો દિન ને રાત**
**ભાલણ પ્રભુ રઘુનાથ, અંતરગત મલીએ સાથ**

ભારતભરમાં અતિ પ્રખ્યાત મીરાંબાઈ સોળમી સદીના પ્રારંભમાં ૧૫૦૩, શરદપૂનમની રાત (અન્ય ૧૪૯૮) મેડતા પ્રાંતના કુકડી ગામે જન્મ. છેલ્લાં દસ વર્ષ ગુજરાતમાં રહ્યાં તેથી અનેક ગુજરાતી પદો તેને નામે છે, જેમ કે

**બોલે ઝીણા મોર, રાધે !**
**તારા ડુંગરિયામાં બોલે ઝીણા મોર**
અથવા
**બોલમાં બોલમાં બોલમાં રે**
**રાધાકૃષ્ણ વિના બીજું બોલમાં**

પરંતુ ઈ.સ. ૧૫૮૫માં ડાકોરના મંદિરના ગર્ભગૃહમાંથી મળેલી હસ્તપ્રતમાં જે ૬૯ પદો છે તે શુદ્ધ મીરાંની મેડતી – રાજસ્થાની ભાષાના છે અને તે પછી કાશીમાં બીજા ૩૪ પદો મળી ૧૦૩ પદો સિવાય મીરાં નામી પદો છે. ભાવ અને ભાષાની દૃષ્ટિએ ખૂબ જાણીતાં પદો પણ તેના નથી, તેમ કહી શકાય.

ઉદાહરણ અર્થે :
**પાયોજી મૈંને રામ રતન ધન પાયો**

એ મીરાંનું પદ ન હોય તેવી શક્યતા વધારે છે. મીરાંનાં ૬૯ પદોમાં ક્યાંય 'રામ' શબ્દ આવતો નથી. **'મ્હારા રે ગિરધર ગોપાલ દૂસરા ન કૂયા'** એ મીરાંનાં જીવન અને કવનનું સત્ય છે. વળી અસ્સલ ભાષા **'ગોવિંદ રા ગુણ ગાણા, રાજા રૂઠે નગરી ત્યાગાં, હરિ રૂઠે જાણાં'** જેવી ભાષામાં આયો પાયો વાળી ભાષા ન આવે. અને સહુથી ધ્યાન ખેંચે એવી વાત તેમાંની પંક્તિ 'સત્ કી નાવ કેવટિયા સદ્ગુરુ' તો નરસિંહ કે મીરાંના કોઈ પદમાં ગુરુની વાત જ નથી. રૈદાસ જીવતા હોય તો મીરાંના જન્મ વખતે ૧૦૫ વર્ષના હોય. તે મીરાંની દાદી સાસુ ધ્રાંગધાની રતનકુંવરબા અથવા ઝાલી રાણી (ઝાલાવાડની હોવાથી) તરીકે પ્રખ્યાત હતી અને ત્યાં રૈદાસજી અવશ્ય આવતા હતા. પરંતુ ગુરુ બનાવ્યા હોય તો પદમાં અવશ્ય આવે. જે કંઈ પદોમાં નથી.

તેવી જ રીતે ગુજરાતી પદોનું છે. છેલ્લાં દસ વર્ષ ગુજરાતમાં રહી એટલે હોઈ શકે, પણ મને શ્રદ્ધા નથી. જેમ દ્વારકાની મૂર્તિમાં સમાઈ તેમાં નથી. એ મીરાં પહેલાં સાતસો વર્ષ ગૌડા કે આંડાલની પણ વાત હતી કે તે મૂર્તિમાં સમાઈ ગઈ. એ બન્ને વાતો મને ભાવની સ્થિતિમાં અવશય માન્ય છે. ભૌતિક રીતે નહીં.

મીરાંના ૬૯ પદોમાં એક પ્રમુખ ભાવ એ જ ફલિત થાય છે કે તેને કૃષ્ણ સાથે અનેક જન્મોનાં સંબંધ છે. અને શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં નિભૃત નિકુંજમાં વિરહ પામેલી રાધા અથવા તો રાસમાંથી છૂટા પડેલી ગોપી એ પોતે જ છે. વિષયાંતર ન થાય એટલે અવતરણો મૂકતો નથી પણ 'મિલ-બિછુડણ મત કીજે' એ મીરાંની આજીજી કાયમની રહી છે.

મીરાં પછી કબીરના રંગે રંગાયેલા પણ અદ્દભુત વિલિક્ષણ અભિવ્યક્તિ સાથે સત્તરમી સદીના પ્રારંભમાં અખો જ્ઞાન કવિતા અને ધર્મ, સાધના કે જીવનમાં પેસેલા પાખંડ સામે ચાબખા મારી 'અગમ અગોચર'નો અનુભવ કરવા પ્રેરે છે.

સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં રસ અને ગુજરાતી ભાષાનો અદ્દભુત કવિ પ્રેમાનંદ આશરે (૧૬૪૦-૧૭૧૨) કડવા અને પ્રબંધનો આખ્યાન કવિ છે. પરંતુ ભાલણની જેમ તેણે પણ દશમ સ્કંધની રચના કરી છે. તેની ભ્રમર પચીસીમાં સુંદર પદ કવિતાના અંશો છે. પદ : ૧૫

**ગોપીનાથ મથુરા જઈ વસિયા**
**કુબજા હાથ કમાન ગ્રહીને દોહને બાણે અમને કસિયાં**
**શું મોહ્યા ચંદનને માધવ ! કપૂર – કાચલી ઘઉંલા ઘસિયા**
**દામોદર ! દાસીને ભેટતાં એમ ન જાણ્યું જે દુરિજન હસિયા**
**પ્રેમાનંદ પ્રભુ ! ગોકુળ આવો, રાસ રમીયે રાધામાં રસિયા**

પ્રેમાનંદના સમકાલીન મૂળદાસજી (૧૬૬૫-૧૭૭૯) નરસિંહની જેમ વેદાંતી કવિ હતા. નિર્ગુણની અનુભૂતિ સાથે પ્રેમલક્ષણા ભક્તિના સુંદર

પદો મળે છે. તેમના ૧૨૪ વર્ષના જીવનકાળમાં હજારો પદની રચના કરનાર આ સંતકવિએ ગરબી પ્રકારનાં અને રાસ પ્રકારનાં પદોમાં રાધા-કૃષ્ણનું ગાન કરે છે.

**હરિ વેણ વાય છે રે હો વનમાં**
**તેનો વ્રેહ વાધ્યો મારા તનમાં**

....... બીજા પદમાં કહે છે

**રંગભંગ રમતાં રે હો રજની**
**તે સુખ સાંભળ મારી સજની**

નરસિંહના ઝૂલણામાં મૂળદાસજી ગીત ગોવિંદ નો અંતભાગ એ પદમાં કહે છે.

**આજ મૈં અનુભવ્યા નાથ આનંદમાં**
**દીન જાણી મને દાન દીધું**
**કંઠસુ બાંહડી, નાથ ક્રીડા કરી,**
**કુસુમની સેજમાં સુખે સૂતા**
**જોબનનો રસ પ્રેમે પીધો ઘણો,**
**કુચ કટાક્ષ તે ઉર ખૂતા**
**ઉર્ધ્વ આસનનું સુખ બીજું ઘણું**
**મર્મ જાણી ઘણું માન રાખ્યું**
**મૂળદાસ માનની માન મોરારશું**
**દંગ (દ્રગ)ના રૂપમાં સર્વ દાખ્યું**

ઉર્ધ્વ આસન એટલે વિપરિત રતિના અર્થમાં અને બ્રહ્મ રંધ્રના શૂન્ય મહેલના પરમાત્માની સાથે એકતાના ભાવમાં પણ લઈ શકાય છે.

સત્તરમી સદીમાં વિશ્વનાથ જાની અને સંત પ્રાણનાથ 'ઈન્દ્રાવતી'ના પદોમાં રાધાભાવ મળે છે.

અઢારમી સદીમાં રસખાનની જેમ મુસલમાન કવિ રાજે (૧૬૫૦ કે ૭૦ થી ૧૭૨૦ કે ૩૦) રાધાના કૃષ્ણ સાથેના સંબંધની યોગ્યતા વિસારે છે.

**ઉગત વહાણે (પરોઢે) રાધાની માડી જાડી રે**
**એના ચિત્તમાં ચટકી લાગી રે**

તેના જવાબમાં રાધા કહે છે

**એટલે ત્યાં તો બોલ્યાં છે રાધા વાત**
**તું સાંભળ મારી માત ! રે બહુ સારું કીધું**
**માતા મારી શિશ તમારાં નથી વહેર્યા**
**પાનેતર પ્રભુનાં પહેર્યાં ! રે બહુ સારું કીધું**



રાધા તેની માતાને બરાબર હૈયા ધારણ આપે છે કે મારા લગ્નમાં તેત્રીસ કરોડ દેવતા આવ્યા'તા અને ખુદ જગદંબા ઉમાએ કંસાર જમાડ્યો હતો. મીરાંબાઈના આ પદ સાથે સરખાવો.

**માઈ મ્હાને સુપણામાં પરણ્યા રે દીનાનાથ**
**છપ્પન કોટા (કરોડ) જણા પધાર્યા દુલ્હો શ્રી વ્રજનાથ.**

એ સમયમાં સુંદર કવિ રત્નો બારમાસી કાવ્ય પ્રકારમાં મધુર ભાવો વ્યક્ત કરે છે જે ગીત ગોવિંદના પ્રારંભમાં છે.

**ફાગણ આવ્યો હે સખી કેશુ ફુલ્યાં રસાળ**
**હૃદે ન ફૂલી રાધિકા ભ્રમર કનૈયાલાલ**
**વેરી વિધાતાએ લખ્યો વ્હાલા તણો રે વિજોગ**
**'રત્ના'ના સ્વામી શામળા આવી કરો સંજોગ**

(પ્રીતમ ૧૭૧૮ – ૯૮) જ્ઞાનમાર્ગ ને અને કૃષ્ણલીલાનાં પદોનો કવિ કહે છે.

**રૂપ રાશિ-શી રાધિકા પ્રેમસાગર પ્યારી,**
**હિંડોળો રળિયામણો ઝૂલે પિયાપ્યારા.**

આ તરફ લોકગીતો અને ભજનવાણીમાં રાધા અને રાધાભાવનો મહિમા ગવાવા લાગ્યો. ગોરખપંથી, કબીર પંથી, નિજારી, મહાપંથી વગેરે સંત મતની નિર્ગુણી વાણીના સંત કવિઓ પણ રૂપક – કાવ્યોમાં કટારી, ચુંદડી પ્રભુ મિલનની પરિભાષામાં જ્ઞાન ભક્તિના મૂળ પ્રવાહમાં અને જીવની આરાધનાની અભિવ્યક્તિ રૂપે રાધાભાવનાં સંવેદનો સ્પર્શવા લાગ્યાં.

ખાસ કરીને રવિભાણ પરંપરાના ઉદાહરણ જોઈએ. મોરાર સાહેબ (૧૭૫૮/૧૮૪૯) કહે છે.

**ચુંદડી સુંદર શ્યામ સોહાગ, ઓઢે અનુરાગ, ચેતન વરની ચુંદડી**

બીજું પદ છે.

**કે'જો સંદેશો ઓધા / શ્યામને અમને તમારો ઓધાર**
**નિરખ્યા વિના રે મારા નાથજી સૂનો લાગે છે સંસાર**

મોરાર સાહેબનું એક પદ મીરાંથી લઈ અનેકને નામે ચડ્યું છે.

**લાવો લાવો કાગળિયો હોત કે લખીયે હરિને**
**એવો શું છે અમારો દોષ, ન આવ્યા ફરીને**
**માથડે ભરિયલ મહી કેરાં માટ, ગોકુળથી આવ્યાં રે**
**જાદવ ! ઊભા રો ને જમનાને તીર, બોલડિયે બંધાણા રે**

તો જેમણે જીવણ દાસમાંથી નામ બદલી દાસી, જીવણ (૧૭૫૦-૧૮૨૫) રાખ્યું હતું તે સંતના અનેક પદો અદ્ભુત છે.

**પ્રેમ કટારી આરંપાર નિકલી મેરે નાથ કી**
**ઔર કી હોય તો ઓખદ (દવા) કીજે હૈ હરિ કે હાથ કી.**

સ્વામીનારાયણ સંપ્રદાયમાં સુંદર પદોની રચના રાધા-કૃષ્ણના અનેક ભાવમાં થઈ છે. બ્રહ્માનંદ(૧૭૭૨-૧૮૬૨)નું અદ્ભુત પદ છે, જેમાં રાધા તેની સખીઓ સાથે બાલકૃષ્ણને પોતાને ત્યાં લઈ જઈ 'સ્ત્રી' 'રાધા' બનાવે છે.

**હરિ કું રાધે નાચ નચાવે, હરિ કું રાધે નાચ નચાવે**
**પાવનમેં નેપૂર કરી દીને, કર ચૂડી ઠહરાવે**
**મિલકે જુથ સબે વ્રજનારી લાલકું પ્યારી બનાવે**
**કછનિ કંબરિયા દૂર બહાય કે, લે લેંઘો પહરાવે**
**પાઘ ઉતાર, ઓઢાઈ ચૂનરિયાં, નૈનન કજરા લગાવે**
**માંગ સંભાર ભાલે દે બીંદી, કર ગ્રહી તાલ શિખાવે**
**રાધે રાધે, કહાન કહાન કહી નચવત તાન મિલાવે**
**રૂપ બનાય, લગાય કે ઘૂંઘટ, જસોમતી પૈં લેં જાવે**
**બ્રહ્માનંદ કહે તેરે સૂત કું એહિ કુંવરી પહનાવે**

યશોદા પાસે 'પ્યારી' કૃષ્ણને લઈ જઈ, કહે છે કે તારા કૃષ્ણ માટે આ યોગ્ય કન્યા છે. આની મસ્તી સ્ત્રી-પુરુષનું અન્યોન્ય ભાવ અને પરમ ઐક્યની રસ લ્હાણ છે.

બીજા એક પદમાં બ્રહ્માનંદ કહે છે

**ઝુલત શ્યામ હીંડો રે, રાધે સંગ ઝુલત શ્યામ હીંડો રે**
**દંપતી વદન વિલોકન કારણ ભીર મચી ચહું ઓરે**

ગુજરાતી ભાષી કવિઓ હિંદી, વ્રજ અને મિશ્ર ભાષામાં લખે ત્યારે અનેક ગુજરાતી પદો વચ્ચે વધુ ધ્યાન ખેંચે છે.

બીજા સ્વામીનારાયણ પરંપરાના કવિ પ્રેમસખી પ્રેમાનંદ (૧૭૮૪ – ૧૮૫૫) લખે છે.

**રમ્યો રાસ પિયા ઘનશ્યામ રી**

તેમાં મૃદંગના બોલ, સરગમ, નૃત્યુનું વર્ણન વગેરે સુંદર છે. એવું જ બીજું પદ લઈએ જેમાં ઝાંઝર પ્હેરી રાધા રાસ રમે છે.

**વારી લાલ નાચત ગત સંગીત ઝનનનનન નૂપર બાજે**

**તનનનનન લંત તાન બનવારી ... વારી**
**બ્રજનારી કર ગ્રહી જુગલ જુગલ પ્રતિ કરત ખ્યાલ લાલ લાલ**
**નાર થોગિડ ગિડ થોગિડ ગિડ બજત મૃદંગ ગત,**
**ઉઘટ થે થે તતત તતત**
**સરર રરર ભ્રમત ભોમિ પર બ્રજલની ઉનમત બાલ**
**છોમ છનનન છોમ છનનન ઘુંઘરુ બાજત ગત અત ન્યારી**
**ઝલલ ઝલલ ઝલકત ભૂજભૂખન હાવભાવ હિતકારી – વારી**
**લટક લટક લટકત લટકીલો કરત મુગટ કી છાંઈ**
**રાધામુખ શ્રમજલ હરિ પોંછત ગ્રહી ભુજ કંઠ લગાઈ બાલ**
**નિરખત ગગન સુમન સુર બરખત આનંદ ઊર ન સમાત**
**પ્રેમાનંદ ઘનશ્યામ છબી પર, તન મન ધન બલજાત બાલ**

રાસમાં સુંદર નાચવાનો આનંદ આપ્યા બદલ, કૃષ્ણ પોતાના મુગટનો છાંયો કરી રાધાના પ્રસ્વેદ લૂછી ગળે લગાવે છે. અને વર્ણાનુપ્રાસ, અંત્યાનુપ્રાસ, આંતર્પ્રાસ અને ઝડઝમકથી પદની મધુરતા વધારે છે અને મધ્યકાલીન યુગના છેલ્લા સૂર્ય સમા દયારામ(૧૭૭૭-૧૮૫૨)ની યાદ આપે છે.

**વૃંદાવનમાં થનકાર થનક થૈ થૈ થૈ,**
**રાધાકૃષ્ણ રમે રાસ ગોપી લહી લહી લહી,**
**બીજું કંઈ નહીં નહીં નહીં રે**
**હાં રે નુપુર ચરણ, કનક વરણ, ઝાંઝર જોડો**
**હાં રે ઘૂઘરી આળો ઓથે અક્કો તોડો**
**હાં રે મોર મુગટ, મણિ, વાંકડો અંબોડો**
**હાં રે કુંડલી કાન, ભ્રૂકુટિ બાન, તિલક તાન**
**નેન બાણ, કંપમાન ફ્રૂફ્રા ફેઈ ફેઈ ફેઈ રે**
**વૃંદાવનમાં .....**

બંસીબોલના કવિ દયારામની લય, ભાષા, ભાવ અને ગીત કવિતાથી ભર્યાં ભર્યાં પદ રસનો ખજાનો છે. નરસિંહ મહેતાના 'મારે વનરાવન છે રૂડું વૈકુંઠ નહીં આવું'ના દયારામ પડઘા પાડે છે.

**વ્રજ વહાલું રે વૈકુંઠ નહીં આવું**
**મને ન ગમે ચતુર્ભુજ થાવું**
**ત્યાં શ્રી નંદકુંવર ક્યાંથી લાવું**
**જોઈએ લલતિ ત્રિભંગી મારે ગિરધારી,**
**સંગે જોઈએ શ્રી રાધે પ્યારી**
**તે પિતા નવ આંખ ઠરે મારી ... વ્રજ વહાલે**

રાધાભાવની અનેક સુંદર રચના

**'હાંવા હું સખી નહીં બોલું રે નંદકુંવરની સંગ**
**મુને 'શશીવદની' કહી છે રે ત્યારની દાઝ લાગી છે અંગે**
**'શ્યામ રંગ સમીપે ન જાવું'**
**'ઊભા રહો તો કરું વાતડી બિહારીલાલ'**
**'હું શું જાણું જે વ્હાલ મુજમાં શું દીઠું'**
**'તું જોને સખી શોભા સલૂણા શ્યામની'**

ઉપદેશના પ્રખ્યાત પદ 'ચિત્ત તું શીદને ચિંતા ધરે કૃષ્ણને કરવું હોય ને કરે'માં છેલ્લે કહે છે.

**'થાવાનું અણચિતવ્યું થાશે, ઉપનિષદ ઓચરે રે**
**રાખ ભરોસો રાધાવરનો, દયા શીદને ડરે '**

લોકગીતોમાં સમાજ નિરૂપણ, પરંપરા, પ્રશ્નો ઉપરાંત મુખ્ય વિષય શ્રીકૃષ્ણની અનેકવિધ લીલાઓની રચના છે જેનો કર્તા અજાણ છે. રાધાભાવની અનેક સુંદર રચનાઓ છે.

**રાધાજીનાં ઊંચાં મંદિર નીચા મોલ**
**ઝરૂખડે દીવા બળે રે લોલ**
**રાધા ગોરી ગરબે રમવા આવો**
**સાહેલી સહુ ટોળે વળે રે લોલ.**

ઊંચા મંદિરમાં બળતા દીવા આનંદ, સમૃદ્ધિની સાથે વિરહ કે પ્રતિક્ષામાં બળતા દીવા પણ હોઈ શકે. સહુ સાહેલીઓ પતિને મૂકી ગરબે રમવા આવે છે તો રાધા તમારા 'મંદિર'માં કૃષ્ણ હોય કે ન હોય તમે પણ સહુની સાથે તાલ મિલાવવા આવો તેનું ઇજન છે.

**'કાન તારી મોરલીએ માંહીને ગરવો ઘેલો કીધો'...**
**'ખમ્મા મારા નંદજીના લાલ મોરલી કાં રે વગાડી'...**
**'ઝાલર વાગે ને કાનો હરિરસ ગાય'...**
**'હો રંગસિયા ક્યાં રમી આવ્યા રાસ રે'...**
**'ઓધવજી મારા ઘર પછવાડે મોહન મોરલી વગાડેજી'...**
**'ટીલડી ચોડીને રાધા મંદિર પધાર્યાં સાસુને પાયે પડિયાંજી'...**
**'રાધા કરસન રમે હોળીએ રે લોલ**
**ઊડે છે કંઈ અબીલ ગુલાલ કાજ**
**કરસન વાડીમાં કમળ ઉઘડ્યાં'...**
**'રૂડાં આસો પાલવનાં ઝાડ, કદમની છાયા રે**
**ત્યાં બેઠાં રાધાજી નાર કસુંબલ પ્હેરીને'...**
**'મથુરામાં ખેલ ખેલી આવ્યા હો કાન !**
**ક્યાં રમી આવ્યા'...**

વગેરે અનેક પદોમાં અનેક ભાવોની ઝાકમઝોળ લોકગીતોમાં છે. ગુજરાતી કાવ્યની ઓગણીસમી સદીના પૂર્વાર્ધ સુધીની યાત્રામાં રાધા પ્રમુખ નાયિકા છે. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં પરિસ્થિતિ બદલાય છે. ૧૮૫૭નાં સ્વાતંત્ર્ય સંગ્રામ, રાણી વિક્ટોરિયાનો ઢંઢેરો, ભારત એકહથ્થુ અંગ્રેજી રાજ્યમાં આવ્યું. મુંબઈ યુનિવર્સિટીની સ્થાપના અને ગુજરાતી ભાષા પ્રેમી ફાર્બસની ઉપસ્થિતિ વગેરેથી રાધા-કૃષ્ણ કવિતાની ઉત્કટતા ઓછી થઈ ગઈ. સાહિત્યકારો નવલકથા, નિબંધ, હાસ્ય, ચિંતન, જીવનચરિત્ર, આત્મકથા જેવા નવા પ્રકારોમાં શક્તિ અને નિપુણતાનો ઉપયોગ કરતા થઈ ગયા. એક બાજુથી સોનેટ અને બીજી બાજુથી ગઝલનો યુગ આરંભાયો. પંડિત યુગમાં નવી ક્ષિતિજો ખેડવાનો સુંદર પ્રયાસ થયો. તે પહેલાં સુધારક યુગમાં દલપતરામ અને નર્મદની બુદ્ધિ પ્રધાન કવિતાઓ સાથે અન્ય ભાવની કવિતાઓ મળી. બાલાશંકર કંથારિયા, મણિલાલ ન. દ્વિવેદી, કલાપી ગઝલમાં તો કાન્ત અને બ.ક.ઠા. સોનેટમાં ભાવ, બુદ્ધિ અને નવી સૌંદર્યલક્ષીતા સાથે બહાર આવ્યા. તેમાં 'મહાકવિ'નું બિરુદ પામેલા ન્હાનાલાલ (૧૮૭૭ – ૧૯૪૬) જ્યારે 'ધાર્મિક' જેવી ગણાતી કવિતા 'પછાત' ગણાવા લાગી ત્યારે –


**કવિ જવાહર બક્ષીકૃત 'પરપોટાના કિલ્લા' કાવ્યસંગ્રહના લંડન માંહે લોકાર્પણ ટાંકણે લેવાઈ છબિ. જમણેથી, વિમોચનકાર પ્રવીણ શાહ, જવાહર બક્ષી અને અકાદમી પ્રમુખ વિપુલ કલ્યાણી**

**મ્હારે સૂની આયુષ્યની શેરીઓ, હરિ આવોને**
**મ્હારે સૂની સૌ જીવન વાટ હવે તો હરિ આવો ને**
**મ્હારા કાળજ કેરી કુંજમાં હરિ આવોને**
**મ્હારા આતમ સરોવર ઘાટ હવે તો હરિ આવો ને**
અથવા તો
**હલકે હાથે તે નાથ ! મહીડાં વલોવજો**
**મહીડાંની રીત નહોય આવી.**

'વિરાટનો હીંડોળા' લખનાર ન્હાનાલાલના કૃષ્ણમાં બ્રહ્મભાવ અને રાધાભાવમાં જીવ ભાવ સ્પષ્ટ ઉપસી આવે છે.

**નીલો કમલરંગ વીંઝણો હો નંદલાલ**
**રઢિયાળો રતનજડાવ મારા નંદલાલ**
**બ્રહ્મા વીંઝે બ્રહ્મ વીંઝણો**

નરસિંહ મહેતામાં અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ કે નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યાં જેવી બ્રહ્મ અને કૃષ્ણની એકતા રૂપી હરિને હવે તો આવો ને કહે છે.

પંડિત યુગ પછી ગાંધી યુગમાં પણ મહાત્મા ગાંધીને કારણે સ્વાતંત્ર્ય, લોકજાગૃતિ, સત્યાગ્રહ, સ્વરાજ વગેરેમાં રાધા-કૃષ્ણ કાવ્યો પ્રમાણમાં ઓછાં મળે છે. મેઘાણીથી લઈને ઉમાશંકર જોશી સુધી તેમાં ઓછા કાર્યરત દેખાય છે. બન્ને યુગમાં વચગાળામાં કે સાથે ચાલતા નાટકનાં કાવ્યો, શયદા યુગની ગઝલોમાં, ખબરદાર, શ્રીધરાણી, રા. વિ. પાઠક, શયદા, રઘુનાથ બ્રહ્મભટ્ટ, પ્રભુલાલ દ્વિવેદી, કરસનદાસ માણેક, પૂજાલાલ, સ્નેહરશ્મિ, બાદરાયણ, પતીલ સુંદરજી બેટાઈ, મનસુખલાલ ઝવેરી વગેરેની ટકાવારી ગણો તો અલ્પ સંખ્યામાં મળતી રાધા કવિતા સુંદરમના આવતાં પાછી ગૌરવશાળી થઈ. મનસુખલાલ ઝવેરી(૧૯૦૭ – ૧૯૮૧)ના કાવ્યમાં ...

**'ગિરિધર ગોકુલ આવો**
**ને તમે રાધા રસિયાજી આબન – ઠન કર અલબેલી**
**કહાન ! કહાન ! કરી વન – નિકુંજ અરે કયા શીએની**
**ગિરિધર ગોકુલ આવો.'**

તો સુંદરમ (૧૯૦૮ – ૧૯૯૧) કહે છે

**'મારી બંસીમાં બોલ બે વગાડી તું જા.'**

બીજા કાવ્યમાં કહે છે -

**મેં એક અચંબા દીઠો, દીઠો મૈં ઘરઘર કૃષ્ણ કનૈયો**
**હૃદય હૃદય મેં રાધા દીઠી હું બન્યાં મુગ્ધ નરસૈંયો.**

સુંદરમનું –

**'મોરે પિયા મૈં કુછ નહીં જાનું**
**મૈં તો ચુપ ચુપ ચાહ રહી.'**
**મેરે પિયા તુમ કિતને સુહાવન**
**તુમ બરસો જિમ મેહા સાવન**
**મૈં તો ચુપચુપ નાહ રહી**
**મેરે પિયા તુમ અમર સુહાગી**
**તુમ પાયે મૈં બહુ બડભાગી**
**મૈં તો પલપલ બ્યાહ રહી**

રાધાના નામ વિના ઉત્કટ રાધાભાવનું ગુજરાતી કવિએ લખેલું ઉત્તમ ગીત છે. આવી જ રાતે અનુગાંધી ગણાતા યુગમાં રાજેન્દ્ર શાહ (૧૯૧૩ – ૨૦૧૦) શૃંગાર ગાય છે.

**હો સાંવર ! થોરી અંખિયન મેં જોબનિયું ઝૂકે લાલ નાગર સાંવરિયાં**
**મોરી ભીંજિ ચોરી ચુંદરિયાં, તું ઐસા રંગન ડાલ નાગર સાંવરિયાં**
**તું નંદલાલ છકેલ છોરો**
**મૈ હું આહિર બેટીરી**
**ફૂલન હાર ગલેમેં, દૂજી**
**હાર રહેંગી છોટી રી**
**હો સાંવર લીની કેસર ઝારી મૈંને લીનો ગુલાલ નાગર સાંવરિયા**
બીજા પદમાં કહે છે

**હરિ મારે નયને બંદીવાન**
**એનો મોર મુગટ શિર મોરે**
**મુરલી અધર ધર ધારું**
**રહસિમહીં રસમય, ત્યાંહી રાધા કોણ ?**
**કોણ વળી કાન ?**

રાધા-કૃષ્ણ ઓતપ્રોત થઈ જાય છે. આ વાત ઉમાશંકર જોશીના

**'માધવના મુખડે મોરલી / મહીં હૈયું રાધાનું રેલાય'**થી આગળ વધે છે એવી જ રીતે ઉમાશંકર(૧૯૧૧ – ૧૯૮૮)ના **'એક સમે ગોકુળમાં જાગ્યાતા સૂતા મોર'**ની વાત માધવ રામાનુજ આગળ વધારે છે.

**એકવાર યમુનામાં આવ્યું તું પૂર**
**કાંઠો તો યમુનાનો, પૂનમ ગોકુળિયાની**
**વેણ એક વાંસળીનાં વેણ**
**મારગ તો મથુરાનો, પીંછું તો મોરપીંછ,**
**નેણ એક રાધાના નેણ,**
**એવાં તે કેવાં ઓ કહેણ. તમે આવ્યાં કે**
**લઈ ચાલ્યાં દૂર ... દૂર ... દૂર ...**

નિરંજન ભગત (૧૯૨૬) રાધાનું નામ લીધા વિના કહે છે. હરિવર મુજને હરી ગયો. મેં તો વ્હાલ કીધું ન્હોતું તો યે મુજને વરી ગયો. હરિવર મુજને હરી ગયો.

એ પછી હેમંત દેસાઈ, પ્રિયકાંત મણિયાર, હરીન્દ્ર દવે, રાધા ભાવની યમુના વહાવી છે. મણિલાલ દેસાઈ અને લાભશંકર પણ તેમની રીતે રાધાને યાદ કરે છે.

અંતમાં થોડામાં ઝાઝુની કહેવત અને કવિઓના કાવ્યોમાંથી આચમન કરીએ.

સ્નેહરશ્મિ (૧૯૦૩ – ૧૯૭૧)
**રૂમઝૂમ પગલે ચાલી**
**જો ! રાધા ગોપ દુલારી**
**ઉષાનું સિંદુર સેંથે છલકે**
**ભાલશશીની ટીલડી પલકે**
**શરદની તારક ઓઢણી ઢળકે**
**અંગંશી મતવાલી**

વેણીભાઈ પુરોહિત (૧૯૧૬ – ૧૯૮૦)
**શ્રાવણ વરસે સરવડે ને ઝરમરિયો વરસાદ**
**કાના આવે તારી યાદ**
**ગોપી થઈ ઘૂમું કે કાના બનું યશોદા મૈયા**
**કે રાધા થઈ રીઝવું તુજને**
**હે સતપત રખવૈયા કાના ! આવે તારી યાદ**

મકરંદ દવે (૧૯૨૨ – ૨૦૦૫)
**માધવ મોરપીચ્છ અવલોકે શોકે**
**વારંવાર કંથિત કરથી ધરતા વિરહાકુલ**
**આતુર અપલક રાધા કેરી ઝાંખી ઉરે જગાડી**
**મોરપીચ્છ મહીં અનુખન નિરખે અંકિત આંખ ઉઘાડી .....**
**મોરપીચ્છ નિજ શિરે લગાવત ધારી પ્રેમ અગાધ !**
**માધવ ડોલત વન વન કુંજે બોલત રાધા રાધ.**

હરીન્દ્ર દવે (૧૯૩૦ – ૧૯૯૫)
**અધમારગડે**
**(૧) મથુરામાં ઝૂરે માધવ, મધુવનમાં ઝૂરે રાધા**
**અધમારગ ઝૂરે ઓધવજી નીરખી નેહ અગાધા**
**(૨) એક જશોદાના જાયાને માણું**
**એ દેવકીના છોરાને જાણે મારી બલ્લા**

હોય ગોરસ તો પરસીને નાણું
આ નીરના વલોણાને તાણે મારી બલ્લા
હોય વાંસળીના સૂર તો પિછાણું
આ કાલી ઘેલી બોલીને જાણે મારી બલ્લા
રાધાનું નામ એક સાચું, ઓધાજી
બીજું સાચું વૃંદાવનને ઠામ
મૂળગી એ વાત નહીં માનો કે કોઈ અહીં
વારે વારે બદલે ના નામ
એક નંદના દુલારાને જાણું
વસુદેવજીના કુંવરને જાણે મારી બલ્લા

જગદીશ જોશી (૧૯૩૨ – ૧૯૭૮)
વાંસળીથી વિખૂટો થઈને આ સૂર એક
હુંઢે કદંબની છાંય
મારગને ધૂળની ઢંઢોળી પૂછે
મારા માધવને દીઠો છે ક્યાંય
યમુનાના વ્હેણ તમે મુંગા છો કેમ
કેમ રાધાની આંખો ઉદાસ
વહી જતી લ્હેરખીને વ્યાકુળ કરે છે અહીં
સરતી આ સાંજના ઉજાસ
બાવરી વિભાવરીનાં પગલાંથી લાગણીની
રાતરાણી ઝાકળથી ન્હાય

પ્રિયકાંત મણિયાર (૧૯૨૭ – ૧૯૭૬)
આ નભ ઝૂક્યું તે કાનજી
ને ચાંદની તે રાધા રે
આ સરવર જલ તે કાનજી
ને પોયણી તે રાધા રે
આ બાગ ખીલ્યો તે કાનજી ને લ્હેરી જતી તે રાધા રે
આ પરવત શિખર ને કાનજી ને કેડી ચડે તે રાધા રે
આ ચાલ્યાં ચરણ તે કાનજી ને પગલી પડે તે રાધા રે
આ કેશ ગુંથ્યા તે કાનજી ને સેંથી પૂરી તે રાધા રે
આ દીપ જલે તે કાનજી ને આરતી તે રાધા રે
આ લોચન મારાં કાનજી ને નજરૂં જુએ તે રાધા રે

સુરેશ દલાલ (૧૯૩૨ - ૨૦૧૨)
(૧) રાધાનું નામ તમે વાંસળીના સૂરમાં
વ્હેતું ના મેલો ઘનશ્યામ
સાંજ ને સવાર નિત નિંદા કરે છે
ઘેલું ઘેલું રે ગોકુળિયું ગામ
(૨) રાધા શોધે મોરપીચ્છ ને શ્યામ શોધતાં ઝાંઝરિયાં
રાધિકાની આંખ જપે છે સાંવરિયા ઓ સાંવરિયા
ઉજળો દિવસ શ્યામ થયો ને રાધિકા થઈ રાત
યમુના જળ દર્પણ થઈને કહે હૃદયની વાત
ભરી ભરીને ખાલી ખાલી કરતી ગોપી ગાગરિયાં
રાધિકાની આંખ જપે છે સાંવરિયાઓ સાંવરિયા

ચંદ્રકાંત દત્તાણી (૧૯૩૩)
તારી રાધા રહી ન હવે રાધા
આંસુની લિપિ થઈ આખ્ખા વનરાવનમાં
રેલાતી ગઈ તારી રાધા
તારી રાધા રહી ન હવે રાધા

સુરેશ ગાંધી (૧૯૧૨)
રાધા ચાલી પગલાં જોતી
જ્યાં જ્યાં હરિપગલાંને જોયાં ફૂલડાં મેલ્યાં ગોતી

હેમંત દેસાઈ (૧૯૩૪)
વ્રજમાં ઢળી સાંજથી સરી વેદના ભરતી ફાળ
ચખ રાધાનાં બળતાં એની ગગને અડતી ઝાળ

ઘનશ્યામ ઠક્કર (૧૯૪૬)
રાધાના ગુસ્સાનું ગીત
મળવાનું મન પહોંચ્યું જોજનવા દૂર તો ય ખેંચાતી જાઉં પછી તે
ગોકુળમાં ઓળખેલો શ્યામ, તને દ્વારકામાં ઓળખી શકીશ કઈ રીતે

યશવંત ત્રિવેદી (૧૯૩૪)
(૧) કૃષ્ણ તરૂના વનથી સરતી પ્રેમધૂસર તવ છાંય
હે રાધા તવ, મંદ્ર મંદ્ર શ્રાવણને કોરી વર્ષાજલની કાય
(૨) પોતાની છબછબતી છાયા માધવને સોંપીને રાધા સુધબુધ
પાણી કેરાં વસ્ત્ર પહેરી, વ્હેલું ઓઢે આભ – કુંજગગનમાં વિસરી નિહાળી
મજીઠ જેવું ચુંબન લઈને આજ કનૈયે લીધી હોય ના ધૂળંટડીની ગોઠ
હોય નહીં આ અમથા અમથા રાતારાતા ચણોઠડી શા આટલા રાતા હોઠ

મણિલાલ દેસાઈ (૧૯૩૯ – ૧૯૬૬)
મળે રાધા જો કોઈને તો કહેજો
કે નીર મને યમુનાનાં વ્હાલાં છે એટલાં જ
મળે માધવ જો કોઈને તો કહેજો
કે તીર મને સૂરના વ્હાલાં છે હજુ એટલાં જ

રમેશ પારેખ (૧૯૪૦ – ૨૦૦૬)
રાધાનું ગીત
સાચા પડેલ કોઈ શમણા સમીરે
સાંજ વેળાથી શેરીઓ છવાતી
ફળિયે અણોસરી હું બેસીને જોઉં
મારી એકલતા આમતેમ વાતી
વાગે ઓસાણ ઘોર જંગલનાં એમ જેમ છાતી આરપાર ખીલા
વનરાતે વનની વાટે હો શ્યામ, હવે ફૂંકાતી ઝાંઝવાની લીલા

હર્ષદ ચંદારાણા (૧૯૪૭)
રાધા એક કોળતું બીજ છે
શ્યામ તમે તાજી કુંપળ
અળગા ન થાજો એક પળ
રાધા કોઈ વણજારી વાવ છે
શ્યામ તમે ઝંપેલું જળ
અળગા ન જોમે એક પળ

આમ રાધાના અનેક વિરહ-મિલનની નાયિકાના ભાવ ગુજરાતીમાં સબળ રીતે અને સૌંદર્યથી ભરપૂર ભાષા પ્રતીકો – કલ્પનાઓ અને શબ્દચિત્રમાં ઝીલાયા છે. સમાપનમાં બે કવિતા મૂકું છું.

બાલમુકુંદ દવે (૧૯૧૬ – ૧૯૯૩) રાસમાં કશુંક અનેરૂં તત્ત્વ ઉમેરે છે.
અલ્લક દલ્લક ઝાંઝર ઝલ્લક
રઢિયાળો જમનાના મલ્લક
એથી સુંદર રાધા ગોરી
મુખડું ઝળકે ઝલ્લક ઝલ્લક
આભે પૂનમ ચાંદ ઊગ્યો છે
રાસ ચડ્યો છે છમ્મક છમ્મક
ગોપી ભેળા કાન ઘૂસ્યો છે

**ઢોલક વાગે ઢમ્મક ઢમ્મક**
**રાધિકાનો હાર તૂટે છે**
**મોતી ચળકે ચલ્લક ચલ્લક**
**બધાં જડયાં પણ એક ખૂટે છે**
**રૂએ રાધિકા છલ્લક છલ્લક**
**લીધું હોય તો આલને કાના**
**મોતી મારું ચલ્લક ચલ્લક**
**તારાં ચરિતર છે ક્યાં છાનાં**
**જાણે આખો મલ્લક મલ્લક**
**કાને ત્યાંથી દોટ મૂકી છે**
**રીસ ચડી ગોપી જન વલ્લભ**
**કદંબ છાયા ખૂબ ઝૂકી છે**
**બંસી છેડે અલ્લપ ઝલ્લપ**
**રાધા દોડે ચિત્ત અધીરે**
**રાસ રહ્યાં છે અલ્લક દલ્લક**
**સૂર વણાયે ધીરે ધીરે**
**ઉર તણાયે પલ્લક પલ્લક**
**અલ્લક દલ્લક ઝાંઝર ઝલ્લક**
**રઢિયાળો જમનાનાં મલ્લક**
**એથી સુંદર રાધા ગોરી**
**મુખડું ઝળકે ઝલ્લક ઝલ્લક**

નરસિંહ મહેતાના નાગરનંદજીના લાલમાં નથણી ખોવાઈ એનો સૂર અહીં મળે છે. એક જ મોતીની રાધા પણ અને છેલ્લે ઉર તણાયે પલ્લક પલ્લક છે.

સમગ્ર ભારતમાં રાધાના પ્રેમ અને આધિભૌતિક, આધિ દૈવિક તથા આધ્યાત્મિક પ્રતિભાનો યશગાન કરતાં કાવ્યોનો હિલ્લોળ ઉઠયો તેમાં ગુજરાત પણ ગૌરવભેર અગ્રેસર રહ્યું છે. ગુજરાતી ભાષા તથા સાહિત્યના દરેક યુગમાં રાધા-કૃષ્ણનાં કાવ્યોએ પોતાની વિશિષ્ટ મુદ્રા ઊભી કરી છે. ગઝલમાં અરવિંદ ભટ્ટનો શેર ટાંકી કહું તો

**એક પીછું મોરનું શોધતાં શોધતાં**
**છેક પ્હોંચી જવાયું છે ગોકુળમાં**

ગની દહીંવાલાની પચાસેક વર્ષ પહેલાં લખાયેલી ગઝલમાંથી -

**એ રીતે ઝબકી દિલની ઝંખના જાગી હશે**
**સૂતી હશે કો રાધિકા ને વાંસળી વાગી હશે**

ત્યાંથી લઈ, ગયે વર્ષે, પુષ્પા પારેખના સંગ્રહમાં આવેલી રાધા રદીફવાળી ગઝલ સુધી ક્યાંક ક્યાંક એ સૂર પૂરાતો રહે છે.

અછાંદસના શ્રેષ્ઠ ગણાતા કવિ લાભ શંકર ઠાકરની (૧૯૩૫) તોટક લયની આ અનુપમ કવિતામાં આધુનિક સંવેદના સાથે આપણી આંખની શ્યામલ કીકી રૂપ કૃષ્ણ કનૈયો સમગ્ર સૃષ્ટિના રૂપને રાધા સ્વરૂપે જોઈ ધન્યતા અનુભવે છે.

લાભશંકર ઠાકર

**વરસાદ પછી**

**જલ ભીંજેલી જોબનવંતી**
**લથબથ ધરતી અંગઅંગથી**
**ટપકે છે કૈં રૂપ મનોહર**
**ને તડકાનો ટુવાલ ધોળો**
**ફરી રહ્યો છે ધીમે ધીમે**
**યથા રાધિક જમુના જલમાં**
**સ્નાન કરીને પ્રસન્નતાથી**
**રૂપ ટપકતાં પારસ દેહે**
**વસન ફેરવે ધીરે ધીરે**
**જોઈ રહ્યાં છે પરમ રૂપના**
**ઘૂંટ ભરતાં શું મુજ શ્યામલ**
**નેનન માંહે છુપાઈ ને એ કૃષ્ણ કનૈયો**

આમ છ સદીની યાત્રા મારા સ્મરણના સહારે અને તેને આધારે છપાયેલી કૃતિઓમાંથી સાચો પાઠ મેળવી, અહીં રજૂ કરવામાં ખૂબ આનંદ આવ્યો, અને સ્મરણ ચૂક કે શરત ચૂકથી કશું અગત્યનું છૂટી ગયું હોય તો રાધે રાધે !

[૧૨૨, પૂર્ણાનંદ, ડોંગરશી રોડ, વાલકેશ્વર, મલબાર હીલ, મુંબઈ – 400 006, ભારત]
e.mail : baxi-jawahar@hotmail.com

--------

**(ગઈ સાલ, લંડન માંહે, આપેલા વ્યાખ્યાનનો મૂલાધાર પાઠ)**

## બોલ ફકીરા

**• દીપક બારડોલીકર**

બોલ ફકીરા, શું કરીએ !
કોને દિલનાં દખ કહીએ –
બોલ ફકીરા, શું કહીએ !

માણસને માણસની બીક
ચોગરદમ બળબળતી ખીજ
જોરજુલમ છે ખીચોખીચ
બોલ ફકીરા, શું કરીએ !

ઉપવન ઉપવન ભડકે આગ
છે પુષ્પોની ભાગાભાગ
પંખીડાંનો માળા ત્યાગ
બોલ ફકીરા, શું કરીએ !

ક્યાંના વાદળ, ક્યાંની છાંય
ધગધગ સૂરજ, શિર શેકાય
રસ્તા 'ખાઉં – ખાઉં' થાય
બોલ ફકીરા, શું કરીએ !

કેવા હક ને ક્યાંનો ન્યાય
જ્યાંત્યા ચૌદશિયા ભટકાય
ઠાંસી દે જીવનમાં લાય
બોલ ફકીરા, શું કરીએ !

ખુરશીનો જાદૂઈ ખેલ
અવળી ઘાણી, અંધા બેલ
નીકળતું લોકોનું તેલ
બોલ ફકીરા, શું કરીએ !

••••••

## ગયો કોઈ

**• દીપક બારડોલીકર**

શૂળોને તૃપ્ત કરનારો ગયો કોઈ
રડે છે રણ કે દીવાનો ગયો કોઈ

કોઈ કાજે ખુશીથી જિંદગી હોમી
બચાવી કોઈનો માળો ગયો કોઈ

સબરના ઘૂંટ હંમેશાં રહ્યો ભરતો
શમાવી હૈયે તોફાનો ગયો કોઈ

કટે છે એમ માતમ આજ દરિયો પણ
સહોદર જાણે દરિયાનો, ગયો કોઈ

હવે શું, શાલ - પોશાકો, તમે આવ્યાં
હતો જે જિર્ણ જામાળો, ગયો કોઈ

ઊડે છે ધૂળ તેની શોધમાં 'દીપક'
વિજનતા પથની હરનારો, ગયો કોઈ

# વિ-દેશવટો : ઘરનો રસ્તો ભૂલેલા સર્જકની કાવ્યયાત્રા

• હિમાંશુ પટેલ

કાવ્યક્ષેત્ર એટલું વિશાળ છે કે એક કાવ્ય વાંચતા અનેક યાદ આવે છે. સંસ્મૃતિ અચાનક વિશાળ થઈ જાય. એવું સંસ્કૃતિ વિશે પણ કહી શકાય. એનાથી દૂર થયા પછી એનો વ્યાપ વધી જાય. સંસ્કૃતિની સંસ્મૃતિને નામ છે, ઓળખ છે : ઘરઝૂરાપો, નિસ્કાસન, વિ-દેશવટો આદિ. જેમ ભક્તિયુગમાં ઈશ્વર અનુરાગ હતો એમ ભૌતિકયુગમાં 'વતન' એવું ટીખળી વિધાન ભરતભાઈ અને અન્ય કવિઓ વાંચતા કરવાનું મન થાય. ભરત ત્રિવેદી એ કાવ્ય-જીવન યાત્રાને વિ-દેશવટો નામ આપે છે અને પન્ના નાયક પોતાને વિદેશિની નામે ઓળખાવે છે.

કુલ ત્રણ પ્રસ્તાવના અને CD સાથેનો આ સંગ્રહ બે ભાગમાં વિસ્તરેલો છે, અછાંદસ (આ શબ્દ સ્વયં ચર્ચાનો વિષય છે.) અને ગઝલ. એમાથી અછાંદસ વિશે અહીં લખાયું છે. (ગઝલ મારો વિષય નથી, અને આવડત નથી.)


'વિ-દેશવટો'માં સમાજવાદી ધ્વનિ છે, વ્યક્તિચિત્રો છે જે નિજી વિગતો બોલે છે. લા.ઠા.ના કાકુ સંભળાય છે તો - વેગાઝનાઈટ્સ - જેવા કાવ્યમાં વેગાઝ અને ભાદરણનો સંદર્ભ સધાતો નથી. 'ઓરે પિયા મોરે પિયા' જેવાં કાવ્ય અકારણ લમ્બાયા છે. એમના કાવ્યમાં વક્તા કે અફસોસ વર્તાય છે. કાવ્યજગત પ્રત્યે તો અહીં બાળસહજ રમતિયાળ ભાષા પણ છે અને સંક્ષિપ્ત કવિતા (મિનિમાલિસ્ટ પોએટ્રિ)ની ધૃષ્ટતા ય છે. ક્યારેક કવિતા gag કે એના જેવા અભિગમ તરફ સરકી જાય છે. Ars poetica જેવા કાવ્યમાં કવિતા simile સુધી જઈ મેટાફર બનતા અટકી જાય છે, તો ક્યાંક હોવાની વેદના, ન હોવાની, ગળાઈ ગયાની છે. કાવ્યમાં પોલિટિક્સ સંભળાય છે. 'સ્પ્રિંગફિલ્ડ'માં પરદેશીપણાનો અનુભવ વક્તા અને માનસિક અસંગતિથી ઝૂંપા લાહિરીની 'નમસેક'માં જોવા મળે છે તેવી મથામણ છે. (આ ડાએસ્પોરા નથી એડજસ્ટમેન્ટની મથામણ છે.) આ કાવ્ય સાથે 'ફોલિન્સબ્રુકનું મારું ઘર' ટ્રાન્સમાઈગ્રેશનના કૂટપ્રશ્નો છે, મનોસ્થિતિ છે. સ્થિત્યંતર અને સ્થળાંતર પુનર્વસવાટની વ્યથા છે, શારિરીક તકલીફો છે. 'વિન્ટર અને હું' સ્થાનિક અને સ્થળાંતરિત માણસનું જક્સ્ટાપોઝિશન છે : એવાં કાવ્ય આ મારાથી નહીં થાય કે આ મારી પરિસ્થિતિ નથી કે મારી હયાતી નથી એનો સૂર છે. જીવવું એ ટેવાવું છે. કાવ્ય પ્રાદેશિક, સામાજિક, ધાર્મિક, શહેરી ચિત્રોથી ભરેલાં છે અને કાવ્ય વિશે પણ કાવ્યો છે જ્યાં અભિવ્યક્તિની, ભાષાની, સરળ નિખાલસતા અને સાહજિકતા (અક્લિષ્ટતા) એવાં કાવ્યોનું હાર્દ છે. 'માનો ફોટોગ્રાફ - બારી બહાર' આપણા ભૂતપૂર્વ કવિ યાદ કરાવે છે, નવા ધ્વનિથી, સંદર્ભથી. 'કવિતા અને એક અધૂરી કવિતા' જેવાં કાવ્યમાં ભર્તૃહરિવાળો સ્ફોટ કાર્યરત છે, કાવ્ય સર્જનની વેદના છે, મથામણ છે. દરેક કાવ્ય અધકચરી પ્રક્રિયા છે, જ્યાંથી સર્જક પડતું મૂકે ત્યાંથી બીજા કોઈએ એને ફરી તપાસવાની છે, ઓળખવાની છે.



હિમાંશુ પટેલ



ભરત ત્રિવેદી




ભરતભાઈની કવિતા સામાજિક મૂલ્યોનો ઉચ્છેદ વા હ્રાસ લઈને આવે છે વા રેશનાલિસ્ટ સમ આપણી સામાજિક અતિરેકતા અને આપણા મૂલ્યોની પૌરાણિકતા કે જીર્ણતા વિશે બોલે છે. ત્યારે પ્રશ્ન એ થાય કે કવિતાનું કામ ગદ્યમય પદ્યનું પણ હશે? કે પછી એ બે વચ્ચે જે ભેદ છે તે કાંઠા તોડવા જરૂરી છે? કે બે શૈલી પોતપોતાની રીતે પોતાના કામ કરે તે હિતાવહ છે. આ ઉપરાંત ભરતભાઈની કવિતામાં અભિવ્યક્તિના ત્રણ અભિગમ વર્તાય છે તેમાં પહેલો એમના કાવ્યમાં pop cultureના સંદર્ભો, ઉલ્લેખો; લોકગીતો-ફિલ્મી ગીતો-કહેતી વગેરે. સુમન શાહ પ્રસ્તાવનામાં આને 'ઈરાદા વગરની અથડામણો' તરીકે ઓળખાવે છે. કાવ્યસર્જન પ્રક્રિયામાં એ આગંતુક પંક્તિઓ અકારણ તો ન જ હોવી જોઈએ. બીજું પ્રત્યારોપણ એમના કાવ્યમાં સતત ડોકાયા કરે છે, કદાચ એ છઠ્ઠી વિભક્તિના અતિરેકનું કારણ હશે.( અને એવું મોટા ભાગની ગુજરાતી કવિતામાં દેખાય છે. આપણું છઠ્ઠી વિભક્તિને ખીલે લટકતું કાવ્યક્ષેત્ર છે.)

અમેરિકા નિવાસી આ કવિને કોઈની સાથે તપાસવો હોય તો તે છે ટોની હોગલેન્ડ, કારણ આ કાવ્ય અમેરિકન confessional (જ્યાં 'હું' શરૂઆત છે.) અને the social (જ્યાં 'હું' પોતાને તાગે છે.) ઉપરાંત એમની કલ્પના(ઈમેજીનેશન)નો વિસ્તાર શિષ્ટાચાર (શૈલી), નૈતિકતા (મૂલ્યો), સેન્દ્રિયતા, ઊર્મિયુક્ત લય અને નિખાલસતા સુધી ઘરોબોભર્યો તોફાની છે. ટોનીના કાવ્ય સાંપ્રત વા અત્યાધુનિક જીવન પદ્ધતિ અને સંસ્કૃતિ વિશે કોમેન્ટ છે, જ્યારે ભરતભાઈના દેશી મૂલ્યો વિશે છે.

ત્રીજો અભિગમ છે તે બહુ ચર્ચાએલો 'ડાએસ્પોરા'નો, જે 'વિ-દેશવટો'નો ખાસ ધ્વનિ છે. એમના ઉપરાંત બાબુ સુથાર, પ્રીતમ લખલાણી, પન્ના નાયક વગેરે (અને મેં ન વાંચ્યા હોય તેવા વિદેશી સર્જકોએ પણ) આ ધ્વન્યાત્મકતા ઊભી કરી છે. વિશ્વ કવિતા - ખાસ કરીને યહૂદી માણસો તથા કવિ અને ગુજરાતી કવિતા વાંચતા આ ડાએસ્પોરા સંજ્ઞા બે અર્થમાં સમજાય છે. એક યહૂદીઓની બાબીલોનમાંથી હાકલપટ્ટી અને તેમાંથી સર્જાયેલું વેરવિખેરપણું અને બીજું કોઈ પણ પ્રજાનું સામાજિક-આર્થિક-ધાર્મિક પૂર્વપીઠિકા સાથે સકારણ વિખરાવું. આ બન્નેમાં સ્થાયી થવું મૂળગામી અનુભવ કે વિચાર છે, આયોજન છે. એક સ્વેચ્છાએ નિષ્કાસિત થયેલો માણસ છે, બીજો 'ત્રાહિત' નિષ્કાસન છે. ગુજરાતી કવિ પહેલા પ્રકારનો સ્થળાંતરિત માણસ છે, પરિણામે એના સર્જનમાં પેલા યહૂદી (કે એના જેવાં ઈતર) કવિમાં હયાતી ન હોવાની વેદના નથી દેખાતી, પણ કેવળ દૂરત્વનો સૂર સંભળાય છે. આ કવિમાં - અને અન્યમાં પણ. - આત્મતપાસ અને આત્મનિષ્કાસન દ્વારા સ્વક્ ને ફરીથી ઓળખવાની તથા કુટુંબ સાથે - એ દ્વારા ભૂતકાળ સાથે - સંબંધ, ગઠન જાળવી રાખવા, પારંપરિક મૂલ્યોને દૃઢ કરી રાખવાની ગડમથલ અનુભવાય છે. વેદના ન હોવાની નથી, ગળાઈ ગયાની છે. આ કાવ્યોને ડાએસ્પોરા સંબંધે જોઈએ તો આ સ્થળાંતર વાતાવરણમાં ઉદ્‌ભવતી socio-eco-political અડચણો કે પરાણે બદલવી પડેલી રીતભાતો અને એની મનોગત વેદના છે. સ્પ્રિંગફિલ્ડ-ફોલિનબ્રુકનું મકાન - વિન્ટર અને હું કે વર્ષો પછી વતન જતાં - આના સારાં ઉદાહરણો છે, એક ગોઠવાવાની ગડમથલ કે મથામણ છે બીજી અનસ્તિત્વની વેદના છે. સામાજિક-સાંસ્કૃતિક સંરચનાના આ કાવ્યોમાં ભરતભાઈ પાછળ મૂકી આવેલી સંસ્કૃતિ સાથે ઘનિષ્ઠ તાદાત્મ્ય ધરાવે છે, ભૂતકાળ ભૂલાતો નથી અને નવેસરતા સ્વીકારાતી નથી, એ મનોસ્થિતિ એમના મોટા ભાગના કાવ્યનો ધ્વનિ છે. ઉપરાંત પેલા સિરિયન કવિ મેથ્યુ શિનોડા જેમ પૂર્વજો સાથે અનુસંધાન જાળવતા કવિતા દ્વારા પરિવર્તનો વિશે વિચારતા કરી મૂકે છે. ભૂસ્તરના અનુસંધાન પણ ધ્યાન ખેંચે છે 'મારો એ મિત્ર'માં. આપણી પ્રાગઐતિહાસિકતા જ આપણી શરૂઆત છે, આપણા મૂળગામીપણાની. અહીં એક અછડતો ઉલ્લેખ કરી લેવો છે એમના કાવ્ય વિશેની કવિતાઓનો જે કદાચ જુદો અભ્યાસ માગે છે, જ્યાં 'કાવ્ય સર્જનની મથામણ, પ્રક્રિયા, અભિવ્યક્તિના દ્વંદ્વ વિશે' (મધુસૂદન કાપડિયા) કશુંને કશું કહેવાનું છે.

છેવટે આ પુસ્તકમાંની ત્રણ પ્રસ્તાવના વિશે વાત કરવી છે. દરેક પુસ્તકમાં પ્રસ્તાવના બે કામ કરે છે, એ કાં તો પાઠકને પક્ષપાતી (પ્રેજુડાઈસ) કરે અથવા અભિભૂત કરે. પ્રસ્તાવનાનું કામ દિશાસૂચન જેવું છે, દોરી જવાનું નહીં. અનુસરણ ઉપજાવે ત્યારે એ વાંચનારની અનુભૂતિ કે ભાવનને સંકુચિત/સીમિત કરે છે અને જે કહેવાયું છે તેનાથી વિશેષ કે જૂદી રીતે કાવ્યભાવને પરિમિત કરે છે, અને ક્યારેક મૈત્રીભાવે લખાયેલી તો વધારે પડતો દેકારો મચાવે છે. પ્રસ્તાવના ચિતાર છે અને પરિપ્રેક્ષણ છે. સંદર્ભ છે, સહાનુભૂતિ નથી. સુમન શાહની પ્રસ્તાવના કેટલાંક પ્રશ્ન અને વિધાનો સામા ધરે છે. **૧)** 'અછાંદસકારે ખાસ તો રચનાને અનુરૂપ લય પ્રગટાવવો રહે છે …' શા માટે? કવિતા એટલે એને લય સાથે સંબંધ હોવો આવશ્યક છે? તો અછાંદસ એટલે લયબદ્ધ પંક્તિના ટૂકડા એમ સમજવું? તો જેને prose poetry કહેવાય છે તેમાં કવિતા નથી? તો આપણે પરંપરાને અનુરૂપ થઈને સર્જન કરવું રહ્યું? ટૂંકમાં આ 'અછાંદસ' શબ્દ જટિલતા છે, સંદિગ્ધતા છે. **૨)** 'કોઈ પણ કાવ્ય રચનામાં વસ્તુ, માધ્યમ, બાની કે કાવ્ય પ્રકાર મુખ્ય પરિમાણો છે ..' આ બ.ક.ઠા.ના જમાનાને લાગુ પડે, e-poetry યુગમાં પ્રવેશેલી કવિતાને નહીં. આપણા કાવ્ય 'તપાસવાના' માપદંડ હજુ પૌરાણિક જ છે શા માટે? **૩)** (ભરતભાઈની) રચનાઓ અછાંદસની જાણીતી પરંપરામાં નથી …' કઈ પરંપરા? ગુજરાતી ભાષામાં આ જાણીતી પરંપરાના નામ કે ઓળખ છે? **૪)** 'એને (ભરતભાઈને) આપણા સાહિત્યિક વાતાવરણની, એમાં જાગેલા, શમેલા, વા કે વંટોળની ખબર નથી …' આમ જોવા જાવ તો લાંબી ટૂંકી પંક્તિના છાંદસ ટૂકડા - અછાંદસ ! - ગીત, ગઝલ અને સૉનેટ એ ગુજરાતી કાવ્યનું વાતાવરણ છે - ગઝલ મુક્તિધામ છે. ગઝલ વગર - એ પહેલાં ગીતયુગ હતો. - ગુજૌ કવિતાને ઉદ્ધાર નથી. છપાતાં મેગેઝિન, ઈન્ટર્નેટ, અને હવે ઈ-મેગેઝિન ઉપરાંત દૈનિક કૉલમના લેખક - સંપાદક પ્રાચીન અને પારંપરિક દૃષ્ટિથી જ કવિતા માગે છે, મેળવે છે અને છાપે છે. આપણા સમ્પાદકે આપણી કવિતાને મારી નાખી છે. ૬૦ના દાયકાના કવિના ૬થી૧૦ કાવ્ય બે મેગેઝિન એક સાથે છાપી, નવ્ય સાહિત્ય માટેના પાનાનો ભેલાડ કરીને !! **૫)** 'રચનામા ડાયાસ્પોરિક વગેરે ભાવ - ભાવનાત્મક કથાનકની ગૂથણી પણ હોય …. ' અહીં ડાએસ્પોરિક એટલે ગુજરાતી કાવ્ય પરંપરા એવો નિર્દેશ દેખાય છે. ઉપરાંત 'કથાનક' શબ્દ એવાં કાવ્યમાં નેરેટિવ પદ્ધતિ પર ભાર મૂકે છે, જે અમેરિકન કવિતામાં, લુઈસ ગ્લિકમાં ખાસ, દેખાય છે અને 'વિ-દેશવટો'માં પણ એ વિશેષ કરીને પ્રવર્તમાન છે.

ચીનુ મોદી એમની પ્રસ્તાવનામાં સ્પષ્ટત : કહે છે 'વિ-દેશવટો'ની કવિતા - ગઝલ સિવાય - conflict છે. ત્યાં અને અહીં એ બે ભિન્ન હયાતી વચ્ચે, પરિસ્થિતિ વચ્ચે, તેથી કવિ બાહ્યતા અનુભવે છે. વેદના હોવાની નથી, ગેરહાજરીની છે.

મધુસૂદનભાઈની પ્રસ્તાવના આ સંગ્રહ અને સંગ્રહ બહારના કાવ્ય સંદર્ભથી મિશ્રિત છે. એમાં કવિ અને કાવ્યસર્જન વિશે લખાયેલાં કાવ્યનો વિશેષ ઉલ્લેખ છે. પૃ.૩૧ પર ઉલ્લેખેલાં લાઈફ અને ટાઈમ આ સંગ્રહમાં નથી.

ત્રણેવ પ્રસ્તાવનાનો કૉમન શબ્દ છે 'ઘરઝુરાપો' જેને કવિ પોતે 'વતન વગરના શ્વાસ પરાયા …' સ્વરૂપે ઓળખાવે છે.

છેલ્લે, જેમ અનેક ગુજરાતી પુસ્તકોમાં બને છે, તેમ અહીં પણ, પ્રૂફરિડિંગના પ્રોબ્લેમ આંખે વળગે છે. ભરતભાઈની કાવ્ય ભાષા રમતિયાળ છે, એના લહેંકાઓને કારણે ચીનુ મોદી કહે છે તેમ 'જુદા પ્રકારની ગમ્મતનો અનુભવ' કરાવે છે. હોગલેન્ડ સમ ભરતભાઈના wisecrack lyricism હંમેશાં જામતા નથી, પણ આળો જોસ્સો લાગણીશીલ આતુરતા એક પુદગલ બાંધી આપે છે, જેના પર એક લાક્ષણિક ચારિત્ર્ય ઊભું થાય છે. જે ટોની હોગલેન્ડ કહે છે તેમ :-

like a heavy piece of furniture inside you;
you carry it, it burdens you, it drags you down …
than you stop, and rest on top of it.

**આસ્વાદ : અમદાવાદ**

**તને છોડવા છતાં**
**ક્યાં છોડી શકાયું છે?**
**ને**
**અહીંયા આટલું રોકાવા છતાં**
**ક્યાં વસી શકાયું છે?**
**ભાષાને તાંતણે**
**મારી ગઈકાલ આજની સાથે**
**જે ગૂંચવાઈ ગઈ છે**
**તેની આ કવિતા છે.**

કાવ્યની પ્રથમ બે પંક્તિ conflict (વિચ્છેદ) છે. આ વિચ્છેદ પ્રશ્નથી તથા તને - ક્યાં - અહીંયા અને ફરીથી - ક્યાં એ ચાર પ્રશ્નાર્થ શબ્દથી ભારપૂર્વક વ્યક્ત થાય છે. મનમાં શંકા છે, ગડમથલ છે. આવું થયું છે કે થવાની શક્યતા છે એ દ્વિધા કાર્યકારી છે. આ ઘરઝુરાપો કે અતિતરાગ હોવાનુ ભિન્નત્વ છે, હું હતો અને છું વચ્ચેનો ખટરાગ છે, માન્સિઅક વિકેન્દ્રિકરણ છે - અહીંયા આટલું રોકાવા છતાં/ક્યાં વસી શકાયું છે? - આ પરંપરાથી ફંટાઈ ગયાનો વિષાદ, ભૂતકાળમાંથી વિખૂટા થવાનું જ્ઞાન જે એના દરેક અર્થમાં - ધાર્મિક, સામાજિક, આર્થિક અને રાજકારણ - સંદર્ભમાં છે તે પોતાના મૂળગામીપણાંમાંથી વિખરાવા વિશે છે. એ વેદના છે, વસવસો છે, ત્યારે પૂર્ણમાંથી પૂર્ણ બાદ થતાં પૂર્ણ શેષ રહે રે વ્યાખ્યા, જ્ઞાન અસહ્ય લાગે છે. આંખ વચ્ચે નાક પર કરચલીઓ તણાય છે અને ચહેરો બદલાઈ જાય છે. સ્થળાંતર, દેશાંતર ચહેરો બદલાવાની પ્રક્રિયા છે.

માણસ અને કવિ વચ્ચે અભિવ્યક્તિનો ફેર છે. પહેલો છે તે ફરિયાદ, કકળાટ અને સતત પુનરાવર્તનથી જીવે છે, બોલે છે. એ સામાજિકપણાથી પીડાય છે. બીજો, કવિ વિહંગાવલોકનથી પીડાય છે. એ બહારથી અંદર નિહાળે છે. સંવેદનશીલ હોવાથી સર્જક એની આસપાસની સમગ્રતાને અભિવ્યક્ત કરે છે. એની પાસે ભૂતકાળ અને સાંપ્રતને કહેવાની ભાષા છે. જે ખૂબ નાજૂક છતાં બળકટ છે - 'ભાષાને તાંતણે …' આ તાંત કરોળિયાના જાળાં જેવા ગૂંથાયેલાં કે ગૂંચવાયેલાં, ગમે તેમ પણ એકમેક સાથે સજ્જડ. માણસ હોવાની આ પરિસ્થિતિ છે જે ગઈકાલ અને આજ સાથે સંમિશ્રિત છે, જેને સંસ્મૃતિ કહેવાઈ છે. એ કાં તો ગૂંથાયેલી છે વા ગૂંચવાયેલી. એ પાતળી સંસ્મૃતિ હોવાની કવિતા છે, સ્થળકાળની કવિતા છે. પ્રસ્તાવનામાં કહેવાયું છે તેમ આ અને આવી ભાષા અતીતરાગ છે.

બે પ્રશ્ન ચિન્હ અને એક પૂર્ણવિરામથી જડબેસલાક આ કાવ્ય લાક્ષાગૃહમાં ન દાઝ્યાની બળતરા છે.

**(સૌજન્ય :**

**http://himanshupatel555.wordpress.com/category/કાવ્યાસ્વાદ/**

## ગધના પાસે ગધની બેઠી

**• દીપક ત્રિવેદી**

ગધના પાસે ગધની બેઠી સોળ કળાએ ખીલવા !
ગધનો પણ બેઠો છે એવો શ્રાવણ – ભાદર ઝીલવા !

ગધનો પૂછે ગધનીને આ સાત સમંદર પાર …
હોડી નૈ, હલ્લેસું નૈ, બસ તું અમને ઉતાર …

ગધનો ખોલે પ્રેમગઠરિયાં ગધની માંડે હીલવા !
ગધના પાસે બેઠી સોળ કળાએ ખીલવા !

ગધનો ઝીંકે આડાઅવળી પ્રેમ-બ્રેમની વાત !
ગધની જાણે બનતી જાતી મેઘધનૂષી જાત !

કોઈ દિવસ આજે ગધની માંડી સપના છીલવા …
ગધના પાસે ગધની બેઠી સોળ કળાએ ખીલવા …

http://deepakgtrivedi.wordpress.com/2013/01/24/ગધના-પાસે-ગધની-બેઠી-દીપક/



## પ્રીતમ લખલાણીની કાવ્યસૃષ્ટિ

# બાનું વસિયતનામું

ભારત પાછા ફરતાં
બાએ મને એરપોર્ટ પર કહ્યું,
'દીકરા,
મારી અમેરિકાની આ અંતિમ યાત્રા
અહીં પૂર્ણ થાય છે ત્યારે તારી પાસે
હું મનની પછેડી ખોલવાની ઇચ્છા
રોકી શકતી નથી'
'બેટા, તું ખરેખર બહુ જ ભાગ્યશાળી છો !
કે તારું ફળિયું સવાર-સાંજ
બે કુંજ ઘટાદાર વૃક્ષો અને
પંખીના ટહુકાથી ગુંજે છે.
તારા ઘરની આસપાસમાં
ફૂલપાન, ઝરણાં, અને હરણાંની
કેવી સુંદર મજાની વસ્તી છે.'
'વત્સ, હવે આ જિંદગીનો શું ભરોસો ?
આજે છે અને આવતી કાલે નથી
એટલે મારે તને યાદ કરાવવું પડે છે કે,
ઈશ્વર તરફથી પ્રસાદ રૂપે તને મળેલાં
આ છેલ્લાં વરસો તું કારણ વગર
પૂજા પાઠ અને દેવદર્શનમાં ન વેડફી નાંખજે
સવાર-સાંજ ઓસરીમાં ખુરશી નાંખી પુસ્તકો વાંચજે
અને આ દિલવાળાં કુદરતી દૃશ્યો સાથે મન મૂકીને જીવજે
પણ આપણે માણસ છીએ એટલે ક્યારેક કોઈ કારણ સર
તને ઈશ્વર સ્મરણવાનું મન થઈ આવે તો ?
રોજ સાંજે શેરીમાં હાથમાં લાકડી લઈને ચાલવા નીકળે ત્યારે
તું એકાદ ગાયની ત્વચાને વહાલથી પંપાળી લેજે.'
પણ બા આ અમેરિકાની શેરીમાં ગાયને શોધવા હું ક્યાં જાઉં ?
ભારત જવાની ઉતાવળમાં ક્યાંક વિમાન છૂટી ન જાય
એટલે એરપોર્ટ જવા રવાના થતાં તમે મારા ઘરે ભૂલી ગયેલ
પેલા તમારાં ચશ્માં રોજ સાંજે ચાલવા જતાં પહેલાં હું
આંખે ચઢાવી લઉં છું અને મારી
આંસુ ભીંની આંખમાં તળવળે છે.
ઘાટકોપરની શેરીમાં
વાછરડાને વ્હાલ કરતી ગાયના શરીરમાં
હાથ જોડીને ઊભેલા આપણા તેત્રીસ કોટી દેવતાઓ !!!!

•

## મારું મુંબઈ ....

આ નવા મુંબઈમાં
જો મને
ક્યાંક દેખાઈ જાય
સાંકડી શેરી અને
નજરે ચઢી જાય એકાદ
જર્જરિત વૃક્ષ
તો મારે તેને પૂછવું છે ?
કે
મારી આંગળી છોડાવીને
હડી કાઢતું
ભીડમાં ભળી ગયેલા
મારા મુંબઈ ને
હું હવે
ક્યાં જઈને શોધું ?

•

## ઘાટકોપર, તને શોધું છું ...

પશ્ચિમ ઘાટની
નાની નાની ટેકરીઓની ગોદમાં
વૃક્ષોને છાંયડે
છૂટાં છવાયેલાં
એક્લ દોક્લ નાના મકાનો વચ્ચે
નેહ નિતરતાં ભૂરા આભમાં
ઉડતી પતંગને જોવા
મારી બારીની છાંજલીએ બેસી
ઘું .. ઘું ... કરતા
ભોળા પારેવડાની આંખમાં
બાળકના વિસ્મય સમું ડોકાતું
મારું ઘાટકોપર
મને હવે
ક્યાં જોવા મળશે ? ....

•

## ફકીર

વહેલી પરોઢે
ફૂટપાથ પર
તસબીના મણકા ફેરવવામાં
તલ્લીન થઈ ગયેલા ફકીરના કાનમાં
ઈશ્વરે આવી ધીમેથી કહ્યું,
'હે ફરિશ્તા
તું
મારા માટે દુવા કર
કે આવતા જન્મે
હું
આ ધરા પર
ફકીર થઈને જન્મું !'

## દોસ્ત

વૈશાખની
ધોમધખતી બપોરે
ઘડીક બે ઘડીકનો
નિરાંતનો શ્વાસ લેવા
મેં હાથની લાકડી
એક ઘટાદાર વૃક્ષના
છાંયડે ટેકવી.
શીતળતાનો આંનદ અનુભવતા
મારા હોઠેથી
ઉદ્‌ગાર સરી પડ્યા
'અરે મારા ભાગ્યમાં
આ વૃક્ષ જેવો
એકાદ દોસ્ત હોત તો ?'
ને,
પવન હિલોળે હિલોળા લેતી
વૃક્ષની બધી ડાળો
એક સામટી
મારા પર લળી પડી !!!!

•

## ત્રણ નારી કાવ્યો

ઝાડી
કાંટા, ડાંખળા
ને
થોરની વાડ વચ્ચે
સાપ વીંછી સાથે
જીવતી આ વેલને
જો વૃક્ષનો ચપટીક છાંયડો
મળી જાય તો ?
વૃક્ષને વળગી કાંખમાં
ફૂલ પાનને ઉછેળતી
આખું આયખું
કેવી મલપતી જીવી જાય છે !

(૨)
આંસુ અને દરિયો
છાતીમાં સંઘરીને
બિચારી માછલી
ઍક્વેરિયમમાં ટહેલતી હોય છે !

(૩)
માછલી
કદાચ એ જ કારણે
રડવાનું ટાળતી હશે !
કે આંસુને
જળ થતાં કેટલી વાર ?

[65 Falcon Drive,
West Henrietta, NY 14586 U.S.A.]
e.mail : Preetam.lakhlani@Gmail.com

## ગોલ્ડફીશ

– 'બાબુલ'

તારા આ શહેરી ફ્લૅટમાં
કાચની દીવાલો ચકચકિત
ને ઝળહળતી છત ભેટમાં
... ક્યાં છલકે પાદરનું અતીત ?

બહાર હવા અડપલાં કરતી
બાવલાં પડતાં છોભા
હું માંહે માંડ તરતી
માત્ર થઈને શોભા

તેં જ દીધા રૂપ - ઈશ
ને કીધી નક્કી નિયતિ:
સ્ત્રી - પરી - ગોલ્ડફીશ
મનોરંજન કાજ જીવતી

તારા વિશ્વની મૂંગી ચીસ
હું બસ - સદા ઝૂકતું શિશ

e.mail : drvision@gmail.com

°

## જ્ઞાની ...

- મેહુલ એ. ભટ્ટ

જ્ઞાની ચંપકલાલો બસ બોલ્યા કરે !
ચંદુલાલો સ્તબ્ધ થઈ જોયા કરે !
અમથા-અમથી ખોખાઓ ખોલ્યા કરે,
ને ચતુરચંદો બધું તોલ્યા કરે !
ભાર લઈ શબ્દોનો 'ભાષાભૂષણો'
સાક્ષી ભાવે સઘળું ફંફોસ્યા કરે !
સાવ કોરા કાગળો નીરીને રોજ,
ભૂરો ભોળી ભેંસને દોહ્યા કરે !
૯.૨.૧૩

સૌજન્ય : https://www.facebook.com/mehul.bhatt.5



## ઈન્ટરનેટ પર બહુ કમાણી

|| મુર્તઝાચાર્ય ||

લોકો સૌ કેહ' છે કે ઈન્ટરનેટ પર બહુ કમાણી,
જુઓ ઈન્ટરનેટ કમાણી, જાણો ક્યાં ક્યાં છે સમાણી ?
જેમ અહીં ના સુકાય ડિજીટલ નેટ-દરિયાનું પાણી,
ત્યારે જો જો ના ગુમાય તકની વહેતી રે'તી લ્હાણી ....
જુઓ ઈન્ટરનેટ કમાણી, જાણો ક્યાં ક્યાં છે સમાણી ?
કન્ટેન્ટસની રમઝટ માટે હાજર છે ટ્વિટર-ઈ-મેઈલ,
પછી કોણ જોવા બેઠું છે તમને, મેલ હોવ કે ફિમેઈલ,
ઈકડમ-તિકડમ ભાષામાં પણ ઠપકારો સંતવાણી ...
જુઓ ઈન્ટરનેટ કમાણી, જાણો ક્યાં ક્યાં છે સમાણી ?
પ્રોડક્ટ-સર્વિસને ફેલાવવા માટે છે ઉત્તમ બ્લોગ,
કેરિયરને પણ વિકસાવવા થઈ જાઓ એમાં લોગ,
વિચાર-વિઝનથી લોકો સાથે કરતા રહો ઉજાણી ...
જુઓ ઈન્ટરનેટ કમાણી, જાણો ક્યાં ક્યાં છે સમાણી ?
સમાઈ રહ્યું છે આખું બ્રહ્માંડ સ્માર્ટ-ફોનની અંદર,
રચો તમારા બાહુથી એમાં 'એપ્સ'બજારનું બંદર,
'નેટગુરુ'ઓ કહી રહ્યાં છે આ એક વાત બહુ શાણી ...
જુઓ ઈન્ટરનેટ કમાણી, જાણો ક્યાં ક્યાં છે સમાણી ?
સર્ચ-એન્જિનનો સરતાજ એવો મહારાજ છે ગૂગલ,
ને સોશિયલ-મીડિયાની હુકૂમત કરે ફેસબુક મુઘલ,
સમજીને ઉપયોગ કરશું તો થતાં રહેશે ચા-પાણી ...
જુઓ ઈન્ટરનેટ કમાણી, જાણો ક્યાં ક્યાં છે સમાણી ?
જ્યાં માહિતીઓનો ધોધ વહે, ને આઈડિયા બને છે માતા,
જેમાં પેશન હોય તે પ્રાણ નીચોવે પિતા, બહેન કે ભ્રાતા,
જ્યાં ચોવીસો કલાક ફૂટતી રહેતી અખૂટ જ્ઞાન-સરવાણી ....
જુઓ ઈન્ટરનેટ કમાણી, જાણો ક્યાં ક્યાં છે સમાણી ?
વર્ચ્યુઅલ વર્લ્ડની સૌથી મોટી કોમ છે આ 'ડોટ' કોમ,
ખુલ્લી આંખે 'દોટ' મુકજો ઓ' ડીક, હેરી ને ટોમ,
'સાંકળ'-વિશ્વમાં પ્યાસાને પીવડાવજો પ્રેમનું પાણી ...
જુઓ ઈન્ટરનેટ કમાણી, જાણો ક્યાં ક્યાં છે સમાણી ?

સૌજન્ય : http://netvepaar.wordpress.com/2011/07/10/opportunities-on-the-net/

---

અમદાવાદસ્થિત ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં, સન 2007 વેળા, લેવાઈ છબિ :
< -

પીતાં કાયમ પોરહથી, ચારણ નકરો ચા,
અમૃત અમારું આ, જીવતાં રાખે જયલા !

– જયદીપ ગઢવી

https://www.facebook.com/milind.gadhavi

## લાગું ઝળળ ઝળળ

• સંજુ વાળા

ઊંડાણથી તપાસ આંખોનું પ્રવાહી તળ,
થોડા કમળ પછી તને મળશે નર્યા વમળ .
પથરાળ ભોમ છું કશું ઊગી નહીં શકે
તું ક્યાં સુધી ચલાવશે આ શક્યતા'નું હળ
મુઠ્ઠી ભરીને દૃશ્ય એક લાવ્યો છું ત્યારથી
નર્વસ રહે છે નભ, દિશાઓ લાગતી સજળ
બારી બહાર બૂમ મારા નામની ઊઠે –
'ને ઓરડામાં હું મને લાગું ઝળળ ઝળળ
આ હાંફતા અવાજના સમ્બન્ધથી અલગ
મૂકી શકાય શ્વાસ જ્યાં એવું બતાવ સ્થળ

https://www.facebook.com/sanjoo.vala

•

## ગધના – ગધનીનાં ગીત ...

• દીપક ત્રિવેદી

ગધનાની આંખોમાં છલકે સરવરિયા બે-ચાર,
ગધની એમાં ડૂબી જાય ...
ગધનો ખીલે સોળ કળાએ નદિયુંની મોઝાર,
ગધની એમાં ડૂબી જાય ...

કમળ એટલે ગધનો
ગધની કમળપાંદડી જેવી !
વમળ એટલે ગધનો
ગધની ગતિશાસ્ત્રની દેવી !!

ગધનો ઝીલે ઝરમર ઝરમર વરસે અનરાધાર,
ગધની એમાં ડૂબી જાય ...

કોઈ બગીચો ગધનો
ગધની એના ફરતી વંડી !
મઘમઘ જંગલ ગધનો
ગધની એની તો પગદંડી !!

ગધનો ફુગ્ગો ફૂલણશીનો ફૂટે પારાવાર,
ગધની એમાં ડૂબી જાય ...

શબદ એટલે ગધનો
ગધની થાતી કાનો માતર !
પવન એટલે ગધનો
ગધની એના ફરતી ચાદર !!

ગધનો અરધો પાણી જેવો અરધો છે પગથાર,
ગધની એમાં ડૂબી જાય ...
ગધનાની આંખોમાં છલકે સરવરિયા બે-ચાર,
ગધની એમાં ડૂબી જાય ...

http://deepakgtrivedi.wordpress.com/2013/01/24/ગધના-ગધનીનાં-ગીતો/

# चरवेति चरवेति धर्म

• મહેન્દ્ર દેસાઈ



મહેન્દ્ર દેસાઈ

થોડા સમય પહેલાં લંડનના ઇલિંગ રોડ પર આવેલી બ્રેન્ટ કાઉન્સિલની લાઇબ્રેરીમાં એક ડચ નાગરિકની બનાવેલી દસ્તાવેજી ફિલ્મનો શો હતો. વિષય હતો – ભારતથી અને તમારાં ગુજરાતથી બ્રિટનમાં રહેવા – ભણવા – વસવાટ કરવા આવેલા યુવા વર્ગની કથની. એ શો પછી નિર્દેશક અને એ ફિલ્મમાંના એક પાત્રની સાથે વાતચીત – પ્રશ્નોત્તરી હતી. એ બધુ પત્યું અને હું નીકળવા જતો હતો, ત્યાં એ જ શોની એક સીડી હાથમાં લઈને એક ઊંચી કદાવર વ્યક્તિ મારી સામે આવીને કહે છે – 'લો. આના વિશે કાંઈક લખો.' અને મારા હાથમાં સીડી પકડાવી દીધી. 'મેં તો કદી લખ્યું જ નથી.' મેં એ વાત ટાળવા વિચાર કર્યો. તો કહે 'કાલે લખવાનું જ છે તો આજથી શરૂ કરો.' કંઈક અધિકારભરી ભાષાએ મને સ્થગિત કરી દીધો. વર્ષો પહેલાં પત્ર લખતો હતો પણ ફોનની વ્યવસ્થા સુલભ થવા માંડી અને પત્ર લેખન વિસારે પડતું ગયું. હવે તો ઇ-મેઈલને લીધે ભાષા પણ ટૂંકી થવા માંડી અને SMSના પ્રભાવથી તો ભાષાશાસ્ત્રીઓ પણ ડરી રહ્યા છે. હું વિચારોના રણમાં અટવાઈ ગયેલો, દિશા શોધવા માટે ફાંફા માર્યા અને તૂટક તૂટક વિચારો ઊગતા લાગ્યા. પણ તે બધા જ અસ્તવ્યસ્ત. પછી હાથમાં કલમ લઈને એને લખવા બેઠો કંઈક આવી રીતે :

શિયાળો આવતાં સ્થળાંતર કરનાર પંખીઓ ઠંડા પ્રદેશ છોડીને ગરમ પ્રદેશ તરફ પ્રયાણ કરે, નવાં ચરિયાણ માટે નવા જીવનનાં ચણતર માટે. પશુ સૃષ્ટિમાં પણ ઘણાંબધાં પ્રાણીઓ આમ સ્થળાંતર કરતાં હોય છે. નવી ચરાઉ જમીનની શોધમાં નવું ચરવા માટે અને સાથોસાથ નવજીવનને પાંગરવા માટે. આમ જોવા જઈએ તો આપણી માનવ જાતિની કહેવાતી આદ્ય માતા 'લ્યુસી' પણ ત્રણ-સાડાત્રણ લાખ વર્ષ પૂર્વે કંઈક આવા જ ઉદ્દેશથી આફ્રિકાના ટાન્ઝાનિયા મુલકમાંથી સ્થળાંતર કરેલું અને એ સ્થળાંતરના ફલસ્વરૂપે આખા ય પૃથ્વી પર માનવજાતિ વિસ્તરાઈ ગઈ.

આપણા ભારતીય પૌરાણોમાં – વેદોમાં એક વાક્ય છે – **चरवेति चरवेति धर्म॥ चर + उ + इति** એટલે કે ચરવું. ચરવું અને ચરવું એ જ ધર્મ. આ જગતની હરેક જીવ સૃષ્ટિ માટે ચરવું એ સ્વભાવ છે .......... પછી ચરવું, ફરવું, હરવું, રળવું, એ બધું જોડાઈ ગયું.

આ દસ્તાવેજી ફિલ્મમાં ચરવા, ફરવા અને રળવા નિકળેલા યુવાવર્ગની કથા છે. દેશમાં નાના ગામમાં હવે તો પરદેશની વાતો, ત્યાંનુ જીવન વગેરેના અનેક આલેખનો સચિત્ર મળતાં રહેતા હોય છે. ગામમાં વિકાસ – પ્રગતિ માટેની તકો પૂરતી ન હોવાથી ઘણાંબધાં યુવક – યુવતીઓ પરદેશ જઈને પ્રગતિ સાધવા માંગતા હોય છે, અને તક મળતાં ત્યાંથી નીકળી પડતાં હોય છે. કંઈ કેટલી આશાઓ – ઉમંગો અને વિવિધ કલ્પનાનાં પોટલાં બાંધી કેટકેટલાં યુવાનો આ દેશમાં આવતાં હશે. નવા સ્વપ્નલોકમાં જવા થનગનતા પગલાંના અવાજોમાં વતનથી નીકળતી વખતની જુદાઈ ક્યાંક દબાઈ જાય તો ક્યાંક પરિવાર સગાંસંબંધીઓ – મિત્રમંડળ બધાની સાથે નામછેદ કરીને નીકળતાં દુ:ખ પણ વર્તાય, તો ક્યાંક પરદેશ ખેડીને સમૃદ્ધિ સાથે પાછા ફરશું એવી સુખદ સાંત્વના પણ હોય. આવી બધી લાગણીઓના મિશ્રણ સમૂહ સાથે બ્રિટનની ધરતી પર પગ મૂકે અને આ દેશની ભવ્યતા જોઈ આશ્ચર્ય મગ્ન થઈ જાય, એક રોમાંચકતા ઘેરી વળે. વિશાળ રસ્તા પરથી પસાર થતી ટેક્સી. ધીરે ધીરે નાના રસ્તાઓ વટાવીને નાની એક ગલીમાં આવેલા એક સાધારણ મકાન આગળ અટકે ત્યારે થોડું ડઘાઈ જવાય. પણ આશાના ઉમંગમાં શરૂ શરૂના દિવસો નાના સરખા મકાનમાં અન્ય રહેવાસીઓની ભીડ વચ્ચે સંકડાશની જિંદગી શરૂ કરે ત્યારે પેલાં પોટલાં ઓગળવાં માંડે. હતાશા ફરી વળે, વતનની યાદ પીડવા લાગે. પણ ચરવું તો પડશે અને એ માટે રળવું પણ પડશે જ એટલે એ બધું ખંખેરી કટિબદ્ધ થઈ નીકળી પડે ચણ ગોતવા. આખડતાં પાખડતાં જે મળ્યું એ ભલું મળ્યું એમ સ્વીકારી ગોઠવાઈ જાય. નવા ખોખામાં દિવસો વિતતા જાય, કોઠવાતું જવાય અને ગોઠવાતું જવાય. દિવસનો મોટો ભાગ બાર તેર કલાકનો મજૂરીમાં જાય, દોઢ બે કલાક જવા-આવવામાં પસાર થાય અને ઘર .. એક રેલવે સ્ટેશન જેવું લાગે .. વિરામ કરવા થોડીવાર ઊભી રહેલી ટ્રેન જેવું.

સમય પસાર થતો જાય. નિયમબદ્ધ જીવન પણ પસાર થતું જાય અને ઘરના અલગ અલગ સભ્યો એકબીજા સાથે હળીભળી જાય. દરેકના સુખદુ:ખમાં સહિયારા ખરા પણ સમયની પાબંદી પામવી પડે. વતનમાં પરિવારજનો સાથે અવારનવાર ફોન પર વાતચીત થાય. સુખની થોડીક વાતો થાય અને દુ: ખની અનેક વાતો છિપાવાય. આવી સંતાકૂકડી રમતાં રમતાં વિસાની આવરદા ટૂંકી થઈ જાય. મન અવઢવમાં મુકાઈ જાય. શેકસ્પિયર ન વાંચ્યો હોય તો પણ એના એક વાક્યનું અનેકવાર રટણ થાય To stay or not to stay અને જ્યારે to stay ના તરફનું પલ્લું નમે ત્યારે વિસાની આવરદા લાંબી કરવા માટે અરજી થાય, નારિયેળ અને દિવો થાય. નવી આશા ઉમંગનો સંચાર થાય અને અરજીના જવાબની રાહ જોવામાં શિયાળાના ટૂંકા દિવસો પણ લાંબા લાગે. જવાબ આવે ત્યારે ક્યાંક ખુશીની બ્યોછાર થાય તો ક્યાંક નિરાશા – હતાશા ઘેરી વળે. પરદેશના એકલા અટૂલા દિવસોમાં એ દુ:ખ કોની સાથે વહેંચી શકાય. કોના ખભે માથુ નાખી દુ:ખની પળો વહાવી શકાય !

જેઓ અહીં રહી ગયા, તેઓનું જીવન થાળે પડતું જાય. બધુ ગમવું ફાવતું થઈ જાય અને કદી બે પાંદડે થયાનો સુખદ અહેસાસ પણ થાય. સમય વિતતો જાય અને વતનની યાદ આવે ત્યારે કોકવાર હવે બસ આવતી સાલ પાછા ફરવું છે એવા મનોભાવ ઉભરતા જાય, સાથોસાથ 'થોડું વધારે બાંધી લઉ' એવી અગલે બરસાતમેં કે પછી અહીંની પરિભાષામાં come September થી કૂદી રહેલા મનનું સમાધાન પણ થાય. એક પલ્લે ગઠરિયાં બાંધી વતન પરત જવું તો બીજા પલ્લામાં પરદેશની ગમી ગયેલી, ભાવી ગયેલી ભૂમિ પર કાયમ થવું? ફરી વિમાસણ શરૂ થાય. કાન્તના ભરતની જેમ 'રાગ અને ત્યાગ વચ્ચે હૈયું એ ઝૂલતું હતું' એમ અવઢવમાં મુકાઈ





# અમારો દેશ ન્યૂ જર્સી

• હરનિશ જાની

એક અગત્યના સમાચાર – ન્યૂ જર્સી સ્ટેટ અમેરિકાના બીજા સ્ટેટ્સના યુનિયનમાંથી છુટું થઈને સ્વતંત્ર દેશ બનવાના મુડમાં છે. તેમાં બીજી અગત્યની વાત એ છે કે આ ચળવળ પાછળ અહીંના ગુજરાતીઓનો હાથ નથી. બાકી અમે આવ્યા ત્યારથી, અમેરિકામાં ‘નયા ગુજરાત’ બનાવવામાં લાગી ગયા છીએ. અમે માનવીમાંથી વિશ્વમાનવી બનવા થોડા આવ્યા છીએ? અમે તો વિશ્વમાનવીઓને ગુજરાતી બનાવવા આવ્યા છીએ.



હરનિશ જાની

વાત એમ છે કે અમેરિકામાં ચૂંટણીઓ પતી ગઈ. બારાકભાઈ ચૂંટાઈ આવ્યા અને પ્રમુખ બની ગયા. સવાલ એ છે કે હવે શું? વરસો પહેલાં ગુજરાતમાં એજ્યુકેશનની હાલત એ હતી કે તમે બી.એ. ડિગ્રીની ફાઈનલ પરીક્ષા આપો તો એવું જ ઈચ્છો કે પાસ ન થઈએ તો સારું. જો પાસ થઈ જઈએ તો પછી શું ? નોકરી તો મળવાની નથી. બારાક ઓબામા સાહેબ ચૂંટણી તો જીતી ગયા. પરંતુ એ જીત કેટલી મોંઘી છે ? આમે ય તેમણે બળતું ઘર ભાડે રાખ્યું છે. તેનો હવે ખ્યાલ આવવા માંડ્યો છે. ઈકોનોમીના અને બજેટના પ્રશ્નોની વાત તો અલગ છે. પણ આ જીત તો એકાવન ટકા બહુમતીની છે, જે તેમને અમેરિકામાં રહેતી લઘુમતીઓએ અપાવી છે. બાકીના ઓગણપચાસ ટકા લોકો કે જેમને ઓબામા સાહેબ કે જે ગન કંટ્રોલની વાતો કરે છે, તે નથી ગમતા તેમનું શું ? તે વર્ગમાં મોટા ભાગના વ્હાઈટ અમેરિકનો છે. તેમણે આ આંદોલન ચાલુ કર્યું છે કે આપણા રાજ્યે યુનાઈટેડ સ્ટેટસ્ ઓફ અમેરિકાના યુનિયનમાંથી છૂટાં થઈ જવું. ઓબામાના નેતૃત્વનો બહિષ્કાર કરવો. અને સ્વતંત્ર દેશ સ્થાપવો. હવે આ નવી ચળવળમાં ન્યૂ જર્સી સાથે બીજા વીસ રાજ્યો જોડાયા છે. ટેક્સાસે તો પોતાનો ધ્વજ પણ ફરકાવવા માંડ્યો છે.

આપણે ન્યુ જર્સીની વાત કરીએ. જો ન્યૂ જર્સી સ્વતંત્ર દેશ બને, તો અહીંના ગુજરાતીઓ આ નવો દેશ પચાવી પાડે. પછી ભલેને દુનિયા આખીની પ્રજા અહીં કેમ ન રહેતી હોય. કે પછી ભારતનાં બીજાં બધાં રાજ્યોના લોકો પણ અહીં કેમ ન રહેતા હોય ! પરંતુ અમે ગુજરાતીઓ કોઈને ન ગાંઠીએ, જ્યાં જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદા કાળ ગુજરાત !



‘સ્વતંત્ર’ ટેક્સાસ ‘દેશ’નો એક પોતીકો ધ્વજધારી
ફોટો સૌજન્ય :
“ધ ઈન્ડિપેન્ડન્ટ”

અમારે અરદેશરદાદાનો બોલ ખરો કરવાનો જ ! આમે ય ન્યૂ જર્સી સ્ટેટ અમેરિકાના બીજા રાજ્યોને નથી ગમતું. બીજાં રાજ્યોમાં લોકો ન્યૂ જર્સીના જાત જાતના જોક્સ બનાવે છે. જેનો અમને વાંધો નથી. કારણ કે અમને તે બહુ સમજાતા નથી. અમારા પાડોશી રાજ્ય ન્યૂ યોર્કમાં મેં એક કાર પર સાઈન વાંચી, ‘Keep New York clean. Dump your garbage in New Jersey.’ એમનું કહેવું છે કે ન્યૂ જર્સી એટલું ગંદું છે કે તેમાં આપણો કચરો દેખાશે નહીં. જ્યારે હાઈ વે પરથી ન્યૂ જર્સી આવતા હો અને ફાર્માસ્યુટિકલ પ્લાંટસ્ અને રિફાયનરીઓથી પ્રદૂષિત હવાની ગંધ આવે, તો માનવું કે તમે ન્યૂ જર્સીમાં પ્રવેશી ચૂક્યા છો. એક પોલિટીશયનને પૂછવામાં આવ્યું કે ‘તમને કેલિફોર્નિયા કેમ ગમે છે?’ તો તેમણે જવાબ આપ્યો, ‘અહીંથી ન્યૂ જર્સી દેખાતું નથી એટલે.’ પણ એ વાત અલગ છે, કે ન્યૂ જર્સી ગુજરાતીઓને ફાવી ગયું છે. અહીં ઘર જેવું લાગે છે. ન્યૂ જર્સી સિવાય બીજે ક્યાં ગુજરાતની યાદ આવવાની છે? જો અમને અહીં કશુંક ખૂંચતું હોય, તો તે કે રસ્તા પર રખળતાં રઝડતાં ઢોર અને કૂતરાંઓનો અભાવ. અમે તો તેને પણ ઈમ્પોર્ટ કરવા તૈયાર છીએ. પરંતુ તેને સારુ ચાલુ અમેરિકન ગવર્નમેંટ આડી ફાટે છે. તેથી અમે ન્યૂ જર્સી રાજ્ય ક્યારે સ્વતંત્ર દેશ બને છે, તે ઘડીની રાહ જોઈશું. એક રીતે જોઈએ તો ભારતની બધી જ પ્રજાઓ ન્યૂ જર્સીમાં છે. પરંતુ તેમાં આંખે ચડતા હોય તો તે છે ગુજરાતીઓ. રાજકારણમાં અમારી નવી પેઢી તો છેક વ્હાઈટ હાઉસમાં પણ પહોંચી ગઈ છે. પોલિટીક્સ તો અમારા લોહીમાં છે.

અમે તો અમેરિકામાં ‘નયા ગુજરાત’ બનાવવામાં લાગી ગયા છીએ. અમે અહીં ન્યૂ જર્સીમાં આપાણું થાણું સ્થાપી દીધું છે. જતે દિવસે ખરા ગુજરાતીઓને જો અમેરિકા આવવું હશે તો વિઝા લેવો નહીં પડે. આ ‘નયા ગુજરાત’ તેમનું જ થઈ જશે. એક સ્વતંત્ર દેશ બનવા માટે ન્યૂ જર્સી સક્ષમ છે. અમે કાંઈ, બીજી બધી પ્રજાની જેમ અમેરિકન સંસ્કૃતિમાં ભળવા નથી આવ્યા.

અમે ભલે ચાલીસ–પચાસ વરસથી અહીં રહીએ, તો પણ અમે અમેરિકન નેશનલ એન્થમ - રાષ્ટ્રગીત નથી શીખ્યા. ‘ફોર્થ ઓફ જુલાઈ’ કઈ બલાનું નામ છે ? અમે તો ૧૫ ઓગસ્ટ, મૂળ ભારતીય કરતાં, અમે ભારતીય મૂળના, વધારે કૂદકા મારીને ઉજવીશું. અમે તો પાછા બોલિવુડની કોઈ આઈટમ, ગર્લને ઝંડો પકડાવીને, ‘ભારતમાતાકી જય’ના નારા લગાવીને – પણ ઉજવીશું. એ વાત ચોક્કસ છે. અમારે ત્યાં પણ બે પક્ષ છે. રિપબ્લીકન અને ડેમોક્રેટ નહીં; પરંતુ – કોંગ્રેસ અને ભા.જ.પ. અહીં અમારે જાત જાતના મતભેદ પણ છે. એક પક્ષ ૧૫મી ઓગસ્ટે આઝાદ દિન ઉજવશે, તો બીજો પક્ષ

---

**અનુસંધાન પાન 15 પરેથી**

જવાય. કોઈક પોતાની સમૃદ્ધિની ગઠડી બાંધીને ખુશી ખુશી વતન પરસ્ત થાય તો કોઈ વધારે સારા ભવિષ્યની ભાવનાથી એક દ્વારિકા કરી લે અને નવો સસાર માંડી – નવજીવનમાં ઓતપ્રોત થઈ જાય. જીવન વાસ્તવિકતાની ઊંચી નીચી કેડી પરથી પસાર થતું જાય અને સમયની પીંછી શરીર પર અને મન પર રેખાઓ દોરતી જાય .

પણ વતન વિસરાતું નથી. કુટુંબ પરિવાર, વૃદ્ધજનો, મિત્રમંડળ વગેરેની યાદ વિસરાતી નથી. અનેકોની અવરજવરથી અને વિધવિધ પ્રવૃત્તિઓથી ધમધમતું ઘર યાદ આવે. ગામની સીમમાં કરેલી રખડપટ્ટી, તળાવમાં મારેલા ભૂસકા અને વડ-પીપળના ઝાડ નીચે બેસીને વણેલી કોમળ ભાવનાઓ બધું જ મનઃચક્ષુ આગળ સચિત્ર થાય, અને યાદોને ફરી માણી લેવાની અદમ્ય ઈચ્છા થાય. વતન જવાની તૈયારીઓમાં સૌ પ્રથમ ખરીદી શરૂ થાય અને અવનવી ચીજ વસ્તુઓથી બેગો ભરાતી જાય. જવાની તારીખ આવે એ પહેલાં તો મન ક્યારનું ય ઘેર પહોંચી ગયું હોય.

પણ ‘પરિવર્તન સંસારે’ બધું જ બદલાઈ ગયું. ગામનો નકશો બદલાઈ ગયો, વિશાળ ઘર જર્જરિત થઈ ગયેલું લાગ્યું, અનેક પરિવારજનોથી ઉભરાતું ઘર હવે ખાલી ખાલી થઈ ગયું અને પેલો હિંચકો જેની સાથે ઘણીબધી સુખદ યાદો સંકળાયેલી તે હિંચકો જ ગાયબ ! વાંકી વળી ગયેલી જૂની પેઢીએ હિંચકાને વિદાય આપી હતી. શેરીનું મિત્રમંડળ પણ વિખરાઈ ગયેલું. સૌ પોતપોતાના સંસારને લઈને ક્યાંક ને ક્યાંક ગોઠવાઈ ગયેલા. અને ગામની સીમ તો હવે નવી વસ્તીથી ઉભરાઈ ગયેલી. પેલું તળાવ વડ - પીપળ એની તો નિશાની જ ન મળે. આટલું બધું ક્રૂર પરિવર્તન!

કેટકેટલી યાદોના, કેટકેટલી ભાવનાઓના પોટલાં બાંધીને વતન પાછા આવીએ. ઘાણું બધું માણવાની ઈચ્છાઓથી લપેટાઈને આવીએ, ઘરમાં બેસી પગ લાંબા કરીને હાશકારો અનુભવીએ એવી કેટકેટલી લાગણીઓ લઈને આવીએ. પણ અહીં તો બધું જ બદલાઈ ગયું. ચિરપરિચિત જગ્યાઓ, વસ્તુઓ, વ્યક્તિઓ બધું જ અપરિચિત લાગે અને ફરી પોટલાં ઓગળવાનાં દુઃખનો અહેસાસ થાય. બધાં જ અરમાનો કડડભૂસ થઈ જાય.

ડુમો ભરાઈ આવે અને ઘેર પાછા ફરવાનો વિચાર આવે, પણ કયા ઘરે ‘હવે મારું ઘર ક્યાં?’

e.mail : mndesai.personal@googlemail.com

# શિક્ષણ પદ્ધતિમાં સર્જનાત્મકતા : એક અભ્યાસ

• મહેબૂબ દેસાઈ

**1. ભૂમિકા :** આપણી પ્રાચીન શિક્ષણ પદ્ધતિ આશ્રમ શાળાઓ પર આધારિત હતી. જ્યાં બાળક એકથી પચીસ વર્ષ સુધી ગુરુના સાનિધ્યમાં રહેતું. અને જ્ઞાન સાથે જીવન શિક્ષણ મેળવતું. આ શિક્ષણ પદ્ધતિના કેન્દ્રમાં જ્ઞાન અને બુદ્ધિચાતુર્ય હતા. પરિણામે દેશ વિદેશમાં આપણી શિક્ષણ સંસ્થાઓ પ્રચલિત હતી. નાલંદા, તક્ષશિલા અને વલ્લભવિદ્યાપીઠ તેના આદર્શ નમૂના છે.  એ પછી તુર્ક-અફઘાન અને મોઘલ શાસનકાળ દરમિયાન શિક્ષણનું ઈસ્લામિકરણ થયું. પરિણામે આશ્રમ શાળાઓનું સ્થાન મકતબ અને મદ્રેસાઓએ લીધું. એ સાથે જ જ્ઞાન કરતાં માહિતી આધારિત શિક્ષણનો આરંભ થયો. એ પછી અંગ્રેજ શાસનના આરંભ સાથે શિક્ષણના ક્ષેત્રમાં પુનઃ પરિવર્તન આવ્યું. તેનો યશ લોર્ડ મેકોલેને જાય છે. અંગ્રેજી શિક્ષણનો મૂળભૂત હેતુ ન તો જ્ઞાનનો હતો, ન માહિતીનો. પણ અગ્રેજ સરકારના શાસનને ચલાવવા બાબુઓ અર્થાત કારકુનો ઉત્પન કરવાનો હતો. અંગ્રેજી શિક્ષણ પદ્ધતિએ ભારતીય સમાજ અને સંસ્કૃતિ ઉપર ઘાટી અસર કરી. ભારતીય સમાજ અને સંસ્કૃતિનું પશ્ચિમીકરણ થયું. પરિણામે આશ્રમ શાળાઓ અને મકતબ કે મદ્રેસાઓના સ્થાને ચોક અને ટોક આધારિત ક્લાસ રૂમ શિક્ષણ પ્રથાનો આરંભ થયો. જેમાં જ્ઞાનનો અભાવ અને માહિતીનો અતિરેક હતો. કારણ કે તેનો મુખ્ય ઉદ્દેશ માત્ર વહીવટી કાર્યને પાર પાડી શકે તેવા કારકુનો ઉત્પન કરવાનો હતો. અંગ્રેજોની આ શિક્ષણ પદ્ધતિને ડામવા ગાંધીજીએ રાષ્ટ્રીય શાળાઓ અને આશ્રમ શાળાઓને પુનઃ જીવંત કરી. બુનિયાદી શિક્ષણમાં તેમણે શિક્ષણના સ્થાને 'કેળવણી' શબ્દ પ્રયોજાયો. 'માનવીને કેળવે તે જ સાચી કેળવણી'નો વિચાર ગાંધીજીની શિક્ષણ પ્રથાના કેન્દ્રમાં હતો. પણ એ વિચારને રાષ્ટ્રીય શિક્ષણ સાથે જોડી આપણે તેને માર્યાદિત કરી દીધો. પરિણામે ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા આરંભાયેલી આપણી શિક્ષણ સંસ્થાઓમાં અંગ્રેજી શિક્ષણનો મહિમા દિનપ્રતિદિન વધતો ગયો. જે આજે પણ યથાવત્ છે. આપણી આઝાદીને ૬૬ વર્ષ થયાં, છતાં આજે પણ આપણે શિક્ષણના ક્ષેત્રમાં ગુલામ છીએ. આજનું આપણું આધિનિક શિક્ષણ ચોક અને ટોક પર આધરિત માહિતી કેન્દ્રિત બની ગયુ છે. જ્યાં વિદ્યાર્થીઓના જ્ઞાનની કસોટી નથી થતી. પણ તે વિષયલક્ષી માહિતીથી કેટલો સજ્જ છે તે જ તપાસવામાં આવે છે. પરિણામે શિક્ષણના સમગ્ર માળખામાંથી બુદ્ધિ અને વિચાર સ્વતંત્રનો છેદ ઊડી ગયો છે.

**2. શિક્ષણમાં સર્જનાત્મકતાની અનિવાર્યતા :** આમ આધુનિક ભારતની શિક્ષણ પ્રથામાં અંગ્રેજોએ શિક્ષણ સંસ્થાઓને જ્ઞાન કરતાં વિશેષ માહિતીનું કેન્દ્ર બનાવી દીધાં. જો કે શિક્ષણમાં માહિતી સાથે જ્ઞાન અતિ આવશ્યક છે. એ વાતનો સ્વીકાર પ્રાચીન યુગમાં સૌ પ્રથમ ભારતે અપનાવ્યો હતો. જ્યારે અર્વાચીન યુગમાં એ વિચાર સાથે સર્જનાત્મકતાને જોડવામાં પશ્ચિમના રાષ્ટ્રો આપણા કરતાં આગળ રહ્યા છે. જો કે જ્ઞાન અને સર્જનાત્મકતા વચ્ચેનો ભેદ ઘણાં પશ્ચિમના રાષ્ટ્રોમાં આરંભમાં ચર્ચાસ્પદ બન્યો હતો. પશ્ચિમના કેટલાક શિક્ષણશાસ્ત્રીઓએ આરંભમાં તેના ભેદને અભિવ્યક્ત કરતા કહ્યું હતું, 'જ્ઞાની માનવી સર્જનાત્મક હોઈ શકે. પણ દરેક સર્જનાત્મક માનવી જ્ઞાની હોય જ, તે જરૂરી નથી.'

આમ છતાં બંને સ્થિતિમાં સર્જનાત્મકતા જ્ઞાનની ગુણવત્તા અને રજૂઆતમાં અવશ્ય અસરકારક પુરવાર થાય છે, એ વાતનો સ્વીકાર મોટાભાગના શિક્ષણશાસ્ત્રીઓએ કર્યો છે. વળી, સાહિત્યકૃતિ, કળાકૃતિ કે વૈજ્ઞાનિક શોધખોળોની પ્રવૃત્તિમાં જ સર્જનાત્મકતા પ્રગટ થાય છે,  એવી  પરંપરાગત

---

**(અનુસંધાન પાનાં 16 પરેથી)**

૧૬મીએ. અમને સવારના પહોરમાં અમેરિકનોની જેમ કોફી કે ટોસ્ટ ન ખપે. અમે તો અમારી સાથે ફાફડા અને જલેબી લાવ્યાં છીએ. માનવીમાંથી વિશ્વમાનવી બને એ બીજા. અમે તો વિશ્વમાનવીઓને ગુજરાતી બનાવીશું. હવે તો અમારા બાળકોને પણ બાળકો છે. તેઓ આ ધરતીનું અન્ન ખાય છે. આ આકાશની હવા શ્વસે છે. તેઓ તેમનું વતન ન્યૂ જર્સી ગણાવે છે. ભલેને ! અમે પણ આ ધરતીનું અન્ન ખાઈએ છીએ. પણ અમારું વતન તો ચરોતર અને સોરઠ જ છે. અમે અમારા વતનની ધૂળ માથામાં ભરી લાવ્યાં છીએ. તે બતાવીએ છીએ. પચાસ વરસે પણ એ ધૂળ ખંખેરે તે બીજા ! અમે ગુજરાતીઓ ન ખંખેરીએ .. અમદાવાદમાં વરસાદ પડે, ત્યારે પહેલાં છતરીઓ ન્યૂ જર્સીમાં ખૂલે છે. ચૂંટણી ગુજરાતમાં થાય અને પરિણામની રાહ ન્યૂ જર્સીમાં જોવાય છે. અમને અમેરિકામાં બીજું બધું ખબર હોય કે ન હોય. પરંતુ અમને બેંકના રસ્તા બરાબર યાદ છે.

અમે અહીં, બધા ભગવાનોનાં મંદિરો પણ બનાવી દીધા છે. એટલે ગુજરાતમાંથી આવનારને ઘર જેવું લાગે. મનપસંદ ગુજરાતી ભગવાનો અહીં તમારા માટે હાજર જ છે. પાંચ સાંઈબાબાનાં, પાંચ સ્વામીનારાયણ પ્રભુનાં (બન્ને પંથના) મંદિરો બનાવી દીધાં છે. તમારે જે માતા જોઈએ તે માતાજી અહીં મળે. દરેક માતાનાં મંદિર આપની સેવામાં હાજર છે. અહીં જલારામ અને સંતરામ મંદિરો પણ ભગતો માટે તૈયાર જ છે. હાલમાં દુનિયાનું સૌથી મોટું સ્વામીનારાયણનું મંદિર બની રહ્યું છે. એ જરૂર પૂરું થશે, કારણ કે  મંદિર માટે હરિભક્તો પાંચ હજાર ડોલરની એક, લેખે ઈંટો અર્પણ કરે છે. મોટા જૈન દેરાસરો પણ તૈયાર છે. ગુજરાતી મુસ્લિમ કોમ માટે ઢગલાબંધ મસ્જિદો તૈયાર છે. હાલ અમેરિકામાં લોકશાહી છે. અને અમેરિકા સાચું સેક્યુલર સ્ટેટ છે. જ્યાં સુધી અહીં આવું રાજતંત્ર છે. ત્યાં સુધીમાં અમે એનો લાભ લઈ લેવા માંગીએ છીએ. આજકાલ અમેરિકનોને લાંચરૂસ્વત શીખવાડીએ છીએ. હા, મઝાની વાત એ છે કે અમે એકે બિલ્ડીંગ એવું નથી બાંધ્યું કે જ્યાં કોઈ અજાણ્યા – મુસાફરને કે કોઈ મુસાફરીમાં રખડી પડેલા કુટુંબને એક બે રાત રહેવાનું મળે. એમણે તો ભજન જ કરવાનું !

ધંધાપાણીની વાત કરીએ તો – મોટાભાગની મોટેલો આપણાં પટેલ બંધુઓના હાથમાં છે. આ ક્ષેત્રમાં, છેલ્લાં વીસત્રીસ વરસમાં આપણે હરણફાળ ભરી છે. હોલી ડે ઈન કે રમાડા ઈન કરતાં વધુ આપણાં પટેલોની મોટેલો છે. કોઈ મોટેલ જોઈએ તો એમ જ પૂછવાનું હોય કે માલિક સુરતના છે કે ચરોતરના. આપણે ફક્ત મોટેલોના ધંધામાં જ પ્રવીણ નથી, ન્યૂ જર્સીની દરેક હોસ્પિટલોમાં બે ત્રણ ડઝન ઈન્ડિયન ડોકટરો તો મળે જ મળે. અને તેમાં પણ ડઝન ડોકટર પટેલ હશે. દરેક ક્ષેત્રમાં ગુજરાતીઓ કામ કરે છે. એટલે જતે દિવસે સ્વતંત્ર દેશ બને તો દેશનું સુકાન અમે સંભાળીશું. પંજાબીઓને પણ રાખીશું કોઈકે તો લશ્કરમાં જવું પડશે ને ! અમે તો બેન્કો ચલાવવામાં બિઝી હોઈશું.

મને લાગે છે કે આજે નહીં તો કાલે એમ બનશે. (યાદ રાખજો આ ભવિષ્યવાણી સૌ પ્રથમ જ્યોતિષશાસ્ત્રી શ્રી હરનિશ જોષીના મુખે સાંભળી હતી.) ઈહિાસ બોલે છે. મહાસત્તા રશિયાએ સ્થાપેલા સોવિયેટ યુનિયન કે જેને હું જન્મથી જોતો આવ્યો હતો તે આજે કયાં ગયું? અમેરિકાની વાત કરીએ તો ટેક્સાસ, કેલિફોર્નિયા, એરિઝોના વગેરે રાજ્યો પાડોશી મેક્સિકો પાસેથી શામદામદંડથી પડાવ્યા છે. જેમાં અમેરિકાના મેક્સિકન લોકોએ ધામા નાખ્યા જ છે. તેઓ કહે જ છે કે મૂળ તો આ અમારો જ પ્રદેશ છે ને ! ગામને છેવાડે અલાસ્કા છે. જે રશિયા પાસેથી ખરીદ્યું છે. જેમાં વધુ એસ્કિમો લોકો છે. એટલે એને છૂટું પડતા વાર નહીં લાગે. લુઈઝિયાના સ્ટેટ ફ્રેન્ચ પાસેથી પડાવ્યું છે.

આજથી પચીસો વરસ પહેલાં કોઈ ગ્રીકને કે બે હજાર વરસ પહેલાં કોઈ રોમનને  કોઈએ એમ કહ્યું હોત કે તમારા આ મહેલો ખંડેર થઈ જશે – સંસ્કૃતિ ઊડી જશે. તો તેમણે એ વાત માની હોત ? આજકાલ અમેરિકામાં જે રીતે ગન શુટિંગ થાય છે. તે જોતાં લાગે કે યાદવાસ્થળીની શરૂઆત આવી જ કાંઈક હશે. હશે. કાંઈ નહીં, અમેરિકાનું જે થવાનું હોય તે થાય. પરંતુ આપણને તો 'નયા ગુજરાત' મળવાનું ને ! અમેરિકાના હાલના પ્રમુખ પણ ગુજરાતી જ છે. જે વ્યક્તિની ઓફિસમાં મહાત્મા ગાંધીનો ફોટો હોય. ગજવામાં હનુમાનજીની મૂર્તિ હોય. અને સ્પાયસી સમોસાં ભાવતાં હોય, તો તે ગુજરાતી જ કહેવાય ને !

(30 જાન્યુઆરી 2013)

[4 Pleasant Drive, Yardville, NJ 08620, U.S.A.]
Email harnishjani5@gmail.com

માન્યતામા પણ પરિવર્તન આવ્યું છે. માનવીને દરેક પ્રવૃત્તિમાં સર્જનાત્મકતાનો આવિષ્કાર સંભિવત છે. ફોસ્ટર (૧૯૭૧) અને લીટન (૧૯૭૧) નોંધે છે, 'સર્જનાત્મકતા એ ઈશ્વરીય વરદાન પામેલા થોડા જ લોકોનો ગુણ નથી, પણ માત્રાભેદે સર્જનાત્મકતા સમગ્ર માનવજાતમાં સમધારણ રીતે વિતરિત થયેલી છે.'

સર્જનાત્મકતા વિશેના આ વિચારો તથ્યોના પ્રકાશમાં શિક્ષક અને વિદ્યાર્થીમાં રહેલી સર્જનાત્મકતાનો ઉપયોગ શિક્ષણ પદ્ધતિમાં કરવાના વિચાર તરફ દોરતા ૧૯૨૦મા જાણીતા પશ્ચિમી ચિંતક બર્ટ્રાડ રસ્સલે (Bertrand Russell) લખ્યું હતું, 'We are faced with the paradoxical fact that education has become one of the Chief Obstacles to Intelligence and Freedom of thoughts.'

અર્થાત્,

'આપણે એક એવી વિવાદાસ્પદ હકીકતનો સામનો કરી રહ્યા છીએ કે આપાણું શિક્ષણ પોતે જ બુદ્ધિના વિકાસ અને વિચાર સ્વતંત્રનું મુખ્ય અવરોધક પરિબળ બની ગયું છે.'

ઈંગ્લંડની શિક્ષણ પદ્ધતિમાં આ વિચારે મોટી અસર કરી. શિક્ષણમાં બુદ્ધિ વિકાસ અને વિચાર સ્વતંત્રનો અભાવ સમગ્ર શિક્ષણના માળખા અને ઉદ્દેશને બિન ઉપયોગી કરી નાખે છે. પરિણામે એ અંગે ગહન વિચારણાનો આરંભ થયો. સર્જનાત્મક વલણ નામનાં સંશોધન સામાયિકના પ્રથમ અંકમાં (Journal of Creative Behaviour) શિક્ષણવિદ્ ગુઈલફોર્ડ (Guilford) ઈ.સ. ૧૯૬૭માં લખ્યું હતું, 'The problems of creativity in the educational setting are endless, and the scope of research in this area is rapidly spreading.'

અર્થાત્

3. **'શિક્ષણમાં સર્જનાત્મકતાની સમસ્યા અવિરત પણે વિચારાતી રહી છે અને તે ક્ષેત્રમાં ઝડપી સંશોધન થઈ રહ્યા છે.' :** તેના પરિપાક રૂપે છેક ઈ.સ. ૧૯૯૮માં ઈંગ્લંડની સરકારે 'National Advisory Committee on Creative and Cultural education'(NACCCE)ની રચના કરી. જેનો મૂળભૂત ઉદ્દેશ, 'To make recommendations to the Secretaries of State on the Creative and Cultural Development of young people through formal and informal education.'

આ વિચારમાંથી જ શિક્ષણ પદ્ધતિમાં સર્જનાત્મકત વિચાર અને સાહિત્યની મહત્તા અંગે ગંભીર વિચારણાનો આરંભ થયો.

4. **સર્જનાત્મકતાનો અર્થ અને વ્યાખ્યા :** યુનાઈટેડ કિંગ્ડમની નેશનલ એડવાઈઝરી કમિટીએ ૧૯૯૯માં આપેલ સર્જનાત્મકતાની વ્યાખ્યામાં કહ્યું છે, 'સર્જનાત્મકતા એ માનસિક પ્રક્રિયા છે. જે વિચાર, કલ્પના, ઉદ્દેશ અને મૌલિકતાનું મિશ્રણ છે.'

એ દ્રષ્ટિએ વિચાર અને કલ્પનાનું જોડાણ એટલે સર્જનાત્મકતા. સર્જનાત્મકતાનું ક્ષેત્ર અમાપ છે. એન્સાઈક્લોપીડિયા ઓફ બ્રિટાનિકામાં સર્જનાત્મકતાની વ્યાખ્યા આપતા લખ્યું છે, 'The ability to make or otherwise bring into existence something new, whether a new solution to a problem, a new method or device, or a new artistic object or form.'

ઑશૉ કહે છે, 'બુદ્ધિમતાને પ્રવૃત્તિમય કરવા માટે વધારે માહિતીની નહીં, પણ વધારે ધ્યાનમગ્નતા - એકાગ્રતાની જરૂર છે. સર્જન માટે દિમાગની ઓછી અને દિલની વધારે જરૂર પાસે છે. જો તમારું કામ તમારી પ્રેમની કથા હશે તો તે સર્જન બની રહેશે. સર્જનાત્મકતા એટલે તમે કરી રહ્યા છો તે પ્રવૃત્તિમાં તમારી ગુણવત્તાનું પ્રદાન. તે એક અભિગમ છે, એક આંતરિક દ્રષ્ટિકોણ છે. તમે જે કંઈ પણ કરો તે જો આનંદથી કરો, પ્રેમથી કરો, તો તે નવસર્જન છે.'

એન્સાઈક્લોપિડિયા ઓફ એજ્યુકેશન રિસર્ચમાં સર્જનાત્મકતાની સમાજ આપતા કહ્યું છે, 'વિચારોનું નાવીન્યકરણ અને તેના વિશિષ્ટ મૂલ્યનું સંયોજન એટલે સર્જનાત્મકતા.'

ટોરેન્સ (૧૯૬૨) સર્જનાત્મકતાની વ્યાખ્યા આપતા કહે છે, 'સર્જનાત્મકતા એટલે સમસ્યા, ઊણપ, જ્ઞાનમાં રહેલી ખાઈ, જીવનમાં ખૂટતા તત્ત્વો અને બિનસંવાદિતતા વગેરે સમસ્યાઓને સંવેદનશીલ બનાવી પ્રસ્તુત કરવાની પ્રક્રિયા.'


દુબઈના રણમાં સ્કૂટર અસવાર મહેબૂબ દેસાઈ

બેરોન(૧૯૬૯)ના અવલોકન પ્રમાણે 'સર્જનાત્મકતા એવી શક્તિ છે કે જે સામાન્ય કાર્યને રચનાત્મક સૌંદર્ય અર્પે છે.'

વોલચ અને કોગન (૧૯૬૫) સર્જનાત્મકતા અંગે જણાવે છે, 'જે ક્ષમતા દ્વારા વ્યક્તિ વધુને વધુ કલાત્મકતા દર્શાવે છે તે નોંધપાત્ર હોય છે.'

5. **ટૂંકમાં સર્જનાત્મકતા એટલે સાહસિક રીતે વિચારવું, સીધો માર્ગ છોડી કૈક જુદા માર્ગે ફંટાવું, પ્રણાલીગત ઢાંચાને તોડવો આ પ્રક્રિયા માટેનું પરિબળ એટલે સર્જનાત્મકતા.' :**

ઉપરોક્ત સર્જનશીલતાની વ્યાખ્યામાંથી નીચેના મહત્ત્વના મુદ્દાઓ ટપકે છે :

- સર્જનશીલતા એ વિચારોની પ્રક્રિયા છે.
- તે ઉચ્ચ પ્રકારની માનસિક પ્રક્રિયા છે.
- તેની નીપજ નવીનતા, મૌલિકતા અને ભિન્નતા છે.
- તે વૈચારિક સર્જનાત્મકતા છે.

6. **આપણી શિક્ષણ પદ્ધતિ અને સાહિત્યમાં સર્જનાત્મકતાનો અભાવ:** આપણા જાણીતા સર્જક મનુભાઈ પંચોળીએ તેમની જાણીતી ઐતિહાસિક નવલકથા 'સોક્રેટીસ'ના સર્જનનાં પાયામાં રહેલ ગુજરાતી સાતમાં ધોરણના પાઠ્યપુસ્તકને યાદ કરતા લખ્યું છે, 'આમ કહું તો છેક બાળપણમાં તેનો (સોક્રેટીસનો) સ્વસ્થ વિષપાનનો પ્રસંગ ગુજરાતી સાતમી ચોપડીમાં વાંચેલો, ત્યારથી અહોભાવ જન્મ્યો હશે તેમ સ્મૃતિના પડ ઉલેખતા દેખાય છે.'

સર્જનાત્મક શૈક્ષણિક સાહિત્યની વિદ્યાર્થી પર થતી હકારાત્મક અસરનું આ ઉત્તમ દ્રષ્ટાંત છે. એ જ રીતે સર્જનાત્મક સાહિત્યની નકરાત્મક અસરનું પ્રખર દ્રષ્ટાંત હિટલર છે. હિટલરે તેની આત્મકથા 'મેનકાફૂટ'(મારો સંઘર્ષ)માં લખ્યું છે, 'મારા સર્જનમાં મારા ઈતિહાસના શિક્ષકનો ફાળો છે. તેણે જર્મન પ્રજાની યાતનાઓની જે અસરકારક રજૂઆત મારા અભ્યાસકાળમાં કરી, તેની ગાઢ અસર મારા બાળ માનસપર થઈ હતી.'

સર્જનાત્મક સાહિત્ય અને સર્જનાત્મક શિક્ષણ પદ્ધતિના આ ઉદાહરણો આપણને એ તરફ વિચારવા દોરે છે કે શિક્ષણમાં સર્જનાત્મકતા મહત્ત્વની જ નહિ, અનિવાર્ય અને અસરકારક છે. આ દ્રષ્ટાંતો પછીનો શિક્ષણનો ઈતિહાસ ઝડપથી બદલાયો છે. તેની પદ્ધતિ અને સાહિત્યમાં અનેક પરિવર્તનો આવ્યા છે. તેમાંથી સર્જનાત્મકતા ધીમે ધીમે અદ્રશ્ય થતી ગઈ છે. અને તે માત્ર માહિતી અને તથ્યોનો નીરસ સંગ્રહ બની ગઈ છે. બી.એડ.ના અભ્યાસમાં વિષય માંડણી માટેની એક રમૂજ વર્ષોથી પ્રચલિત છે. જેમાં શિક્ષક

વિદ્યાર્થીને પ્રશ્ન કરે છે, 'માનવીને મૃત્યુ પછી કયા દાટવામાં આવે છે ?'

વિદ્યાર્થી ઉવાચ, 'કબરમાં.'

શિક્ષક : કબરની આગળ 'અ' લગાડીએ તો કયો શબ્દ બને છે ?

વિદ્યાર્થી : અકબર

શિક્ષક : આજે આપણે અકબર વિશે ભણીશું.

7. **વિષયની માંડણીની આ અરુચિકર પ્રથાનો યશ કોને જાય છે તેને ચર્ચાનો વિષય ન બનાવીએ.** પણ તેમાં રહેલી અરુચીકર અને અસર્જનાત્મકતા આપણેને સૌને ખૂંચે છે. આજના આપણા ૧ થી ૧૨નાં પાઠ્યપુસ્તકો પર એક નજર કરીશું તો આવી પદ્ધતિનાં દર્શન અવશ્ય થશે. તેના પરથી આપણા શૈક્ષણિક પદ્ધતિ અને સાહિત્યના પાઠોનાં લક્ષણો નીચે મુજબ જોવા મળે છે :

૧. પાઠના વિષયવસ્તુમાં નાવીન્યતાનો અભાવ

૨. પાઠના વિષયવસ્તુને પ્રસ્તુત કરવા માટે લેવાયેલ બિન ઉપયોગી અઢળક માહિતી

૩. માહિતીના પ્રસ્તુતીકરણમાં ભાસતી નીરસતા

૪. માહિતીની પ્રસ્તુતતામાં સર્જનાત્મકતાનો અભાવ

આ પાઠોનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરતાં નીચેનાં કેટલાંક તારણો નીકળે છે :

૧. પાઠના લેખકે તેમાં તેની વિદ્વતા ઠાલવવા અપાર શ્રમ કર્યો છે.

૨. પાઠના લેખનમાં માહિતીનો અતિરેક છે.

૩. પાઠના લેખન સમયે વિદ્યાર્થીની રુચિ કે રસને કેન્દ્રમાં રાખવામાં આવેલ નથી.

૪. પાઠના વિષયવસ્તુને પ્રસ્તુત કરવામા સર્જનાત્મકતાનો અભિગમ ઉપેક્ષિત છે.

આવા પાઠોના સર્જનમાં રચયતા પોતાની વિદ્વતાને અભિવ્યક્ત કરવાની એક પણ તક જતી નથી કરતા. પણ તેમની વિદ્વતા વિદ્યાર્થીઓના ઘડતરમાં ત્યારે જ સહભાગી બની શકે જ્યારે તે અસરકાર અને સર્જનાત્મક રીતે પાઠમા રજૂ થઈ હોય. કારણ કે સર્જનાત્મકતા પાઠમાં વિદ્યાર્થીની રુચિ ઉત્પન કરે છે. રુચિ રસનું મૂળ છે. અને રસ વિષયને બુદ્ધિ કરતાં હૃદયમાં સંગ્રહિત કરવામાં અસરકારક પુરવાર થાય છે. મનુભાઈ પંચોળી અને હિટલરના દ્રષ્ટાંતોમાં આ જ બાબત કેન્દ્રમાં ભાસે છે. જો કે સર્જનાત્મક પાઠનું સર્જન કોઈ યાંત્રિક પ્રક્રિયા નથી. તે સરળ અને ઝડપી પણ નથી. ૧ થી ૧૨ અને સ્નાતક કે અનુસ્નાતક સંદર્ભ પુસ્તકોનાં સર્જનમાં વર્ષોથી સહભાગી બનવાનો અવસર મને સાંપડ્યો છે. ૧ થી ૧૨ના પાઠ્યપુસ્તકોનાં સર્જન સમયનો પણ હું ઘણીવાર સાક્ષી રહ્યો છું. ત્યારે પાઠોના લેખકો વિષયવસ્તુને માહિતીના અનેક શ્રોત દ્વારા માહિતીસભર રીતે રજૂ કરવાનો વધુ આગ્રહ રાખતા હોય છે. પણ પાઠના સર્જનાત્મકત પાસાં પ્રત્યે તેમનું બિલકુલ ધ્યાન કે વિચાર સુધ્ધા જતો નથી. પરિણામે પાઠ માહિતીસભર તો બને છે, પણ રસમય બનતો નથી. પરિણામે તેના હાર્દને પામ્યા વગર વિદ્યાર્થી તેને પરીક્ષાલક્ષી ઉદ્દેશથી જ યાદ રાખવાની જહેમત લે છે. પણ જો પાઠ સર્જનાત્મક અભિગમ સાથે લખાયો હોય તો તેને યાદ કરવા વિદ્યાર્થીને જહેમત કે શ્રમ લેવાની જરૂર પડતી નથી. તે તેને બુદ્ધિથી નહિ હૃદયથી લાંબા સમય સુધી યાદ રાખી શકે છે.

8. **સર્જનાત્મક પાઠનું દ્રષ્ટાંત :** આપણા સમાજ વિજ્ઞાનનાં પાઠોમાં મોટે ભાગે ભાસતી નીરસતાથી આપણે પરિચિત છીએ. એ પાઠોમાં વિષયવસ્તુના ઉદ્દેશને માહિતીની વિપુલતામાં ઢાંકી દે છે. જેમ કે 'સદ્‌ભાવ'ના ગુણ કે આદર્શને અભિવ્યક્ત કરવા આપણા પાઠ લેખક સદ્‌ભાવનાની વ્યાખ્યા, તેના પ્રકારો, તેના લક્ષણો અને તેની સામાજિક-રાજકીય અસરોને સૈધ્ધાંતિક સ્વરૂપે પોતાના પાઠમાં સાકાર કરે છે. આ પદ્ધતિમાં વિદ્યાર્થી અવશ્ય સદ્‌ભાવનાના સૈધ્ધાંતિક સ્વરૂપને જાણશે. પણ તેમાં રહેલા ધબકારા કે લાગણીની અનુભૂતિથી અલિપ્ત રહેશે. પરિણામે પાઠની દીર્ઘકાલીન અસર વિદ્યાર્થીના માનસ પર રહેશે નહિ. કારણ કે સિદ્ધાંતો અનુભૂતિના વાહક નથી હોતા. અને એટલે જ સદ્‌ભાવનાની સૈધ્ધાંતિક પરિકલ્પના કરતાં તેની અનુભૂતિને સાકાર કરવા પાઠ લેખકે એક નાનકડા પણ અસરકારક પ્રસંગને સર્જાવો જોઈએ. જે સદ્‌ભાવનાની અસરકારકતાને શબ્દની અનુભૂતિમાં સાકાર કરી શકે. આ માટેનો નમૂના રૂપે એક પાઠ નીચે મુજબ આપી શકાય.

**સદ્‌ભાવના**

હિંદુ સમાજ હંમેશાં 'મહાશિવ રાત્રી' ઉજવે છે. આપણા વેદો અને પુરાણોમાં ભગવાન શિવનો મહિમા અનેક રીતે વ્યક્ત થયો છે. ભગવાન શિવ માત્ર ધર્મ અને શ્રધ્ધાનું જ કેન્દ્ર નથી. ભારતીય શાસ્ત્રીય સંગીતનું ઉગમ સ્થાન પણ છે. તેમના ડમરુમાંથી જ નાદ અને સ્વરની ઉત્પતિ થઈ છે. એમ પણ કહેવાય છે કે ભગવાન શંકરે નારદજીને છ મુખ્ય રાગો સાથે મૃત્યુલોકમાં મોકલ્યા હતા. જેમાં ભૈરવી અને માલવ કૌંસ અગ્ર હતા. માલ અને કૌંસનો અર્થ થાય છે ગળામાં સર્પની માળા ધારણ કરનાર. સમય જતા તેનો ઉચ્ચાર 'માલકોશ' થવા લાગ્યો. રાગ માલકોશ વિશે જાણીતા સંગીતકાર મિયાં નૌશાદ અલી (૧૯૧૯-૨૦૦૬) કહે છે, 'માલકોશ ભગવાન શિવ કી કર્ણપ્રિય રચના હૈ.'

આ રાગે ભારતીય શાસ્ત્રીય સંગીતમાં તો અદ્‌ભુત પ્રદાન કર્યું જ છે. પણ ફિલ્મો માટે મિયાં નૌશાદે 'માલકોશ' પર આધારિત અનેક કર્ણપ્રિય ગીતો સર્જયાં છે. જેણે હિન્દી ફિલ્મ સંગીતમાં કોમી એખલાસ અને સદ્‌ભાવનાના અદ્‌ભુત દ્રશ્યો સર્જયા છે. જૂનાં ગીતોના શોખીનો રાગ માલકોશ પર આધારિત બે ગીતો આજે પણ મન ભરીને માણે છે. એક ફિલ્મ 'બૈજુબાવરા'નું 'મન તરપદ હરિ દરશન કો આજ' અને બીજું 'નવરંગ' ફિલ્મનું 'આધા હૈ ચંદ્રમાં રાત આધી'. પ્રથમ ગીતના સર્જન અને તેમાં ટપકતી કોમી એખલાસની કથા જાણવા જેવી છે. ઈ.સ. ૧૯૫૨માં આપણા ગજરાતી નિર્દેશક વિજય ભટ્ટના નિર્દેશનમાં સર્જાયેલી અત્યંત સફળ ફિલ્મ 'બૈજુબાવરા'ના કૃષ્ણ ભજન 'મન તરપદ હરિ દરશન કો આજ'ના સર્જક છે મહંમદ શકીલ બદાયુની (૧૯૧૬-૧૯૭૦) જેને ફિલ્મી દુનિયામાં શકીલ બદાયુની તરીકે સૌ ઓળખે છે. ઉત્તર પ્રદેશના બદાયું ગામના વતની શકીલ મોહંમદ ઈ.સ. ૧૯૪૪માં ફિલ્મોમાં કિસ્મત અજમાવવા આવ્યા હતા. અને સૌ પ્રથમ નૌશાદ અલીને તેઓ મળ્યા. નૌશાદ અલીએ તેમને કંઈ સંભળાવવા કહ્યું. અને શકીલમાંથી શાયરી ફૂટી :

**હમ દર્દ કા અફસાના દુનિયા કો સુના દેંગે,**
**હર દિલ મેં મહોબ્બત કી આગ લગા દેંગે**

શકીલની શાયરીમાં રોમાન્સ કરતાં ઈબાદત અને ઝિંદગીની સચ્ચાઈ વધુ ઝલકતી હતી. 'બૈજુબાવરા'નું ભક્તિ ગીત 'મન તરપદ હરિ દરશન કો આજ' તેની સાક્ષી છે. એક મુસ્લિમ શાયર 'મન તડપત હરિ દરશન કો આજ' લખે છે, ત્યારે તેની શુદ્ધ ધર્મ ભાવના તેમાં અભિવ્યક્ત થાય છે. જેમાં કયાં ય હિંદુ-મુસ્લિમના ભેદ ભાસતા નથી. એ ગીતમાં હરિને પામવાની તડપ શકીલની દરેક કડીમાં સાકાર થયેલી જોવા મળે છે.

**મન તરપત હરિ દરશન કો આજ**
**મોરે તુમ બિન બિગરે સગરે કાજ**
**આ, બિનતી કરત હું રખીયો લાજ .... મન તરપત**

**તુમ રે દ્વારકા મેં હું જોગી**
**હમરી ઔર નજર કબ હોગી**
**સુન મોરે બ્યાકુલ મન કા બાજ .... મન તરપત**

**બિન ગુરુ જ્ઞાન કહાં સે પાઉં**
**દીજો દાન હરિ ગુણ ગાઉં**
**સબ ગુની જન પે તુમ્હારા રાજ .... મન તરપત**

**મુરલી મનોહર આસ ન તોડો**
**દુ:ખ ભંજન મોરે સાથ ન છોડો**
**મોહે દરશન ભિક્ષા દે દો આજ .... મન તરપત**

આ ગીતનાં રેકોર્ડીંગની ઘટના પણ જાણવા જેવી છે. જે દિવસે મિયાં નૌશાદ આ ગીતનું રેકોર્ડીંગ કરવાના હતા, તેના આગલા દિવસે દરેક સાજિંદાને તેમણે ખાસ સૂચના આપી હતી, 'કલ કૃષ્ણ ભગવાન કી શાન મેં ગાયે જાને વાલે

ઈસ ભજન કા રેકોર્ડીંગ હૈ. ઈસ લિયે આપ સબ પાક સાફ હો કર સ્ટુડીઓ પર આયેંગે.'

અને એમ જ થયું. સૌ સાજિંદાઓ પવિત્ર થઈને સ્ટુડીઓ પર આવ્યા. સૌએ પોતાના જુતા સ્ટુડીઓ બહાર જ ઉતાર્યા. ગીતના ગાયક મહંમદ રફી સાહેબ હતા. તેમણે પણ સ્ટુડીઓમાં દાખલ થતા માથે રૂમાલ બાંધ્યો. અને આમ અત્યંત પવિત્ર વાતાવરણમાં 'મન તરપત હરિ દરશન કો આજ' ભજનનું રેકોર્ડીંગ થયું. ભજનનાં રેકોર્ડીંગ દરમિયાન વાતાવરણ એટલું ભક્તિમય બની ગયું કે સાજિંદાઓને ચુકવાણું કરવા હંમેશા આવતા લલ્લુભાઈ રીતસર કૃષ્ણ ભક્તિમાં મગ્ન બની નાચવા લાગ્યા. રેકોર્ડીંગ પૂરું થવા છતાં તે નાચતા જ રહ્યા. એ દૃશ્યને અભિવ્યક્ત કરતા નૌશાદ મિયાં કહે છે : 'લલ્લુભાઈ ભક્તીમેં લીન હોકર રકશ (નાચી) કર રહે થે. ઉનકો કો સંભાલના હમારે લીયે મુશ્કેલ હો ગયા થા. બડી મુશ્કિલ સે હમને ઉન્હેં સંભાલા. યે દેખકર મહંમદ રફી સાહેબ કહેને લગે, નૌશાદ સાહબ, યે આપ કે ગીત કા કમાલ હૈ.'

મેને કહા, 'હુજુર, યે મેરે ગીત કા નહિ રાગ માલકોશ કા કમાલ હૈ. ભગવાન શિવ કી પ્રસાદી સે બના રાગ માલકોશ લોગો કો પાગલ બના દેતા હૈ.'

આજે પણ કૃષ્ણના ભક્તિ રસમાં તરબતર આ ભજન જ્યારે પણ વાગે છે, ત્યારે મિયાં નૌશાદ, મહંમદ શકીલ અને મહંમદ રફી જેવા મુસ્લિમોની સર્વધર્મ સદ્‌ભાવની ભક્તિ માટે મસ્તક નમી જાય છે.

ઉપરોક્ત પાઠ શ્રેષ્ટ અને આદર્શ છે તેમ કહેવાનો કે સિદ્ધ કરવાનો અત્રે ભાવ નથી. પણ સદ્‌ભાવનાના વિચારને સર્જનાત્મકત શૈલીમાં રજૂ કરવાનો એક નમ્ર પ્રયાસ માત્ર છે.

9. **દરેક શિક્ષક સર્જક છે :** સર્જનશીલતા એ માત્ર કવિ, લેખકો, ચિત્રકારો, કલાકારોનો જ ઈજારો નથી. દરેક વ્યક્તિમાં એક સર્જક પડેલો છે. અલબત્ત તેને ઓળખવાની, જાણવાની અને પામવી જરૂર હોય છે. કેટલાક માનવીઓ પોતાનામાં પડેલી એ કલાને પામીને તેને વિકસાવે છે. જ્યારે કેટલાક માનવીઓ એ કલાને સુષુપ્ત અવસ્થામાં જ રહેવા દે છે. આપણા સમાજમાં શિક્ષક એક જાગૃત અને વિચારશીલ વ્યક્તિ છે. તે અવશ્ય સર્જનાત્મકતાના ઘટકોને પામી પોતાનામાં રહેલી સર્જન કલાને વિકસાવી શકે છે. ગીલ્ફ્રીડે સર્જનાત્મકતાના વિકાસ માટે નીચે મુજબના ૮ ઘટકો આપે છે.

૧. શબ્દ પ્રવાહ ૨. વિચાર પ્રવાહ ૩. સાહચર્ય પ્રવાહ ૪. અભિવ્યક્તિ પ્રવાહ ૫. ઉપમાનું અર્થઘટન ૬. કૃતિનું શીર્ષક ૭. વસ્તુનું સર્જન ૮. સુશોભન

ગીલ્ફ્રીડના આ આઠ ઘટકો દરેક શિક્ષકના વ્યક્તિત્વનું પ્રતિબિંબ છે. વળી, ગીલ્ફ્રીડેએ આપેલ સર્જકની લાક્ષણિકતાઓ પણ દરેક શિક્ષકના સ્વભાવ સાથે સુસંગત લાગે છે.

૧. તેમનું શક્તિ ક્ષેત્ર મૂલ્યાંકન પાત્ર હોય છે.

૨. તેમનામાં સભાનપણે આવેલા વિચારોને જાળવવાની અને તેને અભિવ્યક્ત કરવાની શક્તિ હોય છે.

૩. તેઓ અસામાન્ય હોવા છતાં સમાજમાં ટકી રહેવાની શક્તિ ધરાવતા હોય છે.

૪. તેઓ અતિ લાગણી શીલ હોય છે.

૫. તેઓની જીવનશૈલી અલગ અને સ્વપ્નશીલ હોય છે.

૬, તેઓની નિરીક્ષણ શક્તિ સતેજ હોય છે.

૭. તેમની વિચાર પ્રક્રિયા નિરંતર હોય છે.

૮. તેઓ ઉત્સાહી અને મનમોજી હોય છે.

૯. નવીનતા ભર્યા સંગીત કે વિચાર રચનાથી તેઓ પ્રફુલ્લિત થઈ જાય છે.

૧૦. તેઓ આત્મ વિશ્વાસથી ભરપૂર હોય છે.

૧૧. તેઓની જિજ્ઞાસા વૃત્તિ તીવ્ર હોય છે.

૧૨. તેઓ પોતાના વિચારો કે આચારોમાં મક્કમ હોય છે.

૧૩. તેઓ બુદ્ધિ કરતાં હૃદયના નિર્ણયને વધુ પ્રાધાન્ય આપતા હોય છે.

૧૪. પરંપરા, રૂઢી કે પ્રણાલીગત નિયમોથી અલગ વિચારતા હોય છે.

૧૫. તેઓ સંપૂર્ણ આશાવાદી અને પરિવર્તનશીલ હોય છે.

ટેલર અને હોલેન્ડ(૧૯૬૨)એ પોતાના સંશોધનમા સર્જનશીલ વ્યક્તિનાં જે લક્ષણો આપ્યા છે તે મુજબ 'સર્જનશીલ વ્યક્તિ બીજા કરતાં વધુ આત્મનિર્ભર, સ્વતંત્ર વિચાર અને વાણી ધરાવનાર, અતાર્કિક બાબતો પ્રત્યે પણ ખુલ્લું વલણ ધરવનાર, ધારેલું કરનાર, સાહસી, પ્રગતિશીલ વિચારક અને અતિ સંવેદનશીલ હોય છે.'

રેંક (૧૯૭૨) સર્જનાત્મક વ્યક્તિનું વર્ણન કરતા લખે છે, 'એવી વ્યક્તિ જે પોતાની જાત સાથે તાદાત્મ્ય સાધે છે અને પ્રત્યેક કાર્યમાં ઓતપ્રોત બની કાર્ય કરે છે.'

આવો અસાધારણ શક્તિનો માલિક શિક્ષક પોતાની સર્જનાત્મક શક્તિઓને યોગ્ય માર્ગે વળશે, તો તેની સર્જકતા શિક્ષણ અને તેના સાહિત્યમાં અદ્‌ભુત પરિણામો આણશે.

10. **સમાપન :** શિક્ષણમાં સર્જનાત્મકતાની આ ચર્ચાને આટોપતાં એટલું જ કહી શકાય કે સર્જનાત્મકતાવિહોણું શિક્ષણ રસ વિનાના જીવન સમાન છે. ભાર વિનાનું ભણતર એ વિધાનને શબ્દોમાં અભિવ્યક્ત કરવો સહેલો છે. પણ તેને શિક્ષણ પદ્ધતિમાં સાકાર કરવો મુશ્કેલ છે. પણ કૌટલ્યનું પેલું વિધાન 'शिक्षक कभी साधारन नहीं होता, सर्जन और प्रलय उसकी गोद में पलता है।' સર્જક તરીકેની શિક્ષકની શક્તિ સિદ્ધ કરે છે. અને એટલે જ શિક્ષક શિક્ષણને જ્યારે પણ સર્જનાત્મક બનાવશે, ત્યારે અવશ્ય શિક્ષણ રસમય બનશે. પરિણામે શિક્ષણ પદ્ધતિમાં આમૂલ પરિવર્તન આવશે, તેમાં બે મત નથી.

•

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની શ્રીમતી સી.આર. ગાર્ડી એકેડમિક સ્ટાફ કોલેજ, રાજકોટમા અધ્યાપકોના ઓરિયેન્ટેશન કાર્યક્રમમાં ૧૨.૧૩ માર્ચ ૨૦૧૨ના રોજ આપેલ વ્યખ્યાન.**

e.mail : mehboobudesai@gmail.com

---

## બાળક, માબાપ અને પ્રેમ

• ધીરજલાલ શાહ

બાળક વૈભવ નથી માગતું. બાળક સારું ભોજન, સારાં કપડાં કે સારાં રમકડાં નથી માગતું. બાળક માગે છે કેવળ પ્રેમ, હૂંફ અને આનંદ. તેથી બાળકના અને પોતાના ભલા માટે માબાપે બાળક પ્રત્યે નીચેનું કોઈ પણ આચરણ કરવું હિતાવહ નથી :

૧. જો બાળકની ઉપેક્ષા કરશો તો લાગણીશૂન્ય થશે. ૨. જો તિરસ્કાર કરશો તો ધૃણાની લાગણી ઉદ્‌ભવશે. ૩. જો દાબમાં રાખશો તો અણવિકસિત માનસવાળું થશે. ૪. જો મારશો કે ડારશો તો પ્રેમ ગુમાવશો. ૫. જો ટોક ટોક કરશો તો રીઢું થઈ જશે. ૬. જો લાડ કરશો તો માથે ચઢી વાગશે.

માબાપ દર્પણ છે અને બાળક દર્શક છે. તે જેવું જુએ છે તેવું શીખે છે અને કરે છે. તેથી માબાપે બાળકના હિતમાં આ બાબતો પ્રત્યે ખાસ ધ્યાન આપવાની જરૂર છે :

૧. રહેણીકરણીમાં માબાપે મર્યાદામાં રહેવું. ૨. ટીવી કે વીડિયો બાબતમાં વિવેક જાળવવો. ૩. બાળક કયાં પુસ્તકો વાંચે છે ? તેનું ધ્યાન રાખવું. ૪. માબાપે પોતે સારાં પુસ્તકો વાંચવાં અને બાળકોને સારાં પુસ્તકો વાંચવાની ટેવ પાડવી. ૫. માબાપે બાળકને સમજવાનો પ્રયત્ન કરવો અને સતત પ્રેમ અને પ્રોત્સાહન આપતાં રહેવું. ૬. બાળકને ધર્મના સાચા સંસ્કાર આપવા અને મંદિરે જવાની ધીમે ધીમે ટેવ પાડવી. ૭. જે પોતાને પ્રતિકૂળ લાગે તેવું વર્તન, માબાપે બાળકો પ્રત્યે કદાપિ આચરવું નહીં. ૮. રોજ ભેગાં બેસીને જમવું. જમતાં પહેલાં નાની પ્રાર્થના કરવી અને જમતાં જમતાં સારી સારી વાતો કરવી. ૯. રોજ રાત્રે ભેગાં મળી પ્રાર્થના કરવી, ભજન કરવાં. ૧૦. બાળકો પાસે શાંતિથી બેસીને વહાલથી વાત કરવી, તેમની જરૂરિયાતો અને મુશ્કેલીઓ જાણવી અને યોગ્ય કરવું. ૧૧. બાળકોને તમારી સીધી સલાહની કે તમારા વિચારોનાં પડીકાંઓની જરૂર નથી. તેમને તમારો પ્રેમ જોઈએ છે. કારણ કે તેઓ પ્રેમના ભૂખ્યા છે. પ્રેમ વંચિત બાળક ઘરમાં કે શાળામાં કશું જ પામી શકતું નથી.

બાળકને સારાં ભોજન વિના ચાલશે, સારાં કપડાં વિના ચાલશે, સારાં રમકડાં વિના ચાલશે. પરંતુ માબાપના પ્રેમ વિના નહીં ચાલે. તેથી માબાપે બાળકને વધુમાં વધુ પ્રેમ આપવો જોઈએ. પરંતુ આજના જમાનામાં માબાપને બાળકોને પ્રેમ કરવાનો સમય જ ક્યાં છે ? માબાપને વાતો કરવાનો, ટીવી અને વીડિયો જોવાનો, નિંદા કરવાનો, નિંદા સાંભળવાનો અને ફોન ઉપર ચીટકી રહેવાનો સમય છે. પણ બાળકના માટે સમય નથી, એટલે બાળકને રાજી કરવા બાળકની આગળ રમકડાં, કપડાં અને ખાવાની વસ્તુઓનો ઢગલો કરી દેવામાં આવે છે. પરંતુ માબાપના પ્રેમ વિના બાળક અસલામતી અને ભયની લાગણી અનુભવે છે. અને બાળક બગડે છે ત્યારે માબાપ પોતાની ભૂલોનું, બેદરકારીનું પરિણામ જોઈને દુઃખી થાય છે.

ઘર અને શાળા એ બાળકોના જીવનઘડતર માટેનાં મંદિરો છે. પ્રેમ પામનાર બાળકો સારા વિચાર, સારા સંસ્કાર, સારી દિશા પ્રાપ્ત કરે છે અને માબાપ માટે ભલી લાગણી ધરાવે છે.

[46 Greensward Lane, SUGAR LAND, TX *77479-2503*, U.S.A.]

# ખાક હો જાયેંગે હમ, તુમ કો ખબર હોને તક

• દીપક બારડોલીકર

આજે હું ઉદાસ છું ! અને અત્યારે ઉર્દૂના એક પ્રતિષ્ઠ શાયર નાસિર કાઝમીનો આ શેર સાંભરી રહ્યો છે :

**દિલ તો મેરા ઉદાસ હય 'નાસિર'**
**શહર ક્યૂં સાંઈ - સાંઈ કરતા હય**


નાસિર કહે છે કે મારા હૃદયને સુખ - સુવાણ નથી, એ ઉદાસ છે, ગમગીન છે. હું અસ્વસ્થ, વ્યાકુળ બેઠો છું. પરંતુ આ શહેરને શું થયું છે ? એની હવા કેમ સૂસવી રહી છે ? સાંઈ – સાંઈ કરી રહી છે ! હીબકાં લઈ રહી છે ! એને કયું દુઃખ છે ?!



હયદરઅલી હુસેન જીવાણી
[3 નવેમ્બર 1923 – 3 ફેબ્રુઆરી 2013]

હા, મન ઉદાસ, જીવ ગમગીન તો બધું ઉદાસ, બધું ગમગીન. શરબત પણ કડવો લાગે. અને યારની ચિર વિદાય હોય તો … … ?

**સહરા ઉદાસ છે**
**ને ચમન પણ ઉદાસ છે**
**હું છું ઉદાસ**
**આજે ગગન પણ ઉદાસ છે**
**હૈયું રડે નહીં તો**
**પછી શું કરે, કહો**
**છે યારની વિદાય**
**જીવન પણ ઉદાસ છે**




હા, એ મારો, અમારો યાર હતો. મૈત્રીની કદર કરનારો મિત્ર હતો. હયદરઅલી જીવાણી હતો. આ જીવાણી જ્યાં કદમ ધરે ત્યાં જડ પણ ચેતનમય બની જતું. પરંતુ આજે તે નિશ્ચેતન થઈ ગયા છે ! અમેરિકામાં તેમનું નિધન થયું છે ! અને વિશેષ દુઃખ આ કે મારા એ પાંત્રીસ વર્ષના સંગાથીના જનાઝામાં હું શરીક થઈ શકતો નથી.

હયદરઅલી જીવાણી, જેમને અમે હયદરભાઈ કહેતા, એક કાબેલ પત્રકાર હતા તો સાથે જ એક સિદ્ધહસ્ત લેખક અને કવિ પણ હતા. તેમનાં કાવ્યો બચુભાઈ રાવતના "કુમાર" માસિકમાં પ્રગટ થતાં. સંસ્કૃત વૃત્તોના તેઓ જાણકાર હતા. પાકિસ્તાનમાં એમના જેવી વૃત્તોની, અક્ષરમેળ છંદોની જાણકારી ધરાવનારા એક બીજા કવિ તે ઉમર જેતપુરી. એ કવિ 'સુંદરમ્'ના શિષ્ય. એમનાં કાવ્યો "દક્ષિણા" માસિકમાં છપાતાં.

હયદરભાઈ કરાચીના એક આગેવાન અખબાર "ડોન - ગુજરાતી"ના સમાચારતંત્રી હતા. અંગ્રેજી અને ગુજરાતી બન્ને ભાષાના માસ્ટર - પારંગત. અને અનુવાદની કળાના માહિર. પત્રકારત્વની કળા, હુનરમંદી તથા આંટીઘૂંટીઓના સારા જ્ઞાતા એવા આ કલમકારે "ડોન - ગુજરાતી"ના સમાચાર વિભાગનું ઉચ્ચ ધોરણ જાળવી રાખવામાં તેમના સહકારીઓ અમીર કિસત, શફી મન્સૂરી તથા હબીબ લાખાણી સાથે મળીને અગ્ર ભાગ ભજવ્યો હતો. સમાચાર એટલે નક્કર હકીકત પર આધારિત ને સમર્થન સહિતના સમાચાર એવો તેમનો આગ્રહ રહેતો. વળી, અહેવાલ લેખનમાં પૂરેપૂરી ચોકસાઈ તથા ભાષાશુદ્ધિ માટે પણ ખંતપૂર્વક કલમ ચલાવવાની તેમની સૂચના રહેતી. આમ છતાં, તેઓ કહેતા કે સમાચાર એ રીતે અને એવી શુદ્ધ છતાં સાદી ભાષામાં લખો કે વાચકોને સમજવામાં તકલીફ ન પડે.

હયદરભાઈએ 'નૂર'ભાઈ, સાદીક તથા ગુલામનબી મન્સૂરી જેવા તંત્રીઓના હાથ નીચે કામ કર્યું હતું. અને એ સૌ તેમના પ્રશંસક હતા. તેઓ સપ્તાહમાં ફક્ત એક દિવસ દિવસની ડ્યૂટી પર આવતા, બાકી હંમેશાં રાતની ડ્યૂટી. એ ડ્યૂટી ઘણી અગત્યની અને ઘણી કઠિન હોય છે. અગત્યના સમાચારો ઘણે ભાગે રાત્રે જ આવે છે અને એ વખતે ઝટ, તાબડતોબ નિર્ણય લેવાના હોય છે – સમાચારો વિશે. વિલંબ ચાલે નહીં. વિચારવાનો સમય હોતો જ નથી. ખટાખટ તેલિપ્રિન્ટરો ચાલતાં હોય, રિપોર્ટરોની સ્ટોરીઓ હોય, સિલેક્શન કરવાનું હોય, તરજુમા કરાતા હોય અને સામે પ્રેસનો ફોરમેન ઊભો હોય : 'સાહેબ ! મેટર આપો … ! મેટર આપો !' – કડકડતી ટાઢમાં ય પ્રસ્વેદ કરાવી દે એવી સ્થિતિ હોય છે ! આવી નાજુક સ્થિતિમાં હયદરભાઈએ પાંત્રીસથી વધુ વરસો સુધી એક કામિયાબ સમાચાર તંત્રી તરીકે સેવા બજાવી હતી.

આવા પત્રકારો ગુજરાતમાં, પાકિસ્તાનમાં ય બીજે ક્યાંયે મુસ્લિમ ગુજરાતીઓમાં થયા હોવાનું મારી જાણમાં નથી. એમના સિવાય સાદીક, ફખ્ર માતરી, 'નૂર'ભાઈ અને ગુલામનબી મન્સૂરીની પણ કોઈ જોડ મુસ્લિમ ગુજરાતીઓમાં જન્મી નથી. એ સૌ કુશાગ્રબુદ્ધિ ધરાવનારા કાબેલ પત્રકારો હતા.

હયદરભાઈ સમાચાર વિભાગ સંભાળવાની સાથે "ડોન - ગુજરાતી"માં ત્રણ કોલમો લખતા : 'રંગતરંગ', 'હું હુસૈનખાં ને હાજી સાહેબ' અને 'સવાલ - જવાબ'. તેમનાં પ્રસિદ્ધ પુસ્તકોમાં 'રંગતરંગ, 'હું હુસૈનખાં ને હાજી સાહેબ', 'ઝરણું' તેમ જ 'Never Too Up, Never Too Down'નો સમાવેશ થાય છે.

મેં એમના હાથ નીચે કામ કર્યું હતું, ઘણું શીખ્યો હતો અને પ્રગતિ કરીને એડિશન ઈન્ચાર્જ સુધી પહોંચ્યો હતો. તેમના સૂચનથી "ડોન - ગુજરાતી" માટે મેં આઠ જેટલી ઉર્દૂ નવલકથાઓના અનુવાદ કર્યા હતા. "ડોન" માટે લખેલી બે નવલકથા પણ તેમના સૂચન અને મુલવણી[appreciation]નું પરિણામ હતું. મારી જેમ ઘણા જણ તેમનાથી ઘણું શીખ્યા હતા. એ માંહેના એક ભાઈ હારૂન જમાલ હતા. આ મેમણ યુવાન બાદમાં "ડોન"ના સમાચાર વિભાગમાં જોડાઈ ગયા હતા. બહુ તેજસ્વી હતા. પણ યુવાનીમાં જ તેમનું અવસાન થઈ ગયું હતું.

હયદરભાઈ ઘણું કરીને નેવું [1990] પહેલાં નિવૃત્ત થઈ કરાચીથી અમેરિકા ચાલ્યા ગયા હતા. તેમની સાથે મારી છેલ્લી મુલાકાત, સન 2005ના એપ્રિલ - મે માસ દરમિયાન લંડનમાં "ઓપિનિયન" માસિકની દશવાર્ષિકી અને 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ની સાતમી ભાષા-સાહિત્ય પરિષદ વેળા થઈ હતી. તેઓ આ પ્રસંગોમાં ભાગ લેવા આવ્યા હતા.

તેમના નિધનથી ગુજરાતી ડાયસ્પોરાએ એક બહુમૂલ્ય રત્ન ગુમાવ્યું છે. તેમની પાસે ઘણું હતું. તેમણે કરાચીની "ડોન"ની કચેરીમાં બેઠાં બેઠાં ઘણું જોયું હતું, વિચાર્યું હતું, વાંચ્યું હતું ને ઘણી ચર્ચા કરી હતી. એમ કહીએ કે તેમની પાસે પાકિસ્તાનનો એક રાજકીય, સામાજિક ઈતિહાસ હતો તો એ ખોટું નહીં હોય. કાશ, તેમની એ જાણકારીઓનો લાભ અમેરિકાસ્થિત સાહિત્યિક સંસ્થાઓએ લીધો હોત ! તેમના ઈન્ટરવ્યૂ કરાયા ને ઑડિયો - વીડિયોમાં સંગ્રહાયા હોત ! … કાશ ! કાશ !

પણ આપણે સ્વથી આગળ જઈએ ત્યારે ને ?

…, અને અંતે મિર્ઝા અસદુલ્લાહખાં ગાલિબનો એક શેર છે :

**હમને માના કે તગાફૂલ ન કરોગે લેકિન**
**ખાક હો જાયેંગે હમ તુમ કો ખબર હોને તક**

[136, Stamford Street, Old Trafford, MANCHESTER M16 9LR]

# મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું ...







આ ત્રણેય છબિ 1948-1951ના ગાળામાં લેવાઈ હશે. છ દાયકા પહેલાંની, પણ આ રસિક છબિઓ છે. છબિકાર છે ચંદુભાઈ કે. શાહ. 1979થી, બૃહદ્ લંડનના એક ઉપનગર વેમ્બલીમાં, 'વેમ્બલી ફોટોમાર્કેટ' નામે વ્યવસાય ચલાવે છે.

આ છબિ લેવાઈ તે અવસરના યજમાન હતા તત્કાલીન કેન્યાના એક અગ્રગામી શહેરી દિવંગત હેમરાજ નથુ શાહ. એમણે પોતાના નિવાસસ્થાને, નૈરોબીમાં, ભારતના પહેલવહેલા હાઈ કમિશનર અપ્પા સાહેબનાં હુલામણા નામે પ્રખ્યાત પુરુષોત્તમ રાવ પંતને તેમ જ એમનાં વિદૂષી પત્ની નલિનીબહેનને નોતર્યાં હતાં.

પહેલી છબિમાં ત્રીજી હરોળમાં અપ્પા સાહેબને અને બીજી હરોળમાં નલિનીબહેનને અન્ય જોડાજોડ જોઈ શકાય છે.

બીજી છબિમાં, એક પા, હેમરાજભાઈનાં પત્ની પાર્વતીબહેન અને બીજી પા, પુત્રવધૂ પ્રતિભાબહેનની વચ્ચે, નલિનીબહેનને આગંતૂક શાહ નબીરાને ખોળે રમાડતાં જોવા પામીએ છીએ. ચોમેર પારિવારિક અને મહેમાન બાનુઓ છે.

ત્રીજા ચિત્રમાં, આગળ બેઠેલાંઓમાં, નલિનીબહેન, યજમાન હેમરાજભાઈ શાહ તથા અતિથિ અપ્પા સાહેબ પંત દૃષ્ટિમાન છે, જ્યારે પ્રતિભાબહેન, પાર્વતીબહેન તેમ જ યજમાન-પુત્ર મહેનભાઈ પાછલી હરોળે ઊભાં જોવાં મળે છે.

હિંદની આઝાદી પહેલાં અને તરત પછી, જે ઉમદા આગેવાનો દેશે ધર્યા હતા, તેમાં અપ્પા પંત આદરભેર આવે જ આવે. નૈરોબીથી પ્રગટ થતાં, ઝરીના પટેલ ને ઝહીદ રાજન સંપાદિત "AwaaZ" સામયિકે, ફેબ્રુઆરી - મે 2008ના અંકમાં, આ રાજપુરુષને ઉચિત અંજલિ આપી સંભાર્યા ય છે. મહારાષ્ટ્રના સાતારા વિભાગને અગ્નિ ખૂણે આવેલા ઔંધમાં, મરાઠા પરંપરાની રાજાશાહી હતી અને પુરુષોત્તમ રાવ પંત તે રાજકુળના વારસદાર હતા. આઝાદીની ચળવળ વેળા એમના પિતા અને રાજવી ભવન રાવ પંતે પોતાનું રાજ ગાંધીજીને ચરણે ધરેલું અને 'ઔંધ પ્રયોગ' નામે ગોઠવણી હેઠળ, આ રાજવીએ રાજ કરેલું. ગાંધીજીની દોરવણી હેઠળ અપ્પા પંતે ઉચ્ચ અભ્યાસ કર્યો અને પછી જંગમાં એમણે ઝંપલાવેલું. સ્વતંત્રતા પછી, પૂર્વ આફ્રિકા, સિક્કિમ, યુનાઈટેડ કિંગ્ડમમાં રાજદૂત તરીકે એમણે ઇતિહાસ પ્રસિદ્ધ સેવા આપેલી. વળી, એમણે 'સૂર્ય નમસ્કાર', 'એન અનયૂઝ્વલ રાજા : મહાત્મા ગાંધી એન્ડ ઔંધ એક્સપેરિમેન્ટ', 'એન એક્સટેન્ડેડ ફેમિલી, ઓર ફેલો પિલગ્રીમ્સ', 'ઍ મોમેન્ટ ઇન ટાઈમ', 'અનડિપ્લોમેટિક ઇન્સિડન્ટ્સ' સરીખા વખણાયેલાં પુસ્તકો ય આપ્યાં છે. 1912માં જન્મેલા આ સજ્જને 1992માં દેહ છોડ્યો હતો.

આવા એક ઉત્તમ રાજપુરુષનું અહીં હેમરાજભાઈ શાહે અભિવાદન કરેલું છે.

# અનેરી મસ્તીનો માણસ


• વિપુલ કલ્યાણી

સન 1929ના અરસામાં લખાયેલું ઝવેરચંદ મેઘાણીનું કાવ્ય : 'તરુણોનું મનોરાજ્ય' સાંભરે છે :

**ઘટમાં ઘોડાં થનગને, આતમ વીંઝે પાંખ;**
**અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ :**

આવા થનગનતા યુવાન એટલે અંબાલાલ ડાહ્યાભાઈ પટેલ.

"પાટીદાર" નામક સામયિકના ભાદરવો ૧૯૯૪(સપ્ટેમ્બર 1938)ના અંકમાં, કેન્યાના નકુરુ નામે નગરમાં, તેવાકમાં, સ્થાયી થયેલા જશભાઈ મોતીભાઈ પટેલનો 'ડૉ. અંબાલાલ પી. એચ.ડી.નું ખેદજનક અવસાન' નામે એક લેખ છે. તેમાંની સામગ્રી સિવાય, આ વિદ્યાવ્યાસંગ માણસ વિશેની માહિતીવિગતોની સગડ દુર્લભ છે. જૂજ નયનરમ્ય છબિઓ, કેટલીક અપ્રકાશિત કવિતાઓ તેમ જ ફ્રાન્સની મોન્પેલિયાય યુનિવર્સિટીમાંથી સન 1933 વેળા 'ધ કન્ટ્રીબ્યુશન ઑવ્ રિશિસ (વેદિક પિરિયડ) ટુ ધ સ્પિરિચ્યૂયલ લાઇફ' નામે લખ્યા મહાનિબંધની પ્રત તથા દક્ષિણ આફ્રિકાના પ્રિટોરિયા યુનિવર્સિટીમાંથી 'દેવનાગરી – ઍ વર્લ્ડ સ્ક્રીપ્ટ' નામક બીજા મહાનિબંધની દસ્તાવેજી પ્રત સિવાય એમને પામવાના લસરકા સુધ્ધાં હાથ આવતા નથી.



ડૉ. અંબાલાલ ડાહ્યાભાઈ પટેલ

આ મનેખ વિશે જશભાઈ પટેલ લખે છે તેમ, 'જગતમાં કોઈ કોઈ સાચે જ મહાન વ્યક્તિઓ કીર્તિ કે યશનો પ્રકાશ જોયા વિના રહી જાય છે. વિવિધ પ્રકારની હજારો વિટંબણા અને મુશ્કેલીઓ વટાવી સ્વાશ્રયી બની હિંમતભેર પ્રગતિનું નાવ હંકાર્યે રાખનાર વ્યક્તિઓ જવલ્લે જ હોય છે. આવી વ્યક્તિઓની પંક્તિમાં સ્વ. અંબાલાલનું સ્થાન ગણી શકાય તેમ છે.'

ગુજરાતના આણંદ જિલ્લાના ધર્મજ ગામ માંહેની કાકાની ખડકીના રહેવાસી જીબાબહેન અને ડાહ્યાભાઈ નાગરભાઈ પટેલના આ સંતાનનો જન્મ 1 જૂન 1908ના રોજ મોસાળ ભાદરણમાં થયેલો.

જશભાઈ પટેલની નોંધ અનુસાર, 'વિદ્યાર્થી તરીકે એમની કારકિર્દી ઘણી ઉજ્જ્વળ અને પ્રભાવશાળી હતી. તેનો પુરાવો હજુ પણ ભાદરણની ગુજરાતી અને અંગ્રેજી શાળાના શિક્ષકો સદ્ગતનાં ગુણગાન ગાતાં ગાતાં આપી શકે તેમ છે. વર્ગમાં હંમેશાં પહેલે નંબરે પાસ થતા. 13 વર્ષની નાજુક ઉમ્મરે ચરોતરમાં મહાભારત ઉપર નિર્ણીત થયેલા હરીફાઈ નિબંધમાં પહેલું પારિતોષિક મેળવ્યું હતું. તેમના શિક્ષકો તેમની અજોડ અને અગાધ માનસિક શક્તિ જોઈ વારંવાર તેમને ગણિત, સંસ્કૃત વગેરે વિષયો વર્ગના બીજા વિદ્યાર્થીઓને શીખવવાનું કામ સોંપતા. અંગ્રેજી પાંચમું ધોરણ ઉત્તીર્ણ થઈ તેઓ મેટ્રિકની પરીક્ષામાં બેઠા હતા અને શાળામાં ગુજરાતી, સંસ્કૃત અને અંગ્રેજીમાં પ્રથમ આવ્યા હતા. આ ઉમ્મર દરમિયાન ભાદરણના સાર્વજનિક પુસ્તકાલયનો તેમણે ખૂબ અભ્યાસ કર્યો હતો. સદ્ગતને કોઈ કોઈ તો તેમનામાં છુપાયેલી કવિત્વશક્તિને લીધે 'જુગલ' કવિ તરીકે સંબોધતા. મૂળે યાદશક્તિ અતિ તીક્ષ્ણ અને તેમાં વળી સતત અધ્યયનનું મિશ્રણ, આ હિસાબે 17 વર્ષના વયમાં તેમણે જ્ઞાન રૂપી ધનનો ઘણો સારો સંચય કર્યો હતો.'


'સદ્ગત મને કહેતા,' અંબાલાલભાઈના સહાધ્યાયી જશભાઈ પટેલે લખ્યું છે, 'કે મેટ્રિક પાસ કર્યા પછી કૉલેજમાં જઈ ઉચ્ચ શિક્ષણ મેળવવાની તેમની ભારે ઉત્કંઠા હતી. ઓછી માનસિક શક્તિ ધરાવનારા પોતાના સહાધ્યાયી જ્યારે કૉલેજોમાં જવા તૈયાર થયા ત્યારે તેમના દુઃખનો પાર ન રહ્યો. ગરીબાઈનો તીક્ષ્ણ ઘા આ વખતે તેમને એટલો બધો સાલ્યો કે તે ત્રણ દિવસ સુધી બોર જેવડાં આંસુમાં જ પરિણમ્યો.

'કૉલેજમાં જવાનું નહીં બન્યાથી તેઓ ઇટોલા કન્યાગુરુકૂળમાં અધ્યાપક તરીકે જોડાયા. શિક્ષક તરીકે તેમણે સંગીન રીતે કાર્ય કર્યું હતું, જેની છાપ કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓ ઉપરથી ભૂંસાઈ નથી.'

પાટીદાર સમાજના રીતરિવાજો અને રૂઢિઓ પ્રત્યે એમને અનહદ ઘૃણા હતી. એમને ગમે તેમ પરણી પડવું નહોતું. પરિણામે સમાજથી સહેજ પણ ડર્યા સિવાય આંતરજાતીય ક્રાન્તિકારી લગ્ન કર્યું. સુરત ખાતે 8 જુલાઈ 1910ના જન્મેલાં સાથી શિક્ષિકા, વીરમતીબહેનનો પરિચય કેળવે છે અને તે સંબંધ પરિણયમાં પરિણમે છે. તે વેળા અંબાલાલનું વય 20-21નું જ હશે. આ યુવાવસ્થામાં એમને સાહિત્યને વિકસાવવાની અનેક તકો સાંપડી હોય. કાવ્ય, વિવેચન, ઇ. તે એમના રસના વિષયો જ નહોતા, એ કવિતા ય લખતા. [હવે પછીને પાને આવી એક રમ્ય કવિતા એમના જ હસ્તાક્ષરમાં આપીએ છીએ.] પોતાની 'આરાધ્ય દેવીને' એક મજેદાર કવિતા 1926ના અરસામાં એ આપે છે. – **'ચહાવું અને સહેવું સદા એ શિખવે મારી વીરા ! / ચાહીશ, દુઃખ સહીશ હું એવું લખે મારી વીરા !'**

લગ્ન પછી, અનિવાર્ય સંજોગોને લીધે, પતિ પત્ની બન્ને આજીવિકા સારુ હિંદથી પૂર્વ આફ્રિકાના યુગાન્ડા મુલકના જાણીતા શહેર જિંજાની ઇન્ડિયન સ્કૂલમાં મુખ્ય શિક્ષક અને મુખ્ય શિક્ષિકા તરીકે નિમણુક લઈને 1928માં જિંજા પહોંચ્યા હતાં.

જે ઇચ્છા હિંદમાં આર્થિક સંજોગોને લીધે પાર ન પાડી શક્યા, તે ઇચ્છા પૂર્ણ કરવા 1932માં એ વધુ અભ્યાસ અર્થે ફ્રાન્સ ગયા. દોઢેક વરસ ત્યાં રહ્યા હશે. ત્યાં પ્રબંધની પેશગીએ પી. એચડી હાંસલ કરી. પાછા આવીને એ આફ્રિકા ખંડને ખૂણે હિંદી મહાસાગરમાં આવ્યા દ્વીપ માડાગાસ્કરના માઝુંગા શહેરની ઇન્ડિયન સ્કૂલમાં આચાર્ય તરીકે જોડાયા. ત્યાં બારેક માસ ગાળી એ જિંજા પરત થયા હતા.




બેટા નિરૂ,
તારો કાગળ મળ્યો છે. તારી સાથે રમવાનું મને બહુ મન છે. હું જેમ બને તેમ વહેલો આવીશ. પછી તું, હું અને સુધા ન્યાગ્રા તરફ ફરવા જઈશું. પેલા કાકાની પીપામાં બેસવાનું તને ગમે છે ને? આપણે બધાં રમીશું; પણ તારી બાને આપણે નહિ રમાડીએ. તને એ બહુ મારે છે, ખરું ને? બા મારે તો કહેજે : બાપુજી આવશે, ત્યારે કહી દઈશ. પછી બા તને નહિ મારે. બા વાંદરું છે. તને અને સુધાને બહુ બચીઓ કરે છે. સુધા નાની અને મોટી-બહુ મોટી. સુધા સાથે તું રમે છે ને? સુધાને કદી મરાય નહિ. સુધાને બા મારે તો તેને કહેજે : સુધા મારી નાની બહેન છે એને મરાય નહિ. બાપુજીએ સુધાને મારવાનું ના કહ્યું છે. તું અને સુધા બંને વહાલાં છો, માટે જ્યારે હું આવીશ ત્યારે તમારે માટે વહાલાં રમકડાં લેતો આવીશ.
બાપુજીના આશીર્વાદ

ભાદરણની શાળામાં, એમના પરિચિત મિત્ર જશભાઈ પટેલ, અંબાલાલ પટેલથી, બે'ક ધોરણ આગળ હતા, પણ એ બંને વચ્ચે બહુ જ નજીકનો ઘરોબો હતો, જે મરણપર્યન્ત ઉભય પક્ષે જળવાયો હતો. આ જશભાઈ કહેતા હતા કે, અંબાલાલભાઈને ભાષાશાસ્ત્ર અત્યન્ત પ્રિય. ગુજરાતી અને અંગ્રેજી ઉપરાંત એમને હિન્દી, સંસ્કૃત, ફ્રેન્ચ, જર્મન, ગ્રીક, લેટિન, અરબી ફારસી, શી ભાષાઓનો અભ્યાસ હતો. એમણે સ્વાહિલી ભાષામાં ય રસ લીધો હતો અને તેમાં સંશોધનકામ કરતા રહેલા. એમણે શબ્દશાસ્ત્રનો ઊંડો જાતઅભ્યાસ કરેલો. અને આ શોખને કારણે પ્રિટોરિયા યુનિવર્સિટીમાંથી દેવનાગરી અંગે પ્રબંધ પેશ કરવાનો ઇરાદો રાખેલો. જશભાઈના લખ્યા મુજબ, અંબાલાલભાઈ એમ.એ. ડિગ્રી માટે 'ફિલોલૉજી'નો ખાસ અભ્યાસ કરી રહ્યા હતા. આ પ્રબંધ તૈયાર થયો અને પરીક્ષામાં બેસવાનું જ બાકી હતું, તે વચ્ચે એમનું નિધન થયું અને એમની આ ઇચ્છા પરિપૂર્ણ થઈ ન શકી.

તે 1938ના દિવસો હતા. અંબાલાલભાઈ પોતાના પ્રબંધની તૈયાર કરતા હતા. અને તેને સારુ એ પોતાના મિત્ર જશભાઈને ત્યાં નૈરોબી ગયેલા. જશભાઈ પટેલને સપરિવાર હિંદ જવાનું ગોઠવાયેલું તેથી જશભાઈના મામા ખોડાભાઈ પટેલને ત્યાં અંબાલાલભાઈ માટે રહેવાકરવાની એ ગોઠવણ કરતા ગયા હતા. તે દિવસોમાં અંબાલાભાઈ નાદુરસ્ત રહેતા હતા, દવાદારુ લેતા હતા. કોઈક પ્રકારના કંટાળેલા, અંબાલાલભાઈએ જિંજા ફરવાનો નિર્ણય કર્યો. એમની તબિયત પણ યારી આપતી નહોતી. જશભાઈ નોંધે છે : 'અભ્યાસની આવી જલદ લગની લાગ્યાથી અને તે માટે અનહદ પરિશ્રમ કર્યાથી તેમનું શરીર એવું જર્જરિત થઈ ગયું હતું કે તે વધુ ભાર સહી લે તેમ નહોતું.' એમને ન્યુમોનિયા થઈ આવ્યો હતો. અને જોગાનુજોગ તો જુઓ, 1 જૂન 1938ના રોજ, ત્રીસમી વર્ષગાંઠનો એ દિવસ, એમણે જીવનલીલા સંકેલી લીધી.

જશભાઈ પટેલ અને અંબાલાલ પટેલ વચ્ચે પત્રવ્યવહાર પણ થતો. તેમાંના એક પત્રનું ટાંચણ જશભાઈએ આમ કર્યું છે :

'આજે પૈસાને જોતાં મને તેના ઉપર જરાયે પ્રેમ નથી થતો. લક્ષ્મી વિષ્ણુની દાસી રહે. લોકસંગ્રહના હેતુને જ્યાં સુધી તે પૂર્ણ કરે ત્યાં સુધી જ વંદનીય છે. વિષ્ણુથી છૂટાછેડા લીધેલી લક્ષ્મી આજની દુનિયામાં ગમે ત્યાં વેશ્યાવૃત્તિ કરે છે અને અન્ય પાસે કરાવી રહી છે. વિચારની ઉચ્ચ ભૂમિકામાં વિહરનાર માટે ઉચ્ચતમ આદર્શની પ્રાપ્તિ પાછળ જે જીવન ખર્ચી નાખવા માગે છે તેને માટે દેશ અને કાળ, સમય અને સ્થિતિનાં દ્વિવિધ બંધનો તોડી જે સમષ્ટિજીવનના કેન્દ્રને વીંધવા માગે છે તેને માટે લક્ષ્મી જરા પણ આદરને પાત્ર રહેતી નથી.'


હૃદય-મંથન

અંબાલાલ અને વીરમતીબહેનને નિરંજના દેસાઈ, સુધા ચોટાઈ, અનિલકુમાર પટેલ, અનંત પટેલ, કાદમ્બિની દવે તથા અશોકા ત્રિવેદી નામે છ સંતાનો. નિરંજના દેસાઈ આ દેશનાં જાણીતા શહેરી છે અને ગુજરાતી સાહિત્યકાર છે. વ્યવસાયે એ શિક્ષક પણ રહ્યાં છે. ગુજરાતી વિષય સાથે બી.એ.માં પ્રથમ આવેલાં નિરંજનાબહેનને વધુ અભ્યાસને સારુ 'દિવાન બહાદુર કૃષ્ણલાલ ઝવેરી' શિષ્યવૃત્તિ પણ એનાયત થયેલી. સુધાબહેન હાલ દમણ પાસે ઉદવાડામાં વસવાટ કરે છે. અનિલભાઈ અમેરિકાના કેન્સાસ રાજ્યમાં વસે છે અને વ્યવસાયે તબીબ છે. અનંતભાઈ વ્યવસાયે ઇજનેર છે અને અમેરિકાના હિક્સવિલ ખાતે વસેલા છે. કાદમ્બિનીબહેન લંડનના પશ્ચિમ પરામાં વસે છે. જ્યારે અશોકાબહેન વ્યવસાયે શિક્ષિકા છે અને દિલ્હીમાં વસવાટ કરે છે. એમના પતિ દેવકુમાર ત્રિવેદી ઉચ્ચ સનંદી અધિકારી હતા અને ખુદ સાહિત્યકાર છે.

**'આજે પૈસાને જોતાં મને તેના ઉપર જરાયે પ્રેમ નથી થતો. લક્ષ્મી વિષ્ણુની દાસી રહે. લોકસંગ્રહના હેતુને જ્યાં સુધી તે પૂર્ણ કરે ત્યાં સુધી જ વંદનીય છે. વિષ્ણુથી છૂટાછેડા લીધેલી લક્ષ્મી આજની દુનિયામાં ગમે ત્યાં વેશ્યાવૃત્તિ કરે છે અને અન્ય પાસે કરાવી રહી છે. વિચારની ઉચ્ચ ભૂમિકામાં વિહરનાર માટે ઉચ્ચતમ આદર્શની પ્રાપ્તિ પાછળ જે જીવન ખર્ચી નાખવા માગે છે તેને માટે દેશ અને કાળ, સમય અને સ્થિતિનાં દ્વિવિધ બંધનો તોડી જે સમષ્ટિજીવનના કેન્દ્રને વીંધવા માગે છે તેને માટે લક્ષ્મી જરા પણ આદરને પાત્ર રહેતી નથી.'**

**– અંબાલાલ ડાહ્યાભાઈ પટેલ**

વીરમતીબહેન ખુદ એક અચ્છા શિક્ષિકા હતાં. એમણે ખમીર જાળવીને, ધીરજ ધરીને સંતાનોને માત્ર ઉછેરી જાણ્યાં નહોતાં, દરેકને પાળી, પોષી ઉચ્ચ શિક્ષણથી સજ્જ પણ કરેલાં. એમનો કંઠ મધૂરો હતો અને એમને કંઠે સરસ મજેદાર ગીતોનું રસપાન કર્યાનું ય સાંભરણ છે. બેત્રણ વાર એ લંડન આવી ગયાંનું યાદ છે. છેવટે, નવ દાયકાનું જીવન વિતાવ્યા કેડે, એમણે બીજી દીકરી સુધાબહેનને ત્યાં ઉદવાડા ખાતે 5 જાન્યુઆરી 2001ના રોજ દેહ છોડ્યો.

અંબાલાલભાઈને સાહિત્યમાં અભિરુચિ હતી અને એમણે કવિતાઓ ય લખી છે. કહે છે કે 'આર્યસંદેશ', 'બુદ્ધિપ્રકાશ', 'નવચેતન', 'શારદા', 'પાટીદાર, 'નવજીવન', 'જ્ઞાનપ્રચાર', 'ગુજરાત', 'પ્રબુદ્ધ ભારત' તેમ જ 'મૉડર્ન રિવ્યૂ' સરીખાં સમસામયિકોમાં એમની અનેક લેખસામગ્રી પ્રગટ થયેલી. એમના પરે આર્ય સમાજની ભારે મોટી અસર હતી. પોતાનું લગ્ન પણ એ જ પરંપરામાં થયું હતું. આમ આર્યસમાજની પત્રિકાઓમાં અને પ્રકાશનોમાં ય એમની કલમ આવતી, તેમ જાણવા મળે છે.

આવા સાચા વિદ્વાન, સદ્‌ગુણી અને ઉચ્ચ સંસ્કૃતિ પામેલા ત્રીસ વર્ષના યુવકના અવસાનથી સમસ્ત સમાજને કેટલી ભારે ખોટ પડી છે, તેમ જશભાઈ એમનો લેખ આટોપતા લખે છે. વાત તદ્દન ખરી છે. એ અનેરી મસ્તીનો માણસ હતા. એમની ખોટ સમસ્ત સમાજને જેટલી ત્યારે વર્તાઈ હતી, તેટલી આજે ય અનુભવા મળે છે. •

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

## છાતી વચ્ચે

• યોગેશ વૈદ્ય

ધીમે ધીમે ઝાકળવંતું આભ ઠરે છે છાતી વચ્ચે.
ગલીપચીનું સસલું દોટમદોટ કરે છે છાતી વચ્ચે.

ખિસકોલીની પૂચ્છ અડ્યાનો રવરવતો રોમાંચ રગોમાં;
તારી કોમળ આંગળીઓનું હીર સરે છે છાતી વચ્ચે.

તારી સોડમ છે ને એની નમણી નમણી રમણા છે બસ;
તું મલકે છે અને જૂઈનાં ફૂલ ગરે છે છાતી વચ્ચે.

આજ ડુબાવી દેશે તારો દરિયો એને એક થપાટે;
મારી એકલતાની કાગળ-નાવ તરે છે છાતી વચ્ચે.

સૌજન્ય :હું જ દરિયો, હું જ ભેખડ (પૃષ્ઠ, 23)
કવિની વેબસાઈટ: http://yogish.co.in/

# દાદા હો દીકરી, દાદા હો દીકરી, સાત સાત મોતની સોડે એ સૂઈ ! • દાઉદભાઈ એ. ઘાંચી

અમદાવાદમાં આવેલી ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રની એક વખતની સુપ્રસિદ્ધ સંસ્થા એટલે 'ગુજરાત કૉલેજ'. તેણે ગુજરાતનાં સાંસ્કૃતિક ઘડતરમાં અમૂલ્ય ફાળો આપેલો છે. વર્ષ 1946-47ની વાત છે. અમે બીજા વર્ષમાં, એટલે કે, ઇન્ટરમીડિયેટ આર્ટ્સના વર્ગમાં અભ્યાસ કરતા હતા. અમારી વૈકલ્પિક પ્રશિષ્ટ [classical] ભાષા હતી સંસ્કૃત. મહાકવિ કાળિદાસની અમર કૃતિ **अभिज्ञान शाकुन्तलम्** અમને શીખવતા અધ્યાપક પ્રૉ. જી. કે. ભટ્ટ. માધ્યમની ભાષા હતી અંગ્રેજી. ભટ્ટ સાહેબનો અભિગમ શુષ્ક ભાષાંતરનો ન હતો. એ કરતા જીવનલક્ષી અર્થઘટન. શકુન્તલાને કેન્દ્રમાં રાખી પ્રાચીન ભારતની સંસ્કૃતિમાં જેનો મહિમા અપરંપાર હતો તેવી સ્ત્રીસન્માનની ભાવનાનું ભટ્ટ સાહેબ જે ખૂબીપૂર્વક પ્રતિપાદન કરતા તે અમે કદી પણ વીસરી શકીએ એમ નથી. સ્ત્રીદાક્ષિણ્યના એક પ્રખર પુરસ્કર્તા એવા અમારા એ અધ્યાપક **यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः।**-ના અવતરણનાં સમર્થન સાથે, આર્યનારીનાં વ્યક્તિત્વને દિવ્યતાની કક્ષાએ મૂકતા. અમારા માટે એમના વર્ગો ભરવાં તે ફક્ત જ્ઞાનયાત્રા જ નહીં, પણ એક રોમાંચક સંસ્કારયાત્રા બની રહેતી.

એ વખતે અમદાવાદ શહેરમાં ફક્ત બે જ આર્ટ્સ કૉલેજો હતી; આજે સાઠ જેટલી છે ! એ વખતે ગુજરાત પ્રદેશમાં બધી મળીને પચીસ કૉલેજો હતી; આજે એક હજાર જેટલી છે. આ ગાળામાં સાબરમતી નદીમાં તો અનેક પાણી વહી ગયાં છે, અરે, સૂકાઈ પણ ગયાં છે ! એ સૂકારો ફક્ત પાણીને જ નથી લાગ્યો, સંસ્કૃતિને પણ લાગ્યો છે. એની ગવાહી પૂરે છે ભારતની અને ગુજરાતની 2001ની વસતી ગણતરીના આંકડા, સ્થૂળ આંકડા, સંતાપે એવા આંકડા.



દાઉદભાઈ એ. ઘાંચી

એ આંકડા મુજબ ગુજરાતમાં દર એક હજાર પુરુષે સ્ત્રીઓની સંખ્યા 921 જોવા મળી હતી. વર્ષ 1991માં, એટલે કે એક દશકા પૂર્વે, એ સંખ્યા 934ની હતી. પુરુષોના મુકાબલે સ્ત્રીઓની સંખ્યાનું ઘટતું જતું પ્રમાણ તો સમગ્ર ભારત દેશમાં છેક 1901થી જોવા મળેલ છે. 1901માં દર એક હજાર પુરુષે સ્ત્રીઓની સંખ્યા 972 હતી, જે 2001માં 923 જેટલી ઘટી જવા પામી છે. આ ઘટના [trend] હવે સૌને અકળાવવા લાગી છે. કણ્વપુત્રી શકુન્તલાનું અસ્તિત્વ ખતરામાં છે. દીકરી જાણે કે એ એક endangered species બની જવા પામી છે !

કોઈ પણ સમાજની સ્ત્રી સંખ્યા ઘટતી જવાનું વલણ અટકાવાય નહીં, તો તે એક ઘણી ભયંકર વસતી વિષયક [demographic] આપત્તિ સર્જી શકે છે. તે સામાજિક શાંતિ અને સંવાદિતાને પણ હણી શકે છે. વળી તેનાથી રાજકીય અસ્થિરતા પણ ઊભી થઈ શકે છે. તે આર્થિક વિટંબણાઓ પણ ખડી કરી શકે છે. તેનાં પરિણામે સમાજમાં અપરાધશીલતા [crime], હિંસાખોરી [violence], કેફીદ્રવ્યસેવન [drug addiction] વગેરે જેવા ખતરનાક અપવર્તનો પણ પ્રસરી શકે છે. વળી તેનાથી ભારત જેવા સમાજના સાંસ્કૃતિક મૂલ્યો, જેવાં કે સ્થિર કુટુંબવ્યવસ્થા, સ્થિર લગ્ન વ્યવસ્થા, સ્ત્રી-સન્માન-ભાવના, વગેરેના હ્રાસ થવાનો ભય પણ રહેલો છે. આ કુપ્રભાવોથી સર્જાનારી કાયદા-કાનૂનની અનેક વિપરીત પરિસ્થિતિઓનો ખ્યાલ માત્ર કંપાવી નાખે એવો છે. એક નાગરિક સમાજ [civil society]નું વિઘટન [disintegration] કરી નાખે એવી નકારાત્મક શક્તિ [negative capability] આ ઘટનામાં રહેલી છે તે તરફ હવે દેશનું ધ્યાન જવા માંડ્યું છે એ એક આશાપ્રેરક સંકેત છે.

આ ઘટના ગંભીર છે કારણ કે તે વ્યાપક છે અને વસતીના તમામ વર્ગોમાં એ પ્રસરી ચૂકી છે. નીચેના આંકડા પરથી એ સ્પષ્ટ થાય છે :

| સમાજનો વર્ગ | 1000 પુરુષ દીઠ સ્ત્રી સંખ્યા | |
|---|---|---|
| | શહેરી વિસ્તારમાં | ગ્રામપ્રદેશમાં |
| હિન્દુ | 894 | 944 |
| મુસ્લિમ | 907 | 953 |
| ખ્રિસ્તી | 1001 | 1026 |
| શીખ | 886 | 895 |
| બૌદ્ધ | 944 | 958 |
| જૈન | 941 | 937 |
| અન્ય | 966 | 995 |

આમ, ફક્ત ખ્રિસ્તી સમાજમાં જ સ્ત્રીપ્રમાણ ઊંચું જોવા મળે છે; બાકીના તમામ વર્ગોમાં એ પ્રમાણ નીચું છે. એમાં ય, શીખ સમાજમાં તો તે સૌથી નીચું છે. અમારા અધ્યાપક ભટ્ટસાહેબે ગાયેલા નારી મહિમાના ખ્યાલના મૂળમાં જ આ તે કેવો ક્રૂર ઘા ! શકુન્તલાઓની ઘટી રહેલી સંખ્યાના એકવીસમી સદીમાં જોવા મળનારા ગર્ભિતાર્થોની આગોતરી સમજ કેળવવાની ઘડી આજ અને અત્યારે છે, એમ કોણ નહીં માને ?

ઉપરના આંકડાઓની એક રસપ્રદ બાજુ રખે નજરઅંદાજ થાય. તે એ છે કે જૈન સિવાયના અન્ય તમામ વર્ગોમાં, શહેરી વિસ્તારની તુલનામાં ગ્રામ વિસ્તારમાં, પુરુષોની તુલનામાં સ્ત્રીઓનું સંખ્યાપ્રમાણ ઊંચું છે. શું ભારતની ગ્રામસંસ્કૃતિમાં સ્ત્રી-સન્માનની ભાવના, શહેરી વિસ્તારની આધુનિક નગરસંસ્કૃતિમાં જોવા મળતાં વલણના મુકાબલે, વધુ વ્યાપક છે? વધુ પ્રબળ છે? વધુ ટકાઉ [sustained] છે? અને જો એમ હોય, તો દેશમાં વધી રહેલા શહેરીકરણ [urbanisation]ના પરિણામે, આવતાં વર્ષોમાં દેશમાં સ્ત્રીઓની સંખ્યામાં શું હજી વધુ ઘટાડો થવા પામી શકે નહીં? અને આવી સંભાવના, શું ડિસેમ્બર 2004ની સુનામી હોનારત કરતાં પણ એક વધુ મોટી, વધુ ભયાનક સામાજિક–સાંસ્કૃતિક–આર્થિક હોનારતનો સંકેત નથી કરતી?

ભારતના શહેરી વિસ્તારમાં જોવા મળતાં સ્ત્રીઓનાં ઘટી રહેલાં સંખ્યા પ્રમાણ સંબંધી "Times of India' ગ'ના કટારલેખક શંકર રઘુરામનનો એક લેખ 14 સપ્ટેમ્બર 2004ની આવૃત્તિમાં પ્રસિદ્ધ થયો છે. તેમાં તેઓ કહે છે કે કોઈ હવે એમ માને કે ગ્રામપ્રદેશનો યુવા પુરુષવર્ગનો રોજગારીની તલાશમાં શહેરોમાં જાય છે તેથી ગ્રામપ્રદેશમાં સ્ત્રીઓનું સંખ્યાપ્રમાણ ઊંચું દેખાય છે. વાસ્તવમાં તો શહેરી વિસ્તારમાં ગર્ભની જાતિ પરીક્ષણની ટૅક્નોલોજી [sex determining technology]ખૂબ સુલભ બની ગઈ હોય, તેનો ઉપયોગ વ્યાપક પ્રમાણમાં થઈ રહ્યો છે. પરિણામે, શહેરી વિસ્તારમાં સ્ત્રીભૃણ હત્યા [female feticide]નું પ્રમાણ ખાસ્સું વધી રહ્યું જોવા મળે છે. તેઓ અન્ય એક પરિબળનો ઉલ્લેખ કરતાં કહે છે કે ગ્રામપ્રદેશમાં તો નાની વયથી જ બાળકીને કામમાં જોતરી દેવામાં આવતી હોય છે. આમ, ગ્રામપ્રદેશમાં સ્ત્રી તો સમાજના કાર્યજૂથ [work force]નો એક ભાગ બની ગયેલ છે. વળી એ ઉત્પાદક બળ પ્રમાણમાં સસ્તું પણ હોય છે. એટલે, ગ્રામપ્રદેશની કન્યાને આર્થિક કારણોસર પણ મરવા દેવાય નહીં જે એક અર્થશાસ્ત્રીય સત્ય છે.

ઑક્ટોબર 2004માં ગુજરાતમાં 'વિશ્વ વસતી દિન' કાર્યક્રમ નિમિત્તે, રાજ્યમાં ઉપલબ્ધ ગર્ભપરીક્ષણની લેબોરેટરીઓને લગતી એક માહિતી રાજ્ય સરકાર તરફથી પ્રગટ કરવામાં આવી હતી, જે 16 ઑક્ટોબર 2004ના ''ગુજરાત સમાચાર''માં પ્રસિદ્ધ થઈ હતી. એ જોવા અને સમજવા જેવી છે :

| સંસ્થા પ્રકાર | સંખ્યા |
|---|---|
| જીનેટીક ક્લિનીક | 837 |
| જોઈન્ટ રજિસ્ટ્રેશન સેન્ટર | 846 |
| અલ્ટ્રા સોનોગ્રાફી સેન્ટર | 190 |
| જીનેટીક કાઉન્સેલીંગ સેન્ટર | 101 |
| જીનેટીક લૅબોરેટરી | 19 |
| મોબાઈલ ક્લિનીક | 6 |
| અન્ય સંસ્થાઓ | 25 |
| કુલ | 2025 |

આ સંબંધી એ નોંધવું રહ્યું કે આટલી બધી સંસ્થાઓ પૈકીની સરકારી દફ્તરે નોંધાયેલી સંસ્થાઓની સંખ્યા તો ફક્ત 400 જેટલી જ છે ! અને તે નોંધણી પણ વર્ષ 2003માં ભારતની સર્વોચ્ચ અદાલતે કડક બનીને આપેલા તાકીદના આદેશના કારણે જ થવા પામી હતી ! અને ત્યાર બાદ, તો બધું ય ભૂલાઈ જવા પામ્યું છે. આ તે કેવો સામૂહિક, સગવડિયો સ્મૃતિનાશ [amnesia] આમ તો છેક વર્ષ 1994માં ગુજરાત સરકારે 'પૂર્વ પ્રસૂતિ નિદાન પરીક્ષણ અધિનિયમ' નામનો એક કાયદો પસાર કરેલો, અને તેનો અમલ બે વર્ષ બાદ, એટલે કે 1 જાન્યુઆરી 1996થી કરવાનું સરકારી જાહેરનામું [notification] બહાર પાડેલું ! એ વાતને આજે 17 વર્ષ વીતી ગયાં, પણ આજ દિન સુધી, એ કાયદાના આધારે, રાજ્યમાં કોઈના પર પણ કોઈ પણ મુકદ્દમો દાખલ થયો નથી ! તેથી કોઈને શિક્ષા કરવાનો તો પ્રશ્ન જ રહેતો નથી. પરિણામે બે-રોકટોક રીતે સ્ત્રીભૃણની હત્યા ચાલુ રહેવા પામી છે. પછી પેલી દીકરી શકુન્તલા એના દાદાને સાદ દેતી જ રહે એમાં શી નવાઈ?

**દાદા હો દીકરી, દાદા હો દીકરી,**
**સાત સાત મોતની સોડે એ સૂઈ !**

એ દીકરી દુ:ખિયારી છે. એના પર એક નહીં પણ સાત સાત મોતના ઓછાયા પથરાયેલા રહે છે. એ કેવી રીતે ઘટે છે તે હવે જોઈએ.

એનું પહેલું મોત, એ માતાના ગર્ભરૂપે સ્થાન ન પામે એવું, આગોતરું મોત [pre-emptive death] છે. એ માટે પ્રયોજાય છે ગર્ભ પૂર્વે અજમાવાની ટૅક્નોલોજી [pre-natal technology]. આ ટૅક્નોલોજી શહેરી વિસ્તારમાં વ્યાપક રીતે વપરાઈ રહી છે. આમ, દીકરી રૂપી ગર્ભ[embryo]નું બીજ જ નંખાય નહીં એવી શૈતાની ચાલાકી કરવામાં આ ટૅક્નોલોજી કામમાં લેવામાં આવે છે.

દીકરીનું બીજું મોત માતાના ઉદરમાં તે ભૃણ રૂપે આકાર પામી હોય ત્યારે ભૃણ હત્યા [feticide] દ્વારા કરવામાં આવે છે. આ માટેનો માર્ગ છે. ગર્ભપાત[abortion]નો. વર્ષ 2002માં એકલા ગુજરાતમાં જ ગર્ભપાતના દોઢ કરોડ જેટલા કિસ્સાઓ થયા હતા! હમણાં હમણાં ભારતીય ટેલિવિઝન પર કેન્દ્ર સરકારના 'મહિલા અને બાળ કલ્યાણ વિભાગ' તરફથી સ્ત્રીભૃણ હત્યાને રોકવા એક જાહેરાત આવે છે. તેમાં માતાના ઉદરમાં ભૃણ રૂપે રહેલી બાલિકા એની માતાને કાકલૂદી કરતી સંભળાય છે, તે કહે છે : 'ઓ મા! મને જન્મવા દે. મારે જન્મ લેવો છે. હું તારા પર બોજારૂપ નહીં બનું. મને જન્મવા દે, મા !' આ વણજન્મેલા આત્માનો અવાજ વહેલો સંભળાય એવી હાલ તો પ્રાર્થના જ કરવી રહી.

દાદાની દીકરીનું ત્રીજું મોત તેના જન્મ વખતે જ થઈ જાય એવો સામાજિક પરિવેશ દેશના ઘણા ભાગોમાં પ્રવર્તતો જોવા મળે છે. તરતની જન્મલી બાળકીને ત્યજી દેવી એ એના મોતનો એક તરીકો છે. દીકરીના જન્મ વખતે કુટુંબમાં થતી રોકકળ અને ગવાતાં મરશિયાં એના વહેલા નિકાલની પૂર્વ-આગાહી જ હોય છે. જન્મતી વેંત જ બાળકીને દૂધ પીતી કરવાની કુપ્રથા તેના અનેકવિધ સ્વરૂપે હજી પણ કેટલા ય સમાજોમાં મોજુદ છે. ભારતમાં પ્રસૂતાઓ અને નવજાત શિશુઓનાં મોતની નવાઈ જ ક્યાં છે? દર 1000 જન્મ દીઠ 71 જેટલાં શિશુ જન્મતાં જ મરણશરણ થાય છે. પ્રસૂતાઓની મોત કહાણી પણ એવી જ કરુણ છે. દર 1000 પ્રસૂતાએ પાંચ પ્રસવ વખતે જ મૃત્યુ પામે છે. વર્ષ 2004માં નવી દિલ્હીમાં મળેલી National Conference on Child Survival and developmentના હેવાલ મુજબ દેશમાં દર વર્ષે જન્મતાં 26 મિલિયન (બે કરોડ 60 લાખ) બાળકો પૈકી 1.2 મિલિયન (12 લાખ) જેટલાં બાળકો તેમના જન્મનાં પહેલાં ચાર અઠવાડિયામાં જ મૃત્યુ પામે છે. એ પૈકીની ત્રીજા ભાગની સંખ્યાનું મરણ તો જન્મના પહેલા જ દિવસે થતું હોય છે ! દુનિયા સમસ્તમાં થતાં આ વયનાં બાળમરણમાં ભારતનો હિસ્સો 30% જેટલો ઊંચો છે ! માનવજિંદગીનો કેટલો બધો દુર્વ્યય !!

દીકરીના આ ત્રીજા પ્રકારના મોતના પરિણામ સ્વરૂપ વયજૂથ 0–6 વર્ષના નાજૂક તબક્કામાં 1000 પુરુષ દીઠ જોવા મળતી સ્ત્રી સંખ્યા કેટલી આઘાતજનક રીતની નાની હોય છે, તે નીચેના આંકડા બતાવે છે :

| પ્રદેશ | 1000 પુરુષ દીઠ સ્ત્રી-સંખ્યા (વય જૂથ : 0-6) |
|---|---|
| હરિયાણા | 820 |
| પંજાબ | 793 |
| ચંદીગઢ | 845 |
| દિલ્હી | 865 |
| કેરળ | 1058 |
| ગુજરાત રાજ્ય | 876 |
| અમદાવાદ જિલ્લો | 814 |
| મહેસાણા જિલ્લો | 798 |
| સુરત જિલ્લો | 835 |
| આણંદ જિલ્લો | 873 |
| ગાંધીનગર જિલ્લો | 813 |

ઉપરના આંકાઓની સામાજિક બાજુ જોવા જેવી છે. જ્યાં આર્થિક આબાદી છે. ત્યાં દીકરી ખતરામાં છે ! પંજાબ અને હરિયાણા જેવાં આબાદ રાજ્યોમાં અને ગુજરાત રાજ્યના સુરત, આણંદ અને મહેસાણા જેવા આર્થિક રીતે સુખી જિલ્લાઓમાં, સ્ત્રી-વસતીનું પ્રમાણ ઘણું નીચું જોવા મળે છે. બીજી બાજુ, જ્યાં સાક્ષરતા અને શિક્ષણનું પ્રમાણ ઊંચું છે એવા કેરળ રાજ્યમાં, તેમ જ ખ્રિસ્તી અને જૈન જેવા વધુ શિક્ષિત સમાજોમાં, સ્ત્રીઓની સંખ્યા પ્રમાણ જોવા મળે છે. આ વલણ સમાજશાસ્ત્રીય સંશોધનનો વિષય બનવું જોઈએ.

દીકરીનું ચોથું મોત, લાંબો સમય ચાલનારું [lingering], એક પ્રક્રિયા [process] સ્વરૂપનું મોત છે. તે તેનો તત્કાલ ફેંસલો કરનારી એક પળની ઘટના [event] નથી. એના એ સ્વરૂપમાં જ કરુણતા સમાયેલી છે. એની શિશુ અવસ્થા, બાલ્ય અવસ્થા, કિશોર અવસ્થા અને તરુણ અવસ્થાના તબક્કાઓમાં પોષણ, સંવર્ધન, માવજત, શિક્ષણ, દાકતરી સારવાર, દેખભાળ, સારસંભાળ અને દીકરાની તુલનામાં તેનું લાલનપાલન, માન, સન્માન વગેરે ક્ષેત્રોએ એના નસીબમાં ક્રમશ: વિસ્તરતું જતું અને પ્રચ્છન્ન રીતે એને કોરી ખાતું, ધીમું મોત જ લખાયેલું જોવા મળે છે. એની એક મિસાલ શિક્ષણ ક્ષેત્રે જ જોઈએ. છોકરીઓની વસતીના 43% પ્રાથમિક શાળાઓમાં, 40% મીડલ સ્કૂલમાં, અને 38% જ હાઈસ્કૂલમાં ભરતી થાય છે. પરંતુ ભરતી થયેલી સંખ્યા પૈકીની 40% ધોરણ 1 થી 5 દરમિયાન, 56% ધોરણ 1 થી 8 દરમિયાન, અને 75% ધોરણ 1 થી 10 દરમિયાન અભ્યાસ છોડી દેતી હોય છે ! ઑક્ટોબર 2004માં અમદાવાદ શહેરની મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત પ્રાથમિક શાળાઓનાં બાળકોની દાક્તરી તપાસ કરવામાં આવેલી. એમાં 60% જેટલી છોકરીઓ કુપોષણ, 50% જેટલી ઓછું વજન, 40% જેટલી આંખોના રોગો, અને 40% જેટલી રોગપ્રતિકાર શક્તિના અભાવ જેવી ખામીઓ અને બીમારીઓથી પીડાતી જોવા મળી હતી ! ભવિષ્યમાં થનારા અનેક રોગ અને મોતનો પાયો નાખવાની કેવી આ અવસ્થા!

દીકરીના પાંચમા મૃત્યુનો ગાળો તે તેનું સામાજિક જીવન. એનો આરંભ થાય 'લગ્ન' નામની ઘટનાથી! સરકારના કાનૂન પ્રમાણે તો 18 વર્ષથી ઓછી વયની છોકરીનું લગ્ન થઈ શકે નહીં, પરંતુ બાળલગ્નોનો ચાલ હજી હયાત છે. ઉત્તર ભારતના BIMARU રાજ્યોમાં અક્ષય તૃતિયા એટલે

જથ્થાબંધ [wholesale] લગ્નોની તિથિ! લગ્ન જેવી જીવનની એક અતિ મહત્ત્વની ઘટનાને લગતો નિર્ણય લેવામાં છોકરીની હિસ્સેદારી નહીંવત્ હોય છે. તન, મન, વય, સંસ્કારો, વિચારો, પસંદગીઓ, વગેરેનાં કજોડાં પાર વિનાનાં રચાતાં રહેતાં હોય છે. આવું લગ્ન જીવન એટલે જીવતી દોજખ ! દીકરીએ એમાં સબડવું રહ્યું !

લગ્નની સાથે સંકળાયેલી દહેજની કુપ્રથા તો દીકરી માટે જીવનભર ચાલતો મહાઅભિશાપ છે. દહેજ પ્રતિબંધક ધારો છેક 1984થી ધારાપોથી પર સ્થાન પામ્યો છે, પરંતુ એનો અમલ નહીંવત્ થયો છે. દરમિયાનમાં દેશની અનેક શકુન્તલાઓ, મહાકવિ કાલિદાસે 'અભિજ્ઞાન શાકુન્તલમ'ના ચોથા પ્રવેશના, ચોથા શ્લોકમાં પ્રબોધેલા નારીધર્મને બજાવવા સંકલ્પબદ્ધ થઈ હોય, તો પણ તેની આખરી નિયતિ તો દહેજના મામલે થતું એનું કમોત. એમ કહેવાય છે કે એકલા દિલ્હી શહેરમાં જ દહેજના કારણે સરાસરી પાંચ જેટલી કમનસીબ પરિણિતાઓનાં અપમૃત્યુ થતાં હોય છે.

દીકરીના મોતનો છઠ્ઠો કોઠો તે તેનું સાંસારિક જીવન છે. લગ્ન થાય એટલે પુત્રી એના પિતાની મિલકતમાંનો અધિકાર ગુમાવી દે એવા કાયદા કાનૂન અને એવી પરંપરાઓ અસ્તિત્વમાં છે. અન્યાય થાય, ત્રાસ ગુજારાય, અને જીવવું લગભગ અશક્ય બનાવી દેવાય તો ય લગ્નમાંથી છૂટા પડવું અતિ દુષ્કર અને છૂટાછેડા મળે તો ભરણપોષણની કોઈ ખાતરી નહીં. વળી એકાકી સ્ત્રી [single woman] કે એકાકી માતા [single mother] તરીકે જીવવું એટલે આર્થિક અને સામાજિક હીનતાભર્યું જીવન !

નોકરી, ધંધા, વ્યવસાય કે આર્થિક ઉપાર્જનનાં ક્ષેત્રોએ સ્ત્રીનું શોષણ, અન્યાય. જે જાતીય સતામણીની કથનીઓ તો પાર વિનાની હોય છે. આ કથનીમાં ભળે છે મોત ! વર્ષ 2004માં ગુજરાતમાં જ નોંધાયેલી આત્મહત્યાઓની ઘટનાઓમાં અડધા ઉપરની ઘટનાઓ સ્ત્રીઓની હતી. આ ઘટનાની એક દર્દનાક બાજુ એ જોવા મળી છે કે પોતાનાં વહાલસોયાં બાળકોની સાથે જ કમનસીબ સ્ત્રીઓ મોતને ભેટતી હોય છે!

રામાયણના રચયિતા કવિ તુલસીદાસે મધ્યયુગીન ભારતમાં પ્રવર્તતી સ્ત્રીઓ પ્રત્યેના ઘોર અન્યાયની નિર્ઘૃણ સામાજિક પરંપરાને જે શબ્દોમાં વર્ણવી છે, તે શબ્દો હજી ય ભારતીય સમાજના કેટલા ય વર્ગો માટે અપ્રસ્તુત બન્યા લાગતા નથી, એવું ઉપર વર્ણવેલી હકીકતો પરથી શું ફલિત નથી થતું?

**ઢોર, ગંવાર, શુદ્ર, પશુ, નારી,**
**તે સબ તાડન કે અધિકારી.**

કુટુંબમાં સ્ત્રી સાથેનો વ્યવહાર અવગણના, અનાદાર, અપમાન, પીડન, તાડન અને છેલ્લે મારણ જેવી ચઢઊતરની અનેક ગતિવિધિઓ વડે કલંકિત થયેલો જોવા મળે છે. સ્ત્રીની આ રીતની અનેકવિધ સતામણી જાણે કે સામાજિક પરંપરાની એક અંતર્ગત [in-built] ગૃહિત [given] તરીકે સર્વસ્વીકૃત બની ગઈ ન હોય. રામાયણના એક પ્રસંગમાં તુલસીદાસે કૈકેયી માટે વાપરેલા નીચેના શબ્દો પુરુષપ્રધાન સમાજે, તેના અન્યાયી વલણના એક અંગ તરીકે, સમગ્ર નારી જાતિને લાગુ પાડીને દઈને, સદીઓથી એમના કૌટુંબિક જીવનને જીવતા નર્કમાં ફેરવી નાખ્યાનું કોણ નથી જાણતું?

**વિધિહુ ન નારી હૃદય ગતિ જાની**
**સકલ કપટ અઘ અવગુન ખાની**

સ્ત્રીની અવમાનના જ આવા કોઈ અર્થમાં આંગ્લ કવિ શૅક્સપિયરે પણ 'Frailty thy name is woman' નહોતું કહ્યું? 'સ્ત્રીની બુદ્ધિ પગની પાની સુધી' એ ગુજરાતી કહેવત પણ સ્ત્રીને જીવન કારોબારમાં નિર્ણય લેવાની પ્રક્રિયામાં સમાનતાના ધોરણે હિસ્સો લેતાં અવરોધવાની પુરુષપ્રધાન સમાજની શું મેલી દાનત સૂચવતી નથી ? પાકિસ્તાનના એક વખતના પ્રમુખ ઝિયા-ઉલ-હકે પ્રસ્થાપિત કરેલા, એમની માન્યતા મુજબના, ઈસ્લામી શાસનમાં, એક પુરુષની જુબાની બરાબર બે સ્ત્રીઓની જુબાની જ અદાલતમાં સ્વીકાર્ય બને એવું સ્થાપિત કરેલું સમીકરણ પણ પુરુષનાં સ્ત્રી પ્રત્યેનાં અન્યાયી વલણની નિશાની છે ને? અફઘાનિસ્તાનમાં તાલીબાન શાસકોને પણ અફઘાન નારીને, ધર્મના નામે, કેટકેટલા અન્યાયોની ભોગ બનાવી મૂકી હતી? એ ઇતિહાસ તો હજી તાજો જ છે ને? સ્ત્રીને માનસિક રીતે નગણ્ય [non-entity] હસ્તિ બનાવી દો, એટલે એને દીર્ઘકાલ ચાલે તેવા મૃત્યુની શિક્ષા કરી સમજો.

આધુનિક લોકશાહીની વિચારધારા ધરાવતા હોવાનો દાવો કરતા પશ્ચિમી જગતમાં પણ સ્ત્રીઓ તરફના પ્રગટ અને પ્રચ્છન્ન અન્યાયો ક્યાં નિમૂર્ળ થયાં છે? તાજેતરમાં જ અમેરિકાની જગવિખ્યાત હાવર્ડ યુનિવર્સિટીના કુલપતિ લૉરેન્સ સમર્સે 14 જાન્યુઆરી 2005ના દિવસે યુનિવર્સિટીમાં યોજાયેલી એક પરિષદમાં 'women are genetically less able to cope with maths and science' એવું જાહેર વિધાન કરીને એ દેશમાં વિજ્ઞાન, ટૅક્નોલોજી, મૅનેજમૅન્ટ, સંશોધન વગેરે પુરુષોના પરંપરાગત ઈજારાનાં ક્ષેત્રોમાં સ્ત્રીઓની સામેલગીરી બાબતે પ્રવર્તતા ભેદભાવ[discrimination]ને જાણે કે વાજબી ઠેરવવાની ચેષ્ટા કરી લાગતી નથી? આડકતરી રીતે એ વિધાન પુરુષપ્રધાન સમાજના અંતરમાં ઊંડે ઊંડે ધરબાયેલા પડેલા અપરાધભાવ [guilt]ની ચાડી ખાતું નથી લાગતું શું?

વસવાટી ભારતીયોનો વહાલેરો એક દેશ તે બ્રિટન. એ દેશ આધુનિક લોકશાહી વિચારધારા અને વ્યવસ્થાની માતૃભૂમિ. ત્યાં પણ સ્ત્રીઓને આજે પણ લિંગ આધારિત અન્યાય [GENDER INJUSTICE] ને ભેદભાવના ભોગ બનતા રહેવું પડે છે, તેનો એક સંકેત મળે છે તાજેતરમાં જ તા. 3 ફેબ્રુઆરી 2005ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલા The equal Opportunities Commissionના હેવાલમાં. એ અહેવાલ કહે છે કે : Around 30,000 working women in Britain are fired, made redundant or leave their jobs every year, because of pregnancy discrimination. 4,41,000 women per year worked while pregnant. Around half said they had suffered some form of discrimination because of their pregnancy.' આ કમિશનના અધ્યક્ષા જૂલી મેલર બ્રિટનમાં કામ/વ્યવસાય કરતી સગર્ભા નારીઓને કરવામાં આવતી ઇરાદાપૂર્વકની પજવણીથી નીપજનારાં દુષ્પરિણામો તરફ બ્રિટનની સરકાર અને પ્રજાનું ધ્યાન દોરતાં કહે છે કે : 'Women should not be penalised simply for being pregnant. The impact on women, their partners and families, and on the health of their babies can be disastrous.'

શું બ્રિટન જેવા સ્ત્રી-પુરુષ સમાનતાનો દાવો કરતા સમાજો પણ સંત તુલસીદાસની પેલી અન્યાયમૂલક વિચારધારાનો જ પડઘો 21મી સદીના પહેલા દશકામાં પાડી રહ્યા છે?

**નારી સુઝાવ સત્ય કવિ કહહિ**
**અવગુન આઠ સદા રહહિ**

સ્ત્રીને તેના સંસારીજીવન, કાર્યજીવન અને નાગરિકજીવન, એ ત્રણેયમાં સમાન અધિકારો મળે એવી માંગ જૂલી મેલરનાં વિધાનમાં સંભળાય છે. એ જ રીતે અમેરિકાની અશ્વેત કવયિત્રી માયા એન્જેલૉના [Maya Angelou] કાવ્ય A Phenomenal Womanમાં એ માટેનો ગૌરવટંકાર સંભળાય છે આ રહ્યું એ કાવ્ય :

**A Phenomenal Woman**
She is warm and passionate
A lethal combination
Black, and a woman;

Now you understand
Just why my head's not bowed;
I don't shout or jump about
or have to talk real loud.

When you see me passing
It ought to make you proud;
I am a woman, phenomenally,
A phenomenal woman,
That's ME !

-Maya Angelou

એક મહિલા દ્વારા થયેલા આવા જોસ્સાભર્યા ટંકાર છતાં ય ભારતની નારીને તો મોતની સાતમી સોડ તાણવી પડે, એ પેલા આક્રોશની વિડંબના નથી શું? એ મોત તે વૈધવ્યનું જીવન. ઉત્તર ભારતમાં કેટલા ય સમાજોમાં વિધવાઓને ત્યજી દઈને કાશી, મથુરા, વૃંદાવન વગેરે જેવાં તીર્થધામોમાં નભાવાતાં આશ્રયસ્થાનોમાં લાચાર જીવન જીવવા, અને હીબકા લેતાં લેતાં ત્યાં જ ધીમું મોત પામવા મોકલી આપવામાં આવતી હોય છે. બે વર્ષ પહેલાં જ, આવી કમનસીબ વિધવાઓના કણસારને કચકડે મઢવા માટેની ફિલ્મ 'ફાયર'નું જ્યારે વારાણસીમાં શૂટીંગ થવાનું હતું. ત્યારે કેટલાંક રૂઢિવાદી તત્ત્વોએ એના મંચમાં તોડફોડ કરી આતંક મચાવેલો એ હજી સાંભરે છે. રખે ને બહારની દુનિયા અમારા સમાજની એક વ્યાપક વરવી બાજુ જાણી જાય એવો ભય અને ભીરુતા પેલા આંતકી વર્તનમાં મૂળમાં રહેલી હતી. પરંતુ એ સાંસ્કૃતિક આંતકવાદીઓને હાથે સાતમા મોતની સોડમાં સબડતી એકાદ કમભાગી વિધવાને બચાવવામાં આવી હોય એવું હજી જાણવા મળ્યું નથી. સાંસ્કૃતિક દંભના રોગથી પીડાતા સમાજમાં જ સ્ત્રીએ તો કોણ જાણે કેટકેટલા જનમોજનમ સુધી આ અરણ્યરુદન કરતાં જ રહેવું પડશે એવું લાગ્યા વિના રહેતું નથી :

**દાદા હો દીકરી, દાદા હો દીકરી,**
**સાત સાત મોતની સોડે એ સૂઈ !**

તારીખ 8 માર્ચ 2005ના રોજ દુનિયામાં ઘણે ઠેકાણે 'વિશ્વ મહિલા દિન' ઉજવાયો. એ નિમિત્તે અમદાવાદના ખાનપુરમાં આવેલા જે. પી. ચોકમાં 5000 જેટલી મહિલાઓ, જે પૈકી મોટા ભાગની વિધવાઓ, એકાકી સ્ત્રીઓ, તરછોડાયેલી વૃદ્ધાઓ અને શોષિત નારીઓ હતી, તે સહુ એમની વેદનાઓને વાચા આપવા એક સભા રૂપે મળી હતી. એ સભાનું આયોજન કર્યું હતું સ્ત્રી અધિકારો માટે લડતી સંસ્થા 'આવાઝે' Ahmedabad Women's Action Group નામક એ સંસ્થાના પ્રમુખ છે અગ્રણી કર્મશીલ ઈલાબહેન પાઠક. એમણે મહિલાઓને પોતાના અધિકારો પ્રાપ્ત કરવા માટે લડત આપવા હાકલ કરી. શેરી નાટકો દ્વારા મહિલાઓના પ્રશ્નો અંગે લોકજાગૃતિ કેળવતી સંસ્થા 'એકલનારી સંગઠન'ના અધ્યક્ષા વર્ષા ગાંગૂલીએ પણ ગુજરાત સરકાર સામે આંદોલન જગાવવા તેમ જ જાહેર હિતની અરજી કરીને હાઈકોર્ટનાં દ્વાર ખટખટાવવા બહેનોને હાકલ કરી. સાત સાત મોતના કોઠાની કપરી કસોટીઓની હારમાળામાંથી પસાર થતી ભારતની અને ગુજરાતની દીકરીને બચાવવા એને એનું સન્માન [dignity] પાછું આપવાની જેહાદ એકાદ મહિલા દિન ઉજવવાથી પૂરી થાય એ સંભવિત નથી. એવી ઉજવણી તો એક પ્રતીક [token] માત્ર છે. એ માટે કેટકેટલાં વાનાં કરવાં પડશે - શિક્ષણનાં વાનાં, સામાજિક સુધારણાનાં વાનાં, આર્થિક સ્વાવલંબનના વાનાં, કાયદા-કાનૂનનાં પરિવર્તનનાં વાનાં, લોકમત ઘડતરનાં વાનાં, રાજકીય ઈચ્છાશક્તિ પ્રબળ કરવાનાં વાનાં, અને માનસ પરિવર્તનનાં વાનાં ! એવાં અને એટલાં વાનાં જેના પરિણામે સાત મોતની શિક્ષામાંથી ઉગરીને એક સ્વમાની, આત્મગૌરવથી છલકાતી, સ્વાયત, સાહસિક, ખુમારી ભરી નારી એક વાસ્તવિક હકીકત બની રહે, અને કવયિત્રી હેલન રીડીનું આ અમર કાવ્ય એનું ગૌરવગાન બની રહે :

**Woman**
I am woman, watch me grow
See me standing, toe to toe,
As I spread my loving arms across the land.

But, I am still in embryo,
With a long long way to go,
Until I make my brother understand.

If I have to, I can do anything,
I am strong, I am invincible,
I am WOMAN !!

- HELEN REDY

[Paanch Haatdi Bazaar, KALOL-382 721, Mehsana District, North Gujarat, India]

**("ઓપિનિયન"ના 26 એપ્રિલ 2005ના અંકમાંથી પુનઃપ્રકાશન)**

# – ગુફ્તગૂ

## 'બુંદ બુંદની સૂરત નિરાલી, કોઈ રોવે કોઈ ગાય'

**• ચિરાગ પટેલ**

ઈન્ડિયામાં મિડલ ક્લાસ ફેમિલીમાં ઉછરીને વિદેશ જવાના સપના જોઈ મોટો થયો, અને મેં તો ભારતમાં બેચલર ઓફ ફાર્મસી કરેલું. તેને સારુ ભારતમાં ખૂબ મોકળાશ અને અવકાશ હતો. આટલું ભણ્યા પછી મને એમ.બી.એ. ભણવા માટે ઈંગ્લૅન્ડ જવાનાં સપનાં હતાં. વળી, તેમ કરવાથી મારું ભાવિ ય ઉજળું થાય તેવી સમજણ રહેતી. તેથી, ત્યાંની એક યુનિવર્સિટીમાં એડમિશન મેળવ્યું, અને પછી યુ.કે.ના વીસા લેવા અરજી કરી.

એક દિવસ એ સમય આવી જ ગયો અને પપ્પા મમ્મીની આશાઓ લઈને વિદેશ જવાની તૈયારી થઈ ગઈ. એ સમયે કમાવાની કંઈ ખબર તો નહોતી પડતી. પણ એ ખ્યાલ હતો કે પપ્પાએ ખૂબ જ મુશ્કેલીથી પૈસા ભેગા કરીને મારી કોલેજની ફીસ જમા કરી હતી અને ટીકીટ પણ ખૂબ જ તકલીફથી કરાવી હતી. ઓલ મોસ્ટ, ૧૫ લાખ રૂપિયાનો ખર્ચો, મારા પાછળ, એ સાલ, થયો હતો. અને મને હજુ યાદ છે કે પપ્પાએ નાના ભાઈની સ્ટડીનું ફંડ પણ મારા પાછળ વાપરી નાખીને, મને અહેસાસ પણ થવા દીધો ના હતો. ઓન્લી બિકોઝ હું સારી રીતે અને શાંતિથી ભણીને, પછી, નાનાને તો ઈસીલી સેટ કરીશ જ ને.

એ સમયે વિદેશ જવાની ઈચ્છા પૂરી થવાનો હરખ અને પપ્પાની તકલીફનો અહેસાસ પણ હતો. યુનાઈટેડ કિંગ્ડમ જઈને ક્યારે ફેમિલી માટે મદદરૂપ થાઉં અને ખૂબ ભણીને પપ્પા મમ્મીનું નામ રાખું, એ જ વિચાર સતત ચાલતો હતો. અને એક વસ્તુ તો મનમાં નક્કી જ હતી કે જેટલા વાપર્યા છે, એટલા તો કમાયા વિના, પાછા જવાય જ કેવી રીતે. શું થાય જો મને success ના મળી તો ? .... પાછો જઈશ તો બધા પપ્પા મમ્મીને શું કહેશે ... એમને મારા લીધે થઈને ખૂબ જ શરમ અનુભવવી પડશે.

ગમે એમ, છેવટે, એ દિવસ આવ્યો અને લંડન હીથરૉની ધરતી પર પગ મુક્યાનો રોમાંચ અનુભવ્યો. અને એક નવી દુનિયા જોઈ ને express ના કરી શકાય તેવી ખુશી ને રોમાંચ થયા.

પહેલા જ દિવસે હીથરૉ પર જ, અડધા કલાક પછી જ, હકીકત સામે અથડાઈ પડી. કારણ કે હું મારા બે મિત્રો સાથે યુ. કે.માં આવ્યો હતો અને એમના ઈન્ડિયામાં કહેવા પ્રમાણે, મારા રહેવાનું એક મિત્ર સાથે નક્કી હતું, અને બીજો મિત્ર એના ફોઈ ને ત્યાં રોકવા નો હતો. પણ હકીકત કંઈ અલગ જ હતી. જ્યારે હીથરૉ પર, એક મિત્ર એની ફોઈ સાથે ગયો, અને બીજો મિત્ર એના ફ્રેન્ડ સાથે એક મિનિટ કહી ને અલગ વાત કરવા ગયો. … અને આવીને મને કહે છે કે યાર, લૅન્ડલૉર્ડ એક જણને રહેવાની પરમિશન આપે છે. … તારે કંઈ અલગ વ્યવસ્થા કરાવી પડશે !!!! … આંખમાં આંસુ આવી પડ્યાં, પણ વ્યર્થ હતું. કોઈ ને ય પડી ના હોય, કારણ કે બધા મજબૂર હતા.

વધુ લખી શકતો નથી … ! ક્યારેક … !!

e.mail : chirag2612@yahoo.com

## પ્રવાસ – ઘરની ગંગાનો

**• ઈલા કાપડિયા**

2012નું વર્ષ ઈંગ્લિસ્તાનીઓ માટે ઐતિહાસિક અને ખૂબ યાદગાર બન્યું છે. આપણાં મહારાણીના શાસનની ડાયમન્ડ જૂબિલી (હીરક મહોત્સવ), once in a life time ગણી શકાય તેવો ઑલિમ્પિક્સની રમતોનો ઉત્સવ, શેક્સપિયર જેવા મહાન સાહિત્યકારનાં ભજવાયેલાં વિધવિધ નાટકોની શૃંખલા. અને તેમાં ય ખાસ કરીને ભારતીય કલાકારોએ રજૂ કરેલાં અનેક ભારતીય ભાષાઓમાં ભજવાયેલાં નાટકો, અને તે ય પણ 'ગ્લૉબ' સરખા જગપ્રસિદ્ધ ઑપન એર થીએટરમાં.

આ નામાંકિત પ્લેરાઈટની યાદમાં અમે 'હેરૉ વીમેન્સ એસોસિયેશન'ની બહેનોએ, ઉનાળાની એક સોનેરી સવારે, પ્રખ્યાત ગ્લૉબ થીએટરની મુલાકાત લીધી. નોંધપાત્ર વાત એ કે 65 વર્ષથી ઉપરની ઉમ્મરની બધી બહેનોમાં ઉત્સાહ

અને આતુરતા અનેરા હતાં. આ થીએટર એક તરફ ટેમ્સ નદીને કાંઠે અને બીજી તરફ લંડનબ્રીજ સ્ટેશનથી ઘણું નજીક છે. ગ્લૉબની ઈમારત બહારથી ખૂબ જ ભવ્ય અને આકર્ષિત છે.

શેક્સપિયરના સમયનું અસલી થીએટર બે વખત નષ્ટ પામ્યું હતું. તેનું પુનઃસર્જન કરવાનું સ્વપ્ન એક અમેરિકને 1949માં સેવ્યું હતું. વોનામેકર (Sam Wanamaker) નામના આ પ્રખ્યાત એક્ટર, ડિરેક્ટર અને પ્રૉડ્યુસરને પોતાના સ્વપ્નને સાકાર કરવા માટે ઘણી મોટી રકમની જરૂર હતી. અથાક પ્રયત્નો સાથે ભંડોળ ભેગું કરતાં 23 વર્ષનાં વહાણાં વહી ગયાં. અસલી ગ્લૉબ થીએટર કેવું હતું તેનો વળી ખ્યાલ કોઈને ન હતો. ફક્ત જહોન નૉર્ડન અને હોલરના પ્રિન્ટેડ પેનોરામિક ચિત્રો ઉપરથી થોડોક ખ્યાલ મળ્યો. વધારે ખ્યાલ રોઝ થીએટર અને અસલ ગ્લૉબ થીએટરના અવશેષો ઉપરથી 1989માં મળ્યો. અને પછી, થીયો ક્રોસબી જેવા કાબેલ આર્કિટેક્ટે ડિઝાઈન કામ કર્યું. રાણી ઈલિઝાબેથે 1997માં પૂર્ણ રીતે તૈયાર થયેલ ગ્લૉબ થીએટરનું ઉદ્દઘાટન કરેલું.

થીએટરના બાંધકામ માટે ખૂબ ઝીણવટભરી ટેકનિક વપરાઈ છે. લીલા રંગના ઑક વૃક્ષને કાપીને સોળમી સદીની ફેશન પ્રમાણે તેને એસેમ્બલ કરવામાં આવ્યું છે. છાપરું પણ તે સમયના અવશેષો પ્રમાણે વૉટર રીડ થેચનું છે.

સ્ટેજ ત ખરે જ મધ્યકાલીન સમયમાં આપણને લઈ જાય છે. તેના સ્થંભ લાકડાના છે. પરંતુ આબેહૂબ માર્બલના હોય તેવા લાગે છે. ગેલેરી રોમિયો અને જુલિયટનો સીન જાણે કે તાદૃશ કરે છે. થીએટરના સંકુલમાં શેક્સપિયરનું પ્રદર્શન પણ છે.

આ થીએટર જોયાં પછી, મારાં સાથીદારોને મેં 'મરચન્ટ ઑફ વેનિસ'ની વાર્તા કીધી. સાંભળી અમારી બહેનો શેક્સપિયરને જોવા વધુ ઉત્સુક થઈ. વાચક ભાઈબહેનોને ય આ ગ્લૉબ થીએટરની મુલાકાત લેવાનું મન થાય તેમ હવે થવું જોઈએ.

[50 North Way, Kingsbury, LONDON NW9 0RB, U.K.]

# એતાનશ્રી —

## આ કઠોપનિષદની કથા છે

• જાન્યુઆરી 2013નો "ઓપિનિયન"નો અંક ગમ્યો. વિનોબા ભાવેનો ઉપનિષદ પરનો લેખ વાંચીને મારી નોટબુકનું એક પાનું તમારી પાસે રજૂ કરવાનું સાહસ કરું છું.

આ કઠોપનિષદની કથા છે.

વાજસ્રવા વિશ્વજીત યાગ આયોજે છે જેમાં સર્વસ્વનું દાન (સંપત્તિ, પરિવાર વ.) કરવું પડે છે. પિતા દુર્બળ, દૂધ ના દેનારી અને જણી ના શકનારી ગાયો દાનમાં આપે છે તે જોઈ વિદ્વાન બાળ નચિકેતાને ખેદ થાય છે અને પૂછે છે કે મારું દાન કોને દેશો ? ત્રણ વાર આ રીતે પૂછતાં વાજસ્રવા ક્રોધમાં આવી કહે છે કે તારું દાન હું મૃત્યુને દઈશ.

બોલ્યા પછી પિતાને પશ્ચાત્તાપ થાય છે પણ નચિકેતા સમજાવે છે કે,

'સસ્યમિવ મર્ત્યઃ પચ્યતે સસ્યમિવ અજાયતે પુનઃ' (૬)

મનુષ્ય ખેતીની જેમ પાકીને મરી જઈ ને ખેતીના પાકની જેમ ફરી જન્મે છે, માટે તમારો ધર્મ નિભાવો ને મને જવા દો.

આમ થતાં નચિકેતા મૃત્યુ પામી યમને ત્યાં પહોંચે છે. યમ હાજર ન હોવાથી નચિકેતા ત્રણ રાત્રી સુધી તેના દ્વારમાં ભૂખ્યો તરસ્યો પડી રહે છે, તે જોઈ પાછા આવેલા યમ તેને ત્રણ વરદાન માગવાનું કહે છે. નચિકેતા ત્રણ વર આ પ્રમાણે માગે છે.

(૧) મારા પિતા મારા પ્રત્યે ફરી શાંત અને પ્રેમભાવ સહિત થાય.

યમ તેને આ વર આપે છે.

(૨) મને સ્વર્ગના સાધનભૂત અગ્નિની જાણકારી આપો.

અહીં અગ્નિ એટલે બ્રહ્મજ્ઞાન અને સ્વર્ગ એટલે અજ્ઞાનમાંથી મુક્તિ, બીજા શબ્દોમાં અમરત્વ.

'ત્રિણાચીકેતઃ ત્રયમેતદ્વીદીત્વા ય એવં વિદ્વાન્સ્ચીનુતે નાચિકેતમ,

સ મૃત્યુપાશાન્પુરતઃ પ્રણોદ્ય શોકાન્તિગો મોદતે સ્વર્ગલોકે' (૧૮)

યમ કહે છે કે કર્મ, કર્તાભાવ અને ફળના ત્રિવિધ અજ્ઞાન ને જે ત્રિણાચીકેત બ્રહ્મજ્ઞાનના અગ્નિમાં બાળે છે, તે (જ્ઞાનપ્રાપ્તિ થવાથી) મૃત્યુ પામ્યા પહેલાં જ મૃત્યુના બંધન તોડી ને તું સ્વર્ગલોક(મુક્તિ)ના આનંદ ભોગવીશ.

ઉપરાંત યમ પોતાના તરફથી એક વધારાનું વરદાન આપે છે કે જ્ઞાનનો અગ્નિ નચિકેતાના નામ પર થી 'નાચિકેત' કહેવાશે.

(૩) મને જ્ઞાન આપો કે મૃત્યુ બાદ મનુષ્ય રહે છે કે નથી રહેતો ?

યમ તેને લોભ આપે છે કે તું મારી પાસે સંસારના બધા સુખ અને લાંબી આયુ માગ પણ આ જ્ઞાન ના માગ. નચિકેતા કહે છે,

'ન વિત્તેન તર્પણીયો મનુષ્ય' (૨૭)

મનુષ્યને ધનથી તૃપ્ત નથી કરી શકાતો (કારણ લોભ ને થોભ નથી). માટે મને લોભાવવાને બદલે જ્ઞાન આપો.

ગૂઢાર્થ : નચિકેતા, વાજસ્રવા અને યમની આ કથા તે આપણા જીવનનો પ્રસંગ દર્શાવવાની એક અલંકારિક રીત લાગે છે.

આ કથામાં વાજસ્રવા તે આપણી ભોગી મનોવૃત્તિ છે જે સસ્તા પુણ્યો ભેગા કરવાથી ખુશ થઈ જાય છે. દાન, ઉપવાસ, યાત્રા, પ્રાર્થના, ગ્રંથોનું વાંચન વ. ધર્મ નિભાવવા તે દૂધ ના દેનારી દૂબળી ગાયો જેવા છે. આવા તપ કરવાથી સ્વયમને કોઈ ખાસ કષ્ટ પડતું નથી.

પરંતુ નચિકેતા તે આપણી સસ્તી મનોવૃત્તિને પડકાર ફેંકતો જ્ઞાનનો અગ્નિ છે. તે અઘરા પ્રશ્નો પૂછી આપણી વૃત્તિ ને અંતર્જ્ઞાન તરફ વાળે છે.

યમ આપણો અંત એટલે કે મૃત્યુની નિશ્ચિતતા છે. ગમે તેટલો દંભ કરીએ પણ મોતની ઘડીએ જ્ઞાન સિવાય કશું કામ લાગતું નથી. જ્ઞાન જ આપણને મૃત્યુ પહેલાં કર્મ, કર્તા અને ફળના ત્રિવિધ ભાવથી વિમુખ કરીને મૃત્યુ પર વિજય એટલે કે અમરત્વ અપાવી શકે છે.

આટલા પછી નચિકેતા અને યમનો મનુષ્ય જીવન અને બ્રહ્મના રહસ્યો ખોલતો લાંબો સંવાદ શરૂ થાય છે, જે રજૂ કરવાની ક્ષમતા ન હોવાથી અહીં જ અટકું છું.

**- ચેતન શાહ**
રિયાધ, સાઉદી અરેબિયા
e.mail : chetan.gshah@gmail.com

• દર વેળાની પેઠે ભારે માહિતીસભર અને રોચક સામગ્રીઓનો થાળ તેમ જ કેટકેટલી કડીઓ અને જાણકારીઓથી ભરેલા અંકો મળે છે. આભાર.

"ઓપિનિયન"ના નવ્યનૂતન અવતારમાં ય આવું બધું તમે આપી શકો તેવી મહેચ્છા સેવું છું. જગતભરમાં પથરાયેલા ગુજરાતી સમૂહ વચ્ચે સાહિત્ય તેમ જ સંસ્કૃતિની રસલહાણ કરતા રહો છો તે માટે અનેકાનેક શુભ કામનાઓ.

**– રમણીક કે. શાહ**
e.mail : rkds47@hotmail.com

• આપણે અંગ્રેજી અંશો રોમન લિપિમાં લખી નાખીએ છીએ. રશિયનો શું કરતા હશે ? જપાની ? અંગ્રેજીમાં ગુજરાત વિદ્યાપીઠ રોમન લિપિમાં જ નહીં લખાય ? જો બાશમ ગુજરાતીમાં લખી શકાતું હોય તો બીજું બધું લખી જ શકાય, લખાવું જ જોઈએ, તેમ નહીં ? હું તો કહું, કાવ્યપંક્તિઓ - ગદ્યખંડો સુધ્ધાં.

પ્રોફેસર એ. એલ. બાશમ (Wonder that was India 'વન્ડર ધૅટ વૉઝ ઈંડિયા'ના કર્તા)ના માર્ગદર્શનમાં School of Oriental and African Study, University of London U.K.લંડનની સ્કૂલ ઑફ ઓરીએન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડીઝમાં 'Ashoka and Decline of Maurya Empire' 'અશોક એન્ડ ડિક્લાઈન ઑફ મૌર્ય એમ્પાયર' પર ....

અને, 'માર્ગદર્શનમાં' એ તરજૂમિયું નહીં?

'માર્ગદર્શન હેઠળ' કહેશું?

**– જયંત મેઘાણી**
e.mail : jayantmeghani@gmail.com

# સંસ્થા : લક્ષ્ય અને લક્ષક્ષમતા

• જુગલકિશોર

સંસ્થાઓ અનેક પ્રકારની હોય છે. સંસ્થાના સ્થાપક દ્વારા કોઈ ચોક્કસ હેતુ કે હેતુઓ માટે થઈને એની સ્થાપના થઈ હોય છે. આ સંસ્થાઓમાં કેન્દ્રસ્થાને એના સ્થાપકો હોય અને તેના સંચાલનમાં પણ તે સ્થાપકોનું મહત્ત્વ હોય તે સહજ છે. પરંતુ સંસ્થાનું લક્ષ્ય હેતુસિદ્ધિ જ ગણાય અને તે હેતુસિદ્ધિ માટે થઈને જ સર્વ રચના–યોજના–સંચાલન થાય તે અનિવાર્ય હોય છે.

સ્વાભાવિક છે કે જ્યાં સુધી સ્થાપકોની ઉપસ્થિતિ હોય ત્યાં સુધી સંચાલન તેમના હાથમાં રહે. સ્થાપકો પોતે જ આગળ જતાં સંચાલકોની નવી પેઢી તૈયાર કરીને પોતે સ્વેચ્છાએ નિવૃત્તિ લે તો તેવી વ્યવસ્થા ઉત્તમ ગણાય. એનાથી બે લાભો મળે છે. એક તો, નવી પેઢીને તૈયાર કરવાનો અવસર સ્થાપકોને મળી રહે છે અને બીજો લાભ એ છે કે સ્થાપકો કે જેઓની દૃષ્ટિ સમક્ષ મૂળભૂત હેતુઓ સચવાયેલા હોય છે તેને ધ્યાનમાં રાખીને બીજી પેઢીમાં પણ તે હેતુઓ કેન્દ્રસ્થાને રખાવી શકાય છે.



જુગલકિશોર વ્યાસ

સંસ્થાના લાંબાગાળાના અસ્તિત્વ માટે હેતુસિદ્ધિ અનિવાર્ય હોઈ સંચાલકોમાં હેતુસિદ્ધિનું લક્ષ્ય સચવાઈ–જળવાઈ રહે તે પણ ખૂબ જ જરૂરી છે. સંસ્થાના અસ્તિત્વ માટે છેવટે તો સંચાલકો કરતાં ય વધુ મહત્ત્વનું છે તે હેતુઓનું જળવાઈ રહેવું. કારણ કે સંસ્થાના સ્થાપકો–સંચાલકો–વ્યવસ્થાપકો તો અનિવાર્યપણે બદલાતા જ રહેવાના છે. વ્યક્તિ કાયમી નથી, જ્યારે હેતુ તો અનિવાર્યપણે કાયમી હોય છે.

અલબત્ત સંસ્થાઓમાં સમયને અનુરૂપ કેટલાક ફેરફારોની આવશ્યકતા હોય જ. સમયનો પ્રવાહ સમાજની માંગમાં ફેરફારો લાવે છે; નવીનવી શોધખોળો દ્વારા સાધનો અને માધ્યમો –કાર્યપદ્ધતિઓમાં પરિવર્તનો જરૂરી બનાવે છે અને એ રીતે સંસ્થાઓના બાહ્યસ્વરૂપમાં કેટલાક ફેરફારોને અનિવાર્ય બનાવી દે છે. જો કે મૂળભૂત હેતુઓને કોઈ ખાસ અસર ઉપરોક્ત કારણોસર થતી નથી. ઘણી વાર આવા અનિવાર્ય બાહ્ય ફેરફારોને લીધે સંસ્થા બદલાઈ ગઈ હોય તેવો ભાસ પણ કેટલાકને થાય, છતાં હકીકતે એવું હોતું નથી. લક્ષ્યશુદ્ધિ હોય છે ત્યાં સુધી હેતુસિદ્ધિને કોઈ તકલીફ રહેતી નથી. સમયનો પ્રવાહ ભલે બાહ્ય ફેરફારો લઈ આવે, પણ મૂળભૂત હેતુ તરફનું લક્ષ જ્યાં સુધી અચૂક રહે છે ત્યાં સુધી સંસ્થાનો પ્રાણ એવા હેતુઓ ટકી રહે છે.

સવાલ છે તે લક્ષ્ય તરફનું લક્ષ. લક્ષ્ય સ્થિર અને કાયમી છે પરંતુ તે તરફ લક્ષ આપનાર વ્યક્તિ કાયમી નથી. અરે, એક જ વ્યક્તિનું લક્ષ પણ આજે છે તે કાલે ન પણ રહે. વ્યક્તિ પોતે જ એક સંકુલ રચનાનો ભાગ છે. એનાં મન–વિચાર–કર્મમાં સુક્ષ્મતમ ફેરફારો સહજ થતા રહે છે. પરિણામે લક્ષ ક્યારેક કાં તો સહેજ ઘટે છે કે ક્યારેક ચુકાય છે. આ ક્યારેક ક્યારેક ઘટવા–ચુકાવાની ગતિવિધિઓ દરમિયાન જ સંચાલક વ્યક્તિની આસપાસ વીંટળાયેલી વ્યક્તિઓ કે પરિસ્થિતિઓ નાનીમોટી બખોલો તૈયાર કરી નાખે છે, કે ક્યારેક નવી લપસણી કેડી તૈયાર કરી આપે છે. આ લક્ષ–શિથિલતા સંચાલકોના ફેરબદલા વખતે તો ખાસ્સી વધી જતી હોઈ લક્ષ્ય સુધ્ધાંને ન સુધરી શકે તેવું નુકસાન કરી બેસે છે.

સ્થાપકો, નવી પેઢીના સંચાલકો, સમયના પ્રવાહો, વિજ્ઞાનની શોધખોળો/સગવડો, સમાજની બદલાતી રહેતી માંગ, સાધનો/પદ્ધતિઓમાંના ફેરફારો અને આ સૌની ઉપર, સૌથી મહત્ત્વનું તે લક્ષ સંસ્થાઓનું ભવિષ્ય ઘડે છે. સ્થાપકની હયાતીનો સમય–ગાળો, તેની લક્ષ્યલક્ષી નિર્ધારિતતા–અડગતા, સમજપૂર્વકની નિવૃત્તિ અને નવી પેઢીને કાર્યસોંપણી વગેરે દ્વારા સ્થાપકો પોતાની હયાતી ઉપરાંત બીજી પેઢી સુધી પણ સંસ્થાને લક્ષ્યસિદ્ધ રાખી શકે છે.

પરંતુ એની લક્ષ્યલક્ષિતા કેટલા પ્રમાણમાં અને ક્યાં સુધી બીજી પેઢી સાચવી–જાળવી શકશે તે બહુ મોટો અને ચિંતાભર્યો સવાલ છે.

ઘણી વાર તો ઘણીબધી પેઢીઓ વહી જાય છે. સંસ્થા અને વિચાર જાણે મર્યા કે મરશે એવી ભીતિ અનુભવાય છે. શું સામાજિક વ્યવસ્થાઓ, શું ધાર્મિક સંસ્થાઓ/સંપ્રદાયો કે શું રાજકીય વ્યવસ્થાતંત્રો – બધાંને આ ચિંતાભર્યા સવાલો ભોગવવાના આવે છે જેના જવાબો આપવાનું સહેલું નથી હોતું.

છતાં સમયની એ પણ બલિહારી (કોઈ એને ઈશ્વરકૃપા કહે કે કુદરતની લીલા) છે કે, આ સંસ્થા, વિચાર, પંથ કે સંપ્રદાયને ક્યારેક અણધારી રીતે મૂળભૂત હેતુઓને અનુકૂળ–અનુરૂપ કોઈ વ્યવસ્થા મળી રહે છે; કોઈ વ્યક્તિજૂથ સાંપડી રહે છે કે કોઈ સિદ્ધહસ્ત, ચોટદૂક લક્ષક્ષમ, લક્ષ્યવેધી મળી આવે છે જે સમયાંતરે વિગલિતલક્ષ્ય બનેલ સંસ્થાને, વિચારને, કે સંપ્રદાયને નવેસરથી પાટા પર લાવી દે છે. આને કહેવો હોય તો ચમત્કાર કહી શકાય. પણ એ શક્ય છે, સહજ પણ હોઈ શકે છે.

આપણે શિક્ષણના માણસો ચારેબાજુથી ઘેરાએલાં હોઈએ છીએ. ‘ઘેરાએલાં’ એ અર્થમાં કે શિક્ષણ પોતે જ જીવનનાં બધાં પાસાંની સાથે સંબંધ ધરાવે છે. જીવનનું કોઈ એકાદ પાસું પણ કોરાણે રાખીને શિક્ષણ સાર્થક કહેવાતું/થતું/ રહેતું નથી. એ બધાં જ જીવનપાસાંથી ઘેરાએલું છે એમ કહેવું તેના કરતાં એમ કહેવું વધુ યોગ્ય રહેશે કે, શિક્ષણ પોતાની આસપાસનાં બધાં જ અંગોને સ્પર્શનારું, એનાથી વીંટળાયેલું હોય છે. શિક્ષણનો આંશિક સ્પર્શ પણ જે–તે પાસાને, અંગને, પ્રકાશ આપવા સક્ષમ હોય છે. એ આ બધાં અંગોથી ઘેરાએલું રહે એમાં જ એની સાર્થકતા છે.

અને એટલે જ શિક્ષણની સંસ્થા સ્થાપવાનું કામ કાચાપોચાનું નથી. બીજી પ્રવૃત્તિઓ કરતાં કરતાં શિક્ષણસંસ્થા ચલાવવી શક્ય નથી. ફૅક્ટરી ચલાવવા માટે શ્રમિકો, સુપરવાઇઝરો, મેનેજરો, મશીનો અને ક્વૉલિટીકંટ્રોલ વિભાગ વગેરે હોય તો ઘેરબેઠાં પૈસા પૂરા પાડીને તે ચલાવી શકાય છે. કારણ કે એનું લક્ષ્ય વેપાર–ઉદ્યોગ ‘ચલાવવાનું’ હોય છે. એના દ્વારા પૈસો રળવાનો હોય છે. ઉદ્યોગપતિનું લક્ષ્ય આમ, સાંકડું અને મર્યાદિત હોય છે. એટલે બહાર રહીને, અન્ય કાર્યો કરતાં કરતાં તેના પર લક્ષ આપી શકાય છે. જ્યારે શિક્ષણસંસ્થાનું લક્ષ્ય અત્યંત સંકુલ, અત્યંત સૂક્ષ્મ અને અનેકવિધ પરિણામોને પ્રાપ્ત કરવા તાકનારું હોય છે. એ કોઈ એકાદ પક્ષીની એકાદ આંખ વીંધવા પૂરતું નથી હોતું.

શિક્ષણનું લક્ષ્ય વિદ્યાર્થી છે; તેનું કુટુંબ છે; સમાજ પણ છે અને સમગ્ર જીવનવ્યવસ્થા પણ છે. આ બધાંને પહોંચવા માટે કેન્દ્રિત થતું ધ્યાન – લક્ષ – સાધારણ હોઈ શકે જ નહીં. શિક્ષણક્ષેત્રનો માણસ અસાધારણ લક્ષક્ષમ હોય, એની ધ્યાનકેન્દ્રિતતા યોગીની નહીં પણ શતાવધાનીની હોય. ધ્યાનમાં મનને એક વિષય પર કેન્દ્રિત કરવાનું હોય છે. સમાધિની ઉચ્ચોચ્ચ સ્થિતિ તો નિર્વિકલ્પતાની હોય છે. જ્યારે શતાવધાની તો સો કેન્દ્રો ઉપર એક સાથે કેન્દ્રિત રહે છે. આ વિકેન્દ્રિત થતું લાગતું ધ્યાન – લક્ષ – ને ‘નહીં કેન્દ્રિત’ એ અર્થમાં નહીં લેતાં ‘વિશેષ કેન્દ્રિત’ કે ‘વિવિધ કેન્દ્રી’ એ અર્થમાં લેવાનું રહે છે. અને તેથી જ શિક્ષણસંસ્થાના સ્થાપક કે સંચાલકે સંસ્થામાં રહીને જ, એમાં સર્વાંગ સમર્પિત થઈને કાર્ય કરવાનું રહે છે.

કોઈ પણ સંસ્થાના સ્થાપકે પોતાની હયાતીમાં નવી પેઢીને તૈયાર કરવાનું; નવી પેઢીના સંચાલકે આવી મળેલી કામગીરી–જવાબદારી પ્રત્યે પૂરતું લક્ષ આપીને લક્ષ્યસંધાન અકબંધ રાખવાનું; સમયના પ્રવાહોને સાચવતાં રહીને અનિવાર્ય ફેરફારો કરતાં છતાં મૂળભૂત હેતુઓની સિદ્ધિ માટે મથતાં રહેવાનું હોય છે.

અને એમ જ, સૌએ પછીની પેઢીને પણ લક્ષ્યલક્ષિતા સહિતનું બધું જ સોંપીને સ્થાપકોને પરમ સંતોષ પહોંચાડવાનો હોય છે.

e.mail : jjugalkishor@gmail.com

**(અનુસંધાન છેલ્લા પાન પરથી)**

છે કે મારે બહુપૂંછડિયા નથી રહેવું, પૂંછડીઓ કપાવી નાખું. કોણ કરશે મને મદદ ? રાજીને એકદમ યાદ આવ્યું, 'વાળંદકાકા.' વાળંદકાકા નરેણી લઈને ધીમેથી પૂંછડી કાપી આપે તો ?

'ચાલ ત્યાં જાઉં', કહીને રાજી વાળંદકાકા પાસે ગઈ. આમે ય વાળંદકાકાને એના દાદા, કાકા, બાપા, મામાની મૂછો સમારતા, પૂંછડીઓ સરખી કરી આપતા એણે જોયા હતા. વાળંદકાકા એને વહાલથી બોલાવતા ય ખરા. રાજી વાળંદકાકા પાસે પહોંચી.

'વાળંદકાકા, વાળંદકાકા … મારે તમારું કામ છે.' રાજીએ કહ્યું.

'શું કામ છે ?' વાળંદકાકાએ પૂછ્યું.

'મારે છે ને, મારી પૂંછડીઓ કપાવવી છે, કાપી આપશો ?' રાજીએ ખૂબ નમ્ર અવાજે કહ્યું.

'હેં શું ? શું બોલી ?' વાળંદકાકા ધૂરક્યા.

'મારે મારી પૂંછડીઓ કપાવવી છે !' રાજીએ ફરીથી કહ્યું.

'શું બોલે છે મૂરખ ? ભાન છે તને ?' વાળંદકાકાએ કરડા અવાજે કહ્યું.

'વચ્ચે નડે છે મને આ પૂંછડીઓ.' રાજી બોલી.

'જા જા હવે, ચાલતી પકડ. આજ દી સુધી કોઈ કરતાં કોઈ ઉંદરડીએ આવી વાત નથી કરી.' વાળંદકાકાએ રાજીને ધમકાવી.

'પણ તમે કોઈ કોઈ ઉંદરડાને પૂંછડી કાપી આપો છો, મને ખબર છે.' રાજીએ દલીલ કરી.

'બહુ દોઢડાહી ના થા. ઉંદરો જે કરે તે બધું તારાથી ન કરાય. તું ઉંદરડી છું. જા અહીંથી, મારાથી તારી પૂંછડી ન કપાય !' વાળંદકાકાએ મોં ફેરવી લીધું.

રાજી નિરાશ થઈ ગઈ. એ આઘી જતી તો રહી પણ વાળંદકાકાનો ઓટલો ન ઊતરી. ત્યાં જ વિચાર કરતી ઊભી રહી. એ ઊભી હતી તેવામાં એને કોઈ અવાજ સંભળાયો 'એય ઈસ, ઈસ, એય રાજી, આમ જો.' રાજીએ અવાજ તરફ જોયું તો બારણા પાસે વાળંદકાકી ઊભા'તાં. એને બોલાવતાં'તાં. રાજી એમની પાસે ગઈ. કાકી બોલ્યાં :

'મેં તારી વાત સાંભળી. હું કાપી આપું તારી પૂંછડીઓ ?'

'તમે ? તમને આવડે ?' રાજીએ પૂછ્યું.

'કેમ વળી, તારા વાળંદકાકાને આવડે તે વાળંદકાકીને ન આવડે ?' વાળંદકાકીએ પૂછ્યું.

'હા, એ મને ન સૂઝ્યું. પણ તમે શું કામ મારી પૂંછડી કાપી આપો ? કાકા તો ના પાડે છે.' રાજીએ પૂછ્યું.

'મને સમજણ પડે છે. પૂંછડીઓનો ભાર કેવો લાગે છે, એટલે' કાકીએ કહ્યું. એમનો અવાજ ધીમો પણ ચોખ્ખો હતો. 'પૂંછડી એવી રીતે કાપીશ કે કાપ્યાનું નિશાન પણ નહિ દેખાય, કોઈને ખબર જ નહીં પડે.'

'તમે મને બધી પૂંછડીઓ કાપી આપશો ?' રાજીએ પૂછ્યું, 'કાકા ના પાડશે તો ય ?'

'હા, ને જો, એક વાત કહું ? તું થોડા થોડા વખતે એક એક પૂંછડી કપાવતી જા.' કાકીએ સલાહ આપી.

'સામટી જ કાપી નાખોને ! છૂટી જવાય !' રાજીને ઉતાવળ હતી.

'હું કહું એમ કર !' વાળંદકાકીએ કહ્યું, 'એ બરાબર રહેશે.' રાજીને ય શી ખબર કેમ પણ એ વાતમાં વિશ્વાસ પડ્યો. એ માની ગઈ અને વાળંદકાકીએ નરેણી લઈને રાજીની એક પૂંછડી કાપી નાખી. થોડું દરદ થયું, પણ પૂંછડીનો ભાર ઓછો થયો. એને ગમ્યું. રાજીએ પોતે પૂંછડી કપાવી એ કોઈને કહ્યું નહીં ને કોઈને ખબર ન પડી. થોડા દિવસ રહીને રાજીએ બીજી પૂંછડી કપાવી તો ય કોઈને ખબર ન પડી. પછી ત્રીજી પૂંછડી ને ચોથી પૂંછડી પણ ગઈ.

હવે રાજીને ત્રણ પૂંછડીઓ રહી. ત્યાં એક દિવસ એની માનું ધ્યાન ગયું. એના બાપને ય ખબર પડી ગઈ. રાજીએ દાદા, કાકા, મામાના નામની પૂંછડીઓ કપાવી નાખી એનો તો બહુ વાંધો નહીં પણ બાપના નામની પૂંછડી ય કપાવી એ વાતથી બાપા અને મા બે ય બહુ ખિજાયાં. બહુ દબડાવી, ધમકાવી, પાંજરે પૂરી દેવાની ચેતવણી આપી : 'હવે કાંઈ કર્યું છે તો પાંજરે પૂરી દઈશું.' પણ રાજી તો કાંઈ બચ્ચું નહોતી કે મારીવઢીને એને રોકી શકાય. માબાપ વઢતાં રહ્યાં, રાજી ત્યાંથી ભાગી ગઈ. પૂંછડીઓનો ભાર હળવો થયો એટલે રાજી તો છૂટથી દોડાદોડ કરવા માંડી. નાની, સાંકડી જગ્યાઓમાં જાય, દૂર દૂર સુધી દોડી જાય. પૂંછડીઓ ગઈ, ભાર ગયો એટલે થાક ઓછો લાગેને ? આમ હરવા-ફરવાથી રાજીની હોશિયારી વધવા માંડી, એણે વળી એક પૂંછડી કપાવી નાખી.

'હવે તારી બે જ પૂંછડીઓ રહી !' વાળંદકાકીએ પાંચમી પૂંછડી કાપી આપીને કહ્યું.

'હા. એક મારી અને બીજી મારા ….' રાજી બોલતી અટકી ગઈ, 'એ તો હું રાખીશ.' હાસ્તો, હવે રાજી યુવાન થઈ ગઈ હતી અને એને સરખેસરખો એક સાથીદાર મળી ગયો હતો. એક પૂંછડી એના નામની ય હતી રાજીને. સૌ ઉંદરડીઓને હોય એમ જ રાજીને ય હતી. રાજી ખુશ હતી એની સાથે.

'તારા સાથીદારના નામની પૂંછડી છે ને ?' વાળંદકાકીએ મરમમાં મલકીને પૂછ્યું.

'હા, બહુ સારો છે એ.' રાજીએ હસીને જવાબ આપ્યો ને દોડી ગઈ. રાજીને વાળંદકાકીના મલકવાનો અર્થ ન સમજાયો. એને લાગ્યું, વાળંદકાકી એની ખુશીમાં ખુશ છે. રાજી તો હરખાતી, હરખાતી, નાચતી, કૂદતી ફરવા માંડી.

રાજીની બહેનપણીઓને હવે ખબર પડી ગઈ કે રાજી પૂંછડીઓ કપાવે છે. એમનામાં તો કોઈમાં આવી હિંમત નહોતી. રાજીના દાદા, બાપા, કાકા, મામા, ભાઈ, બહેનપણીઓ સૌ ટોળામાં બોલવા માંડ્યાં. 'નવી નવાઈ કરીને કાંઈ ?', 'બહુ હરખ થાય છે ને કાંઈ ?', 'રાજી તો ભૈ રાજી છે, એની તો કાંઈ વાત થાય ?' રાજી પર સૌ ખિજાયાં. એમને લાગ્યું કે રાજી કુટુંબનું નાક કપાવે છે, આબરૂની ધૂળધાણી કરે છે, ને કાંઈ કાંઈ. પણ રાજી કોઈને ગણકારતી નહોતી. એ તો હવે બે પૂંછડીઓ લઈને મજાથી, ઠાઠથી દોડાદોડ કરે છે, કૂદકા મારે છે, થાંભલે ચડી જાય છે અને સીડીઓ ય ટપી જાય છે, સરરર …. ટપટપટપ …..

રાજીનો સાથીદાર પણ ઉંદરદેશનો જ હતો. એને ય તો પૂંછડીઓનો ભાર હતો. એણે જોયું કે રાજીએ પૂંછડીઓ કપાવી નાખી છે. તે ખિજાયો : 'તારી આવી હિંમત ચાલી ? તેં કોને પૂછીને કપાવી તારી પૂંછડીઓ ? જવાબ આપ મને !'

એક દિવસ ગુસ્સાથી ધૂંઆપૂંઆ થતાં એણે રાજીને પૂછ્યું.

'મારી મરજીથી. બીજા કોની મરજી ?' રાજી બોલી.

'મને પૂછ્યું ય નહિ ?' રાજીનો સાથીદાર બોલ્યો.

'પૂંછડીઓ મારી હતી, મેં કપાવી નાખી, એમાં કોઈને શું કામ પૂછવાનું ?' રાજીએ નિખાલસતાથી જવાબ આપ્યો.

'શુંઉંઉંઉં ?' રાજીના સાથીદારે બૂમ પાડી, 'મને તો પૂછવું જોઈએ ને ?'

'શું કામ પૂછું ? હું તો કહું છું તું ય કપાવી નાખ પૂંછડીઓ, બહુ સારું રહેશે.' રાજીએ વણમાગી સલાહ આપી.

'હોવે, ને મારા બાપા, દાદા, પરદાદાની આબરૂનું શું ? અમારા ભવ્ય ઇતિહાસનું શું ? પૂંછડીઓ તો અમારું ગૌરવ છે, વટ છે, આન, બાન, શાન, માન છે, અભિમાન છે.' રાજીના સાથીદારે ગળું ફુલાવીને કહ્યું.

રાજી આ સાંભળીને હસી પડી. એને હસતી જોઈને રાજીનો સાથીદાર ખિજાયો. એણે પૂંછડે પૂંછડે રાજીને ધીબેડી નાખી. એને પૂંછડીઓ ય ઝાઝી હતી ! દાંત ને નખોરિયાં ય ભર્યાં. 'મને પૂછ્યા વિના પૂંછડી કપાવી જ કેમ ?' એક જ સવાલ. આ વખતે રાજીને થયું કે એને પૂંછડીઓ હોત તો એ પણ સામી થાત. પણ પૂંછડીઓ હોત તો આવો માર ખાવાનો વખતે ય ન આવ્યો હોત ને ! રાજીએ માર ખાઈ લીધો, પણ એને ખૂબ ગુસ્સો ચડ્યો. 'બધાનાં નામની પૂંછડીઓ કપાવી નાખી. અલ્યા, એક તારા નામની રાખી છે તે નથી જોતો ? બેવકૂફ !' રાજી મનમાં બોલી, 'જોઈ લે હવે હું શું કરું છું.' તરત જ રાજી દોડી. વાળંદકાકી પાસે ગઈ.

'મને છઠ્ઠી પૂંછડી કાપી આપો, કાકી.' રાજીનો ગુસ્સો માતો ન હતો.

વાળંદકાકી ફરીથી મરમમાં મલકાયાં, 'આ પૂંછડી તો તું રાખવાની હતી ને ? ખરેખર કાપી આપું ?' એમણે હસીને પૂછ્યું.

હવે રાજીને વાળંદકાકીના એ દિવસના મલકવાનો અર્થ સમજાયો. એમને ખબર હતી કે પૂંછડીઓ કપાવવાની જિગર દેખાડનારી ઉંદરડીનો આવો વારો આવે જ. 'એવો એ' ગમે તેટલો સારો હોય, આ વાત એનાથી ન ખમાય. એમણે રાજીને વાગેલા દાંતિયાં-નખોરિયાં પર હળવેકથી ફૂંકો મારી. રાજીને સારું લાગ્યું. એનો ગુસ્સો જરા શમ્યો પણ નિશ્ચય અફર હતો તે એમને સમજાયું. નરેણી લઈને હળવેથી વાળંદકાકીએ રાજીની છઠ્ઠી પૂંછડી કાપી નાખી. દરદ તો થયું, રાજીને છઠ્ઠી પૂંછડી કપાયાનું. બહાર જ નહીં, અંદર ઊંડે ઊંડે પણ દરદ થયું. પૂંછડી કપાયાનો ઘા અને દાંતિયાં-નખોરિયાંનાં ઘા, બેયનું દરદ હતું, જલદી ન મટે એવું દરદ, છેક અંદરથી થતું દરદ ! તો ય રાજી રાજી થઈ, અને પછી તો રાજી બસ રાજી ને રાજી જ રહી.

એક પૂંછડીવાળી, બહુ પૂંછડિયા ઉંદરોના ઉંદરદેશની એક પૂંછડીવાળી રાજી.

ખરેખર રાજી, ખરેખરી રાજી, માત્ર રાજી ! રાજી ! રાજી અને રાજી !

**સૌજન્ય :** http://www.readgujarati.com/2012/04/17/saat-undardi/

# સાત પૂંછડિયા ઉંદરડીની વાર્તા

• સ્વાતિ મેઢ

[આ બાળવાર્તા નથી, પરંતુ આધુનિક રૂપકકથા છે. પંચતંત્રના પાત્રો જેવા કે ચકા-ચકી, ઉંદરડી, કૂકડી, કૂતરો વગેરેને લઈને આધુનિક સમાજની સમસ્યાઓનું તેમાં નિરૂપણ કરીને સ્વાતિબહેને એક અનોખી શૈલીનું સાહિત્ય ગુજરાતી ભાષાને આપ્યું છે. અત્રે પ્રસ્તુત તેમની વાર્તા 'ઊડી ઉગમણે દેશ' પુસ્તકમાંથી સાભાર લેવામાં આવી છે. આ વાર્તા ખૂબ લોકપ્રિય રહી છે અને તેનું ઘણી જગ્યાએ પઠન પણ થયું છે.

કુલ પાન : 198. કિંમત રૂ. 120. પ્રાપ્તિસ્થાન : આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ. 'દ્વારકેશ', રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ-380001. ફોન : +91 79 25506573.]

એક હતી ઉંદરડી. રાજી એનું નામ. રાજી ઉંદરદેશમાં રહેતી હતી. ઉંદરદેશમાં બધાં ઉંદરો જ રહે. નાના, મોટા, જાડા, પાતળા, ધોળા, કાળા, ભૂખરા, જાતજાતના ને ભાતભાતના. આ ઉંદરદેશમાં એવું કે બધા ઉંદરોને અનેક પૂંછડીઓ હોય. ઉંદરદેશમાં રિવાજ જ એવો કે બધાં ઉંદરોને એક કરતાં વધારે પૂંછડીઓ હોવી જ જોઈએ. જેને જેટલી વધારે પૂંછડીઓ એટલો એ ઉંદરનો વટ વધારે.

ઉંદર દેશના ઉંદરોને માટે પૂંછડીઓ જ એમની આન, બાન અને શાન. પૂંછડીઓ જ એમનું માન અને પૂંછડીઓ જ એમની આબરૂ. કોઈ કોઈ ઉંદરને એક પૂંછડી હોય, પણ એવા ઉંદરનું જરાય માન ન હોય. કોઈ કોઈ ઉંદર પોતાની પૂંછડીઓ કપાવી ય નાખે, પણ એવું કરવું હોય તો પોતાના હિસાબે ને જોખમે કરવાનું. વટવ્યવહારમાં એવા ઉંદરને કોઈ ન ગણે. બાકી બધા ઉંદરો પૂંછડીઓ થકી વટ મારે. પૂંછડીઓને સાચવે, સંભાળે, પૂંછડીઓના ઈતિહાસો યાદ કરીને એકબીજાને સંભળાવે. એમાં ય વળી ઉંદરડીઓ માટે તો પૂંછડીઓનું બહુ જ મહત્ત્વ. એક-બે પૂંછડીવાળી ઉંદરડીઓ બિચારી શિયાવિયાં થઈને ફરે અને વધારે પૂંછડીઓવાળી ઉંદરડી કાંઈ ગુમાન કરે, કાંઈ ગુમાન કરે કે વાત જ પૂછો મા.

આવા ઉંદરદેશની રાજી ઉંદરડીને સાત પૂંછડીઓ હતી. નાની અમથી હતી રાજી. એનું શરીર ન દેખાય એટલી એની પૂંછડીઓ દેખાય. લોકો કહે, 'વાહ ભૈ વાહ, રાજીનો તો કાંઈ વટ્ટ છે, સાત સાત પૂંછડીઓ !' રાજી ય ખુશ થાય અને ગાય,

**'હું તો રાજી ઉંદરડી મારે સાત સાત પૂંછડીઓ**
**હું તો રાજી રાજી થાઉં મારે સાત સાત પૂંછડીઓ**
**હું તો વટ્ટ મારતી જાઉં મારે સાત સાત પૂંછડીઓ,**
**મારે સાત સાત પૂંછડીઓ'**

સમય વીતતો ગયો અને રાજી મોટી થઈ.

રાજીને ફરવું બહુ ગમે. દોડવું બહુ ગમે. પણ એમાં એને એની પૂંછડીઓ નડવા માંડી. એનાથી જલદી દોડાય નહીં, સાંકડી જગ્યામાં ઘૂસી શકાય નહીં. કૂદકો ય મરાય નહીં. રાજીને પૂંછડીઓનો કંટાળો આવે. એણે એની માને પૂછ્યું :

'મા, મારે આટલી બધી પૂંછડીઓ કેમ છે ?'

મા કહે : 'એ તો હોય જ ને, બધાયને હોય. તું નથી જોતી ?'

રાજી પૂછે : 'પણ શું કામ ? એક પૂંછડીથી ન ચાલે ?'

'હોવે, એમ તો વગર પૂંછડે બાંડા ય રહેવાય. તારામાં અક્કલ નથી ? સાત પૂંછડીઓથી તારો વટ કેવો પડે છે ? એ નથી જોતી ? માએ વડછકું ભરીને કહ્યું. રાજી બોલકી હતી. એને દલીલો કરવી ગમતી'તી. એણે કહ્યું :

'મારે વટ નથી પાડવો. મારે છૂટથી ફરવું છે.'

'કાંઈ જરૂર નથી છૂટથી ફરવાની. આ તો તારા દાદા, મોટા બાપા, બાપુજી, મામા એ બધાના નામની પૂંછડીઓ છે. એને લઈને તારું માન છે, વટ છે, સમજી ? સમજ જરા, સમજ. હવે તું મોટી થઈ.' માએ રાજીને લંબાણથી સમજાવ્યું. રાજીને આ ન ગમ્યું. માનું ભાષણ પણ ન ગમ્યું ને બાપા, દાદા, મામાના નામની પૂંછડીઓ છે એ વાતે ય ન ગમી. એણે વિચાર કર્યો, 'આ પૂંછડીઓ કપાવી નખાય તો કેવું ?' એણે એની માને પૂછ્યું : 'મા, આ પૂંછડીઓ કાપી નાખીએ તો ?'

'હાય હાય શું કહે છે તું ? તને ભાન છે કે નહીં ?' માને ધ્રાસકો પડ્યો.

'પણ કોઈ કોઈ ઉંદરડા તો કપાવી નાખે છે પૂંછડીઓ !' રાજીએ દલીલ કરી.

'ઉંદરડાના વાદ કરે છે ભૂંડી ? બહુ બોલીશ તો પાંજરે પુરાવું પડશે. છાની રહે !' માએ રાજીને ચેતવી. રાજી આ વાતે હઠે ચડી. 'મારે મારી જ એક પૂંછડી જોઈએ, બીજી એકય નહીં.' એણે નક્કી કર્યું. પૂંછડી કઈ રીતે કપાવવી એ વિષે એ વિચાર કરવા માંડી. પણ રાજીને પૂંછડી કાપી કોણ આપે ? આમ તો રાજીના દાંત તીણા હતા. ધારે તે કાપી શકે, પણ એને એની પોતાની પૂંછડી કાપતાં ન ફાવે. એણે એની એક બહેનપણીને પૂછ્યું :

'એય, એક ખાનગી કામ કહું ? મને મારી પૂંછડી કાપી આપને !'

બહેનપણી કહે : 'શું ઉંઉંઉં ? હાય હાય, તું તો કેવું કેવું કહે છે, લી ? મને કહ્યું તે કહ્યું, બીજા કોઈને ના કહેતી. આવું તે કાંઈ કરાય ?' એમ કહીને રાજીની બહેનપણી એનાથી દૂર ભાગી ગઈ.

રાજી એકલી પડી. એને પોતાની પૂંછડીઓ કાપવા કોઈની મદદ તો લેવી જ પડે. કોની મદદ લેવાય ? એ વિચારવા માંડી. પૂંછડીઓનો ભાર લઈને ફરવાનો એને કંટાળો આવતો હતો. એટલે એ એક ખૂણામાં બેસી ગઈ. ઉંદર દેશનાં ઉંદરડા-ઉંદરડીઓ ચારે તરફ દોડાદોડ કરે છે. પોતાના દર ભરવા માટે વસ્તુઓ-ચીજો કાપવી, કાતરવી, ટુકડા દર ભણી ખેંચી જવાની મથામણમાં સૌ મશગૂલ છે. આ દોડાદોડમાં બહુપૂંછડિયાળા ઉંદરડાઓ, ઉંદરડીઓની પૂંછડીઓ એકબીજાની અંદર અટવાઈ જાય છે, ઉંદરડા-ઉંદરડીની પૂંછડીઓ વચ્ચે ગૂંચો પડે છે, ખેંચતાણ ચાલે છે, માંડ પૂંછડીઓ છૂટે છે અને છૂટાં થઈને બધાં પાછા દોડાદોડ શરૂ કરી દે છે. આ ભીડ, દોડાદોડ, ધમાચકડી વચ્ચે રાજી ઉંદરડી એકલી ખૂણામાં બેઠી છે. વિચાર કરે

**(અનુસંધાન પાન 31 પરે)**

## ગુજરાતી સાહિત્ય અકાદમીની વેબસાઈટ

**(WWW.GLAUK.ORG <http://www.glauk.org/> )**

વિલાયત સ્થિત 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ની સ્થાપના 12 ફેબ્રુઆરી 1977ના થઈ હતી. તેને હવે 36 વર્ષ થયાં. આ વરસો એટલે વણઝારાની રઝળપાટ ! તેની પોઠમાં અનેકો આવ્યા અને અનેકો પોતાનો મુકામ આવતા ચાલી નીકળ્યા … આ છત્રીસ 'પના'ના અનુભવે, અકાદમી આજે ય અદકેરાં કામો કરતી રહી છે. અકાદમીને સતત હૂંફટેકો દેનાર સૌને, દરેકને, સહૃદય વધાઈ.

ગુજરાતી સાહિત્ય, ભાષા અને સંસ્કાર - સંસ્કૃતિનો આમ પ્રજામાં કોઈ પણ પ્રકારના વર્ણ, ધર્મ, જ્ઞાતિ, પંથ, જાતિ અથવા રાષ્ટ્રીયતાના ભેદ વગર પ્રચાર-પ્રસાર કરવો ને કરાવવો એ અકાદમીનો મુખ્ય હેતુ રહ્યો છે. સાડા ત્રણ દાયકાનાં પટ ઉપર અકાદમીએ સાહિત્ય, ભાષા અને સંસ્કૃતિના પ્રચાર અને પ્રસારના કાર્ય ઉપરાંત નવ ભાષા-સાહિત્ય પરિષદો યોજી, "અસ્મિતા"નાં પ્રકાશનો સમેત ડાયસ્પોરિક સમ્પાદનો કર્યા – આ અને આવી પ્રવૃત્તિઓને લીધે ગુજરાતમાં ને દરિયાપાર અકાદમીને બિરદાવામાં આવી રહી છે.

આજના આ વિજાણું યુગમાં અકાદમીની નજર, ઈલેક્ટ્રોનિક તથા સોશિયલ પ્રચાર-પ્રસારના સમૂહ-માધ્યમો મારફતે વધુ ને વધુ વિશ્વક બની, વિલાયત અને અન્ય દેશાવરી ડાયસ્પોરિક સાહિત્યને તળ ગુજરાતનાં મુખ્ય પ્રવાહ સાથે જોડવા પર ઠરી છે. 36મી વર્ષગાંઠ(12/2/2013)ના અવસરે, પંચમભાઈ શુક્લ અને નીરજભાઈ શાહના સહકારે, અકાદમીને એની પોતીકી વેબસાઈટ www.glauk.org સાંપડી છે જેને જાહેર જનતા સમક્ષ ખુલ્લી મૂકતાં અકાદમી હર્ષની લાગણી અનુભવે છે. સાહિત્યકારો, ભાષા શિક્ષકો/વિદ્યાર્થીઓ, સ્નેહીઓ અને ગુજરાતી લખતી - વાંચતી - સમજતી - જીવતી કોમ આ વેબસાઈટના કોડિયામાં તેલ પૂરતાં રહેશે એવા ઊજળા અકાદમીને ઓરતા છે.

પ્રકાશક : Vipool Kalyani, 'Holly Cottage', 13 Ferring Close, HARROW, Middlesex HA2 0AR [U.K.] · [26.02.2013]